દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૫ ▪ Volume 69 ▪ Issue 23 ▪ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૧૦ ▪ મુંબઈ ▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ 28 January 2026, Wednesday ▪ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨૮ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત-યુરોપમાં ઐતિહાસિક વેપાર કરાર



આ માત્ર વેપાર કરાર નથી પણ સમૃદ્ધિમાં ભાગીદારીની નવી બ્લૂ પ્રિન્ટ છે. ભારત-ઈયુ વૈશ્વિક વ્યવસ્થાને સ્થિરતા બક્ષશે...જગતના સારા માટે ભારત અને ઈયુ વચ્ચે સહકાર સધાયો છે.
- વડા પ્રધાન નરેન્દ્ર મોદી

- ટ્રમ્પને સણસણતો જવાબ
- કાપડ, ચામડાં, જૅમ્સ અને જ્વેલરી જેવાં ક્ષેત્રને મોટો લાભ થશે
- સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધશે
- ઈલેક્ટ્રોનિક પૅમેન્ટ સરળ બનશે
- અત્યાધુનિક ટૅક્નોલૉજી મળશે
- વિદ્યાર્થીઓ, પ્રૉફેશનલ્સની અવર-જવર વધશે

નવી દિલ્હીઃ ભારત અને યુરોપ વચ્ચે મંગળવારે મુક્ત વેપાર કરાર કરાયા હતા. આ ઐતિહાસિક વેપાર કરારને 'મધર ઑફ ઑલ ડીલ્સ' ગણવામાં આવે છે અને તેને લીધે કાપડ, ચામડાં, દરિયાઇ ઉત્પાદનો, જૅમ્સ અને જ્વેલરી જેવાં ક્ષેત્રને મોટો લાભ થવાની આશા રખાય છે. આ સાથે જ ટૅરિફને નામે ટેરર ફેલાવી રહેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ભારત અને ઇયુએ સણસણતો જવાબ આપ્યો છે.

ભારતને યુરોપના દેશોની અત્યાધુનિક ટૅક્નોલૉજી મળશે. ભારતની પરંપરાગત ઔષધોથી ઉપચાર કરનારા લોકો માટે યુરોપના દેશોમાં મેડિકલ પ્રૅક્ટિસ કરવી સરળ બનશે. આ ઉપરાંત, ભારત-યુરોપિયન યુનિયન (ઇયુ) વચ્ચે ઇલેક્ટ્રોનિક માધ્યમથી નાણાંની ચુકવણી સહેલી બનશે.

આમ છતાં, ભારતે યુરોપિયન યુનિયનની સાથે કરાર કરતી વખતે પોતાના ડેરી, જાડાં ધાન્ય, શાકભાજી, ફળ, સોયાબીનના ખોળ જેવાં ક્ષેત્રે પોતાના હિતનું ખાસ ધ્યાન રાખ્યું છે.

વૉશિંગ્ટને અનેક દેશ પરની ટૅરિફમાં કરાયેલા વધારાને પગલે દુનિયાના ઘણાં દેશોમાં વેપાર ક્ષેત્રે અનિશ્ચિતતા જોવા મળી રહી છે ત્યારે ભારત અને યુરોપિયન યુનિયન (ઇયુ)ની વચ્ચે આ મુક્ત વેપાર કરાર થયા હતા.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુરોપના ૨૭ દેશના સંગઠનનાં નેતા ઉર્સુલા વૉન ડેર લેયેન અને એન્ટોનિયો કોસ્ટા સહિતના યુરોપના અગ્રણી નેતાઓ સાથેની શિખર મંત્રણા બાદ જણાવ્યું હતું કે આ માત્ર વેપાર કરાર નથી, પરંતુ તે સમૃદ્ધિ તરફ દોરી જતી નવી રૂપરેખા છે.

ભારત અને યુરોપિયન યુનિયનની વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે વ્યૂહાત્મક ભાગીદારીના કરાર અને વિદ્યાર્થીઓ,

(જુઓ પાનું ૨) ▶▶

## સાત ફાયદા

ભારત અને યુરોપિયન યુનિયન (ઇયુ) વચ્ચેના મુક્ત વેપાર કરારના સાત ફાયદા નીચે મુજબ છેઃ

(૧) ભારતની નિકાસ વધશેઃ

યુરોપમાં કાપડ, કપડાં, ચામડાં, જૅમ્સ-જ્વેલરી, ઇજનેરી સામાન પરની ટૅરિફ ઘટશે અને તેની નિકાસમાં ૨૦૩૧ સુધીમાં પચાસ અબજ ડૉલરનો વધારો થવાની આશા રખાય છે.

(૨) પચાસ કરોડ યુરોની મદદઃ

યુરોપિયન યુનિયન ભારતમાં ગ્રીનહાઉસ ગૅસ ઉત્સર્જન ઘટાડવા અને ગ્રીન ટ્રાન્ઝિશનમાં પચાસ કરોડ યુરોની મદદ કરશે. તેને લીધે ભારતના ગ્રીનહાઉસ સેક્ટરને સહાય મળશે.

(૩) ભારતીય ઉત્પાદનો યુરોપમાં સસ્તાં થશેઃ

ભારતીય પ્રૉડક્ટ્સ યુરોપમાં સસ્તી થશે અને તે યુરોપની બજારોમાં ચીન, બાંગ્લાદેશ, વિયેતનામ જેવા દેશોની સાથે સારી સ્પર્ધા કરી શકશે.

(૪) ભારતમાં રોકાણ વધશેઃ

ભારતમાં યુરોપના દેશો મોટા પાયે રોકાણ કરશે. જર્મની, ફ્રાંસ, ઇટલી જેવા દેશોની કંપનીઓ ભારતમાં રોકાણ વધારશે. તેને લીધે સૅમિકન્ડક્ટર્સ,

(જુઓ પાનું ૨) ▶▶

# અચ્છા ચલતા હૂં...અરિજિત સિંહ રિટાયર



નવી દિલ્હીઃ અરિજિત સિંહે સોશ્યલ મીડિયા 'ઇન્સ્ટાગ્રામ' પર એક ભાવુક પૉસ્ટ કરીને પ્લૅબૅક સિંગિંગ છોડવાની જાહેરાત કરી હતી અને જણાવ્યું હતું કે હું આ નવા વર્ષથી ગીત ગાવાના નવા અસાઇનમેન્ટ નહિ લઉં.

અરિજિતની આ જાહેરાત સામે તેના ચાહકો અને મ્યૂઝિક ઇન્ડસ્ટ્રીએ નારાજગી વ્યક્ત કરી હતી.

ગાયકે પૉસ્ટમાં લખ્યું હતું કે નમસ્તે. તમને બધાને નવા વર્ષની શુભકામના. મને વર્ષોથી શ્રોતાઓનો પ્રેમ મળી રહ્યો છે. તેના માટે તમારા બધાનો આભારી છું. મને એ જણાવતા આનંદ થાય છે કે હું હવેથી પ્લૅબૅક સિંગિંગનું નવું કામ નહિ લઉં. મારી સફર ઘણી સારી રહી હતી.

અરિજિત સિંહે રૉમેન્ટિક, દરદથી ભરેલા, સૂફી અને દેશભક્તિના અનેક ગીત ગાયા છે. ફિલ્મ 'આશિકી-ટૂ'ના ગીત 'તુમ હી હો'થી તેની લોકપ્રિયતામાં ઘણો વધારો થયો હતો. તેણે હિંદી ઉપરાંત બંગાળી, તમિળ, તેલુગુ, મરાઠી અને કન્નડ ભાષામાં પણ ગીત ગાયા છે. તેણે ૩૦૦થી વધુ ફિલ્મોમાં ગીત ગાયા છે.

અરિજિત સિંહની કારકિર્દીનો પ્રારંભ રિયલિટી શૉ 'ફેમ ગુરુકુળ'થી થયો હતો.

# ચાંદી ઝાલી ઝલાતી નથીઃ ૨૬,૮૫૯ રૂપિયા વધ્યા

## સોનામાં પણ જબરી તેજી, ૪૫૯૧ વધીને ૧.૫૯ લાખ રૂપિયાની પાસે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની નીતિવિષયક અનિશ્ચિતતાઓ ઉપરાંત અમેરિકા-ઈરાન વચ્ચેનાં ભૂરાજકીય તણાવમાં વધારો થતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સલામતી માટેની વ્યાપક માગ જળવાઈ રહેતાં હાજર ભાવમાં અનુક્રમે ૧.૬ ટકાનો અને ૮.૪ ટકાનો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૬,૮૫૯નો તોતિંગ ઉછાળો આવ્યો હતો, જ્યારે સોનું ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૯૧ ઝળક્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે પણ વૈશ્વિક બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં તેજીનું વલણ રહ્યું હતું. જોકે, ગઈકાલે સ્થાનિક બજાર પ્રજાસત્તાક દિન નિમિત્તે બંધ રહી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૬,૮૫૯ના ઉછાળા સાથે રૂ. ૩,૪૪,૫૬૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી સ્ટોકિસ્ટો, ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજીનું વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ રૂ. ૪૫૭૩ વધીને રૂ. ૧,૫૮,૨૬૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૫૯૧ વધીને રૂ. ૧,૫૮,૯૦૧ની સપાટીએ રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ માત્ર રોકાણલક્ષી છૂટીછવાઈ માગને બાદ કરતાં સાર્વત્રિક સ્તરેથી માગ શાંત હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬ ટકા વધીને ઔંસદીઠ ૫૦૯૨.૦૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે ભાવ વધીને ૫૧૧૦.૫૦ ડૉલરની સર્વોચ્ચ સપાટી સુધી પહોંચ્યા હતા અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૫૦૮૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૮.૪ ટકા ઉછળીને ઔંસદીઠ ૧૧૨.૫૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ચાંદીના ભાવ વધીને ઔંસદીઠ ૧૧૭.૬૯ ડૉલર સુધી પહોંચ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને તેના વહીવટીતંત્રની નીતિવિષયક અનિશ્ચિતતાઓ અને ઈરાન સામે લશ્કરી કાર્યવાહીની ચિંતાને કારણે સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગમાં વધારો થયો હોવાનું માર્કેટપ્લસનાં વિશ્લેષક ઝેઈન વાવદાએ જણાવતાં ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૬માં અમેરિકાની નીતિવિષયક અનિશ્ચિતતા અને ભૂરાજકીય તણાવને કારણે સોનામાં સલામતી મટેની માગને ટેકે ભાવમાં ૧૮ ટકાનો અને ચાંદીના ભાવમાં ૫૦ ટકાનો ઉછાળો આવ્યો છે.

દરમિયાન અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે



**હિમવર્ષાઃ** જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં મંગળવારે હિમવર્ષા થયા બાદ નેશનલ હાઈવે પર ચાંપતી નજર રાખી રહેલી જમ્મુ-કાશ્મીર પોલીસ (એજન્સી)

# શંકરાચાર્ય વિશે એલફેલ બોલનાર મમતા કુલકર્ણીને કિન્નર અખાડાએ હાંકી કાઢી



નવી દિલ્હીઃ બિન્ધાસ્ત અને વિવાદાસ્પદ નિવેદનોને કારણે ભૂતપૂર્વ અભિનેત્રી અને સાધ્વી મમતા કુલકર્ણી ફરી એકવાર ચર્ચામાં છે. પ્રસારમાધ્યમ સાથેની વાતચીત દરમિયાન મમતાએ ધર્મ, રાજકારણ અને સંત સમાજ સાથે સંકળાયેલા અનેક મુદ્દાઓ અંગે પ્રતિક્રિયા આપી હતી. મમતાએ અવિમુક્તેશ્વરાનંદ, મહામંડલેશ્વર, બોલિવૂડ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી અને સમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવ સહિતના લોકો અંગે ખૂલીને પોતાનો અભિપ્રાય આપ્યો હતો. આને પગલે મમતાની કિન્નર ખાડામાંથી હકાલપટ્ટી કરાઈ છે.

અવિમુક્તેશ્વરાનંદ અંગે સવાલ ઉઠાવતાં તેણે કહ્યું હતું કે શંકરાચાર્યપદે તેમની નિમણૂક કોણે કરી?. કરોડો લોકોની વચ્ચે રથ લઈને નીકળવાની શું જરૂર હતી એમ જણાવી મમતાએ આક્ષેપ કર્યો હતો કે શંકરાચાર્યને કારણે જ તેમના શિષ્યોએ મારપીટનો સામનો કરવો પડ્યો હતો. રાજા હોય કે રંક તમામે કાયદાનું પાલન કરવાનું રહે છે એમ જણાવી મમતાએ કહ્યું હતું કે કોઈએ અહંકાર ન કરવો જોઈએ. મહામંડલેશ્વર પર પ્રહાર કરતાં મમતાએ કહ્યું હતું કે દસમાંથી નવ મહામંડલેશ્વર અને શંકરાચાર્ય ખોટા હોય છે અને તેમને શૂન્ય જ્ઞાન હોય છે. ■

# ભારતના ઊર્જા ક્ષેત્રમાં ૫૦૦ અબજ ડૉલરના રોકાણની તકઃ મોદી

બેતુલ (ગોવા)ઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે દેશ સુધારાઓને વેગ આપી રહ્યો છે અને ઊર્જા સુરક્ષાથી ઊર્જા સ્વતંત્રતા તરફ આગળ વધી રહ્યો હોવાથી ભારતનું ઉર્જા ક્ષેત્ર ૫૦૦ અબજ ડોલરના રોકાણની તકો પ્રદાન કરે છે.

વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા ઇન્ડિયા એનર્જી વીક ૨૦૨૬ના ઉદ્‌ઘાટન સમારંભને સંબોધતા, તેમણે કહ્યું કે સીમાચિહ્નરૂપ સુધારાઓ અને તેલ અને ગેસ શોધવા અને ઉત્પાદન માટે એક મિલિયન ચોરસ કિલોમીટર વિસ્તાર ખોલ્યા પછી, અપસ્ટ્રીમ ક્ષેત્રમાં દાયકાના અંત સુધીમાં સો અબજ ડોલરનું રોકાણ લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જ્યારે ડાઉનસ્ટ્રીમમાં, રાષ્ટ્ર વિશ્વનું સૌથી મોટું તેલ શુદ્ધિકરણ કેન્દ્ર બનવાનું લક્ષ્ય ધરાવે છે.

૨૦૩૦ સુધીમાં ઊર્જા બાસ્કેટમાં કુદરતી ગેસનો હિસ્સો બમણાથી વધુ ૧૫ ટકા કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્ય એલએનજી અને પાઇપલાઇન્સમાં તકો ઊભી કરશે, જ્યારે વધતી જતી અર્થવ્યવસ્થા પેટ્રોકેમિકલ ઉત્પાદનોની માંગને વેગ આપશે, એમ તેમણે જણાવ્યું હતું.

''આજે, ભારત ઊર્જા ક્ષેત્ર માટે પુષ્કળ તકોનો દેશ છે,'' એમ એમણે જણાવ્યું હતું.

તેમણે નોંધ્યું હતું કે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે, ભારતની ઊર્જા ઉત્પાદનોની માગ સતત વધી રહી છે અને વૈશ્વિક માગને પહોંચી વળવા માટે તકો પણ ઊભી કરી રહી છે. ■



**પ્રદર્શનઃ** આસામના સોનિતપુર જિલ્લાના તેઝપુર ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપ યોજવામાં આવેલા આર્મ્સ ઍન્ડ એમ્યુનિશન એક્ઝિબિશન દરમિયાન જુદા જુદા શસ્ત્રોનું પ્રદર્શન કરી રહેલા ભારતીય સેનાના અધિકારીઓ. (એજન્સી)

# એલઓસીમાં તારની વાડ બરફ હેઠળ દબાતાં ચિંતા

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસથી થઈ રહેલી ભારે હિમવર્ષાએ એલઓસી પાસેના વિસ્તારોમાં ભયંકર વિનાશ વેર્યો છે. ખાસ કરીને સૈન્ય પ્રતિષ્ઠાનો અને સૈનિકો તેનો શિકાર બની રહ્યા છે. ઘૂસણખોરોને રોકવા ઊભી કરવામાં આવેલી તારની વાડ પણ અનેક જગ્યાએ બરફ નીચે દબાઈ ગઈ છે. આ કારણે સૈનિકોએ મોસમને કારણે નિર્માણ પામેલી ભયાનક પરિસ્થિતિમાં સાવધાની અને સતર્કતા વધારવી પડી છે.

સેનાના પ્રવક્તાનું કહેવું છે કે હિમવર્ષાને કારણે કેટલું નુકસાન થયું છે તેનો અંદાજ લગાડવો હાલ મુશ્કેલ છે, કેમ કે એલઓસીના ઊંચાઈવાળા વિસ્તારમાં હજુ હિમવર્ષા ચાલુ જ હોવાને કારણે સેનાના જવાનો હજુ સુધી ત્યાં સુધી પહોંચી નથી શક્યા. આ પરિસ્થિતિનો લાભ લઈને ઘૂસણખોરો ઘૂસણખોરીનો પ્રયાસ કરતા હોવાને કારણે તેમ જ ભારતીય સેના કોઈ જોખમ લેવા માગતી નહોતી. દુશ્મન ચાલાક અને ચતુર હોવાને કારણે ઘૂસણખોરી માટે આ પ્રકારની તકની રાહત જોતા હોવાથી સતર્ક અને સાવધાની વર્તવું સેનાની મજબૂરી બની ગઈ છે. આ કારણે જ જે વિસ્તારમાં સેનાની ચોકી અનેક ફૂટ બરફની નીચે દબાઈ ગઈ હોવા છતાં ત્યાંથી જવાનોને હટાવવાનો વિચાર પણ નથી કરતી. ■

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુરોપિયન યુનિયન સાથે કરારથી ભારતને ફાયદો જ ફાયદો

**ભારત** અને યુરોપિયન યુનિયન(ઇયુ) વચ્ચે અંતે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) એટલે કે મુક્ત વ્યાપાર કરાર પર સહીસિક્કા થઈ ગયા. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાની હાજરીમાં થયેલા આ કરારના કારણે ભારત અને યુરોપ વચ્ચેના સંબંધોમાં તો એક નવા પ્રકરણની શરૂઆત થશે જ પણ વૈશ્વિક સ્તરે પણ નવાં સમીકરણો રચાશે. યુરોપિયન યુનિયન (ઇયુ) વિશ્વનો સૌથી મોટો ટ્રેડ બ્લોક એટલે કે વ્યાપાર સમૂહ છે જ્યારે ભારત પાસે વિશ્વનું સૌથી મોટું બજાર છે.

ભારતની વસતી લગભગ ૧૫૦ કરોડ છે અને યુરોપિયન યુનિયનની વસતી ૫૦ લાખની આસપાસ છે એ જોતાં બંને એક સાથે થાય તેનો મતલબ એ કે, બંને દેશોની કંપનીઓ માટે ૨૦૦ કરોડ લોકોનું તોતિંગ માર્કેટ ઉપલબ્ધ થશે તેથી દુનિયાનાં આર્થિક સમીકરણો જ બદલાઈ જશે. વિશ્વના વસતી અને જીડીપી બંનેના ૨૫-૨૫ ટકાને આવરી લેતા આ કરારના કારણે બંને દેશો જબરદસ્ત ફાયદામાં રહેશે. આ કરારના કારણે કેટલી રોજગારી ઊભી થશે ને કોને કરવેરાની કેટલી આવક થશે તેનો અંદાજિત ડેટા અપાયો છે પણ એ બધામાં નિવડ્યે વખાણ થાય એ જોતાં તેની વાત કરવાનો મતલબ નથી પણ બંનેને આર્થિક રીતે જબરદસ્ત ફાયદો છે તેમાં મીનમેખ નથી.

ભારત અને યુરોપિયન યુનિયનના કરારથી અમેરિકાનાં વરસોના એકહથ્થુ વર્ચસ્વને પણ પડકાર મળશે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ લુખ્ખી દાદાગીરી કરીને ટૅરિફના હથિયારથી આખી દુનિયાની મેથી મારી રહ્યા છે ત્યારે વિશ્વમાં લોકશાહીને વરેલા સૌથી મોટા દેશ એવા ભારત અને લોકશાહી દેશોના સમૂહ એવા યુરોપિયન યુનિયને અમેરિકાની ઐસીતૈસી કરીને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરીને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, દુનિયા અમેરિકા પૂરતી મર્યાદિત નથી અને અમેરિકાના ઈશારે દુનિયા નાચતી એ દિવસો પૂરા થઈ ગયા છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના આર્થિક સંબંધો મજબૂત થાય તેના કારણે દુનિયાના બીજા દેશોને પણ પ્રેરણા મળશે અને અત્યારે અમેરિકા પર નિર્ભર દેશો અમેરિકા સિવાયના વિકલ્પો વિશે વિચારતા થઈ જશે.

જો કે ભારત અને યુરોપિયન યુનિયન બંનેએ આ કરાર માટે અમેરિકા અને ખાસ તો ડોનલ્ડ ટ્રમ્પનો આભાર માનવો જોઈએ કેમ કે ટ્રમ્પે ભારત અને યુરોપિયન યુનિયન બંનેની મેથી મારવાનો કાર્યક્રમ પૂરજોશમાં ચાલુ ના કર્યો હોત તો આ કરાર ના થયો હોત. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીન્ટ અંગે વાટાઘાટો છેક ૨૦૦૭માં શરૂ થઈ હતી અને છેલ્લાં ૧૯ વર્ષથી ઘમ્મરવલોણું ચાલતું હતું પણ માખણ નીકળતું જ નહોતું. ડો. મનમોહનસિંહની સરકારે યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડર એગ્રીમેન્ટ માટે દિલથી પ્રયત્નો કરીને ઉપરાછાપરી બેઠકો કરેલી . સળંગ છ વર્ષ સુધી વાટાઘાટો ચાલી પણ કશું ના નિપજ્યું એટલે ૨૦૧૩માં વાટાઘાટો સ્થગિત ગઈ હતી. તેનું મુખ્ય કારણ ભારતનાં ખેડૂતોનાં હિતો હતાં.

યુરોપિયન યુનિયન ઇચ્છતું હતું કે ભારત તેના કૃષિ અને ડેરી ક્ષેત્રને યુરોપની કંપનીઓ માટે ખોલે પણ મનમોહનસિંહની સરકાર એ માટે તૈયાર નહોતી. ભારતના ખેડૂતોને તેના કારણે નુકસાન થાય તેથી મનમોહનસિંહની સરકારે વાત જ પડતી મૂકી દીધી. યુરોપિયન યુનિયન પોતાના વાઈન અને કાર પર ટેક્સ ઘટાડવાની વાત પર અડેલું ને ભારતે દારૂ અને કાર પરના કર ઘટાડવાની માગણીઓ સ્વીકારવાનો પણ ઇનકાર કર્યો તેમાં પણ ડખો પડેલો. યુરોપિયન યુનિયને પોતાની ૯૫ ટકાથી વધુ નિકાસ પર ટૅરિફ નાબૂદ કરવાની માગ મૂકેલી પણ ભારતને આ માગણી મંજૂર નહોતી તેથી ટેબ્લો પડી ગયો.

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી મોદી શરૂઆતનાં વરસોમાં ડોનલ્ડ ટ્રમ્પના ખોળામાં બેસી ગયેલા. ટ્રમ્પને ડીયર ફ્રેન્ડ ગણાવવાથી અમેરિકા ભારત પર રીઝી જશે એવી મોદીની ધારણા હતી પણ ટ્રમ્પે દોસ્તીની ઐસીતૈસી કરીને ભારતની બજાવવા માંડી પછી મોદી સાહેબને ભાન થયું કે, અમેરિકા સાથે મેળ નહીં પડે એટલે તેમણે બીજા વિકલ્પો વિશે વિચારવાનું શરૂ કર્યું તેમાં યુરોપિયન યુનિયન સાથે ૨૦૨૧માં વાટાઘાટો ફરી શરૂ થઈ. છેલ્લાં ૫ વર્ષથી વાટાઘાટો ચાલતી હતી ને અત્યાર સુધીમાં ૧૪ બેઠકો યોજાઈ હતી.

આ બેઠકોમાં કશું નક્કર નિપજ્યું નહોતું કેમ કે યુરોપીયન યુનિયન પોતાની જૂની વાતોને વળગી રહેલું. ભારતનાં નસીબ પાધરાં કે, ૨૦૨૪માં પપુધધૂ ડોનલ્ડ ટ્રમ્પની વ્હાઈટ હાઉસમાં ફરી પધરામણી થઈ ને ટ્રમ્પે બીજી ઈનિંગમાં કોઈને ના છોડ્યા. દોસ્ત હોય કે દુશ્મન, ટ્રમ્પે ટૅરિફની ચાબૂકથી બધાંને બેહાલ કરી નાખ્યા. ભારતનો વારો તો બહુ પહેલાં જ આવી ગયેલો પણ છેલ્લે છેલ્લે યુરોપિયન યુનિયનનો પણ વારો પડી ગયો એટલે યુરોપિયન યુનિયનના નેતા બધી મમત મૂકીને ભારત દોડી આવ્યા ને મધર ઓફ ઓલ ડીલ કરી નાંખ્યું.

આ કરારથી બંનેને ફાયદો થશે એવું અત્યારે તો લાગી રહ્યું છે. ટ્રમ્પની લુખ્ખાગીરીના કારણે ભારતને નિકાસમાં ફટકો પડ્યો છે એ યુરોપિયન યુનિયન સાથે વ્યાપાર વધશે તેથી સરભર થઈ જશે એવું લાગે છે. યુરોપિયન યુનિયન ભારતીય કપડાં, ફૂટવેર અને ચામડાનાં ઉત્પાદનો પરની ડ્યૂટી નાબૂદ કરી દેવાનું છે તેથી ભારત થોકબંધ પ્રમાણમાં માલ ઠાલવી રાખશે. એ જ રીતે દવાની મંજૂરી માટેના નિયમો સરળ બનતાં ભારતના ફાર્મા અને કેમિકલ ક્ષેત્રનો માગ વધશે. અત્યારે તો એવી અપેક્ષા રખાય છે કે, ફાર્મા અને કેમિકલનો બિઝનેસ જ દર વર્ષે ૩૦ ટકા વધી શકે છે.

ભારતને યુરોપના કાર્બન ટેક્સમાંથી રાહત મળશે તેથી સ્ટીલ, એલ્યુમિનિયમ અને હાઇડ્રોજન જેવાં ક્ષેત્રોને ફાયદો થશે. ફ્રાન્સ અને જર્મની જેવા દેશો ભારતમાં ડિફેન્સ ફેક્ટરીઓ સ્થાપી શકશે તેથી ભારતમાં જંગી પ્રમાણમાં રોજગારી પેદા થશે અને સરકારને ટેક્સની આવક પણ વધશે. ભારતે હવે અમેરિકા સહિતના દેશો પર સંરક્ષણ માટે નિર્ભર નહીં રહેવું પડે એ પણ ફાયદો છે. યુરોપિયન યુનિયનના દેશોના ભારતમાં રોકાણથી ભારતમાં વિદેશી હૂંડિયામણ પણ વધશે ને ભારતની નિકાસ પણ વધશે તેથી ભારતનું અર્થતંત્ર મજબૂત થશે. ભારતીયો માટે યુરોપના દરવાજા ખૂલશે એ પણ મોટો ફાયદો છે.

યુરોપિયન યુનિયનના દેશોને પણ આ કરારથી મોટો ફાયદો છે જ. આ કરારથી ભારતમાં યુરોપિયન વાઇન, કાર અને ઔદ્યોગિક ઉત્પાદનો સસ્તાં થઈ જશે કેમ કે ભારત આ ઉત્પાદનો પરના ભારે કર ઘટાડવા રાજી થયું છે. અત્યારે ભારતમાં મર્સીડિઝ, બીએમડબલ્યુ સહિતની લક્ઝુરિયસ કાર્સ પર ૧૧૦ ટકા ટેક્સ લાગે છે,. ભારત તેને તબક્કાવાર રીતે ઘટાડીને ૧૦ ટકા સુધી લાવી દેશે તેથી ભારતમાં લક્ઝુરિયસ કાર્સ અત્યારે મળે છે તેના અડધા ભાવે મળતી થઈ જશે. ભારતમાં કાર ખરીદનારો મોટો વર્ગ ૨૦ લાખ રૂપિયાથી ઓછી કાર ખરીદનારો હોવાથી ભારતીય કંપનીઓને કોઈ નુકસાન નથી કેમ કે યુરોપ અને ભારત કાર બજારમાં એકબીજાની હરીફાઈમાં જ નથી. આ સિવાય યુરોપિયન આઇટી, એન્જિનિયરિંગ, ટેલિકોમ અને બિઝનેસ સર્વિસ કંપનીઓને ભારતમાં વધુ કામ મળશે તેથી તેમની કમાણી પણ વધશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, બુધવાર, તા. ૨૮-૧-૨૦૨૬, લાલા લજપતરાય જયંતી, ભક્ત પુંડલિક ઉત્સવ

- ભારતીય દિનાંક ૮, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૦મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃતિકા સવારે ક. ૦૯-૨૬ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૩, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ રાત્રે ક. ૨૦-૪૧,
- ઓટઃ બપોરે ક. ૧૩-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૫ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માઘ શુક્લ – દસમી. લાલા લજપતરાય જયંતી, ભક્ત પુંડલિક ઉત્સવ (પંઢરપુર), ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૬ (તા. ૨૯).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન, બુધ-સૂર્ય દેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, ઉંબરાના વૃક્ષનું પૂજન, ઘરના ઉંબરાનું વિશેષરૂપે પૂજન કરવું. શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, પશુ લેવડદેવડ, ખેતીવાડી, માલ વેંચવો.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ સાહસિક, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ મતલબી, ચંદ્ર-બુધ ત્રિકોણ ચપળ મન, ચંદ્ર-શુક્ર ત્રિકોણ પ્રવાસી.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૨૯), ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૨૯)

- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ભારત-ઈયુ કરારના ૧૫ મહત્ત્વના મુદ્દા

નવી દિલ્હીઃ ભારત અને યુરોપિયન યુનિયન (ઇયુ)ની વચ્ચે થયેલા મુક્ત વેપાર કરારના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે. તેનો અમલ આવતા વર્ષથી થવાની આશા રખાય છે.

(૧) વિશ્વના સૌથી મોટા અર્થતંત્રમાં ભારત ચોથા ક્રમે અને યુરોપિયન યુનિયન બીજા ક્રમે છે અને તેઓનું કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) દુનિયાની જીડીપીના પચીસ ટકા છે.

(૨) ભારતની ૯૯ ટકા નિકાસને યુરોપની બજારમાં પ્રિફરેન્શલ એન્ટ્રી (ખાસ પસંદગી દ્વારા પ્રવેશ) મળશે.

(૩) લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટે નવી તક ઊભી થશે અને મહિલાઓ, કલાકારો, યુવાનો તેમ જ વ્યાવસાયિકો માટે રોજગારી વધશે.

(૪) કાપડ, ચામડાં, દરિયાઇ ઉત્પાદનો, જૅમ્સ અને જ્વેલરી જેવા ક્ષેત્રને નિકાસ વધારવામાં લાભ થશે. આવા ક્ષેત્ર દ્વારા થતી અંદાજે ૩૩ અબજ ડૉલરના માલસામાનની નિકાસ પરની ટૅરિફ કરારના અમલના પ્રથમ દિવસથી જ ૧૦ ટકાથી ઘટાડીને શૂન્ય કરાશે.

(૫) યુરોપિયન યુનિયનમાંના વાહન-ઉત્પાદકો પોતાના મોંઘાં વાહનો ભારતમાં વેચવા મોટી સંખ્યામાં લાવી નહિ શકે, પરંતુ તેઓ ભારતમાં તેનું ઉત્પાદન કરીને નિકાસ કરી શકશે.

(૬) ભારતીય ગ્રાહકોને યુરોપના અત્યાધુનિક ટૅક્નોલૉજી ધરાવતાં ઉત્પાદનો મળશે અને સ્પર્ધા વધશે.

(૭) ભારતના વાહન-નિર્માતાઓ માટે યુરોપિયન યુનિયનની બજાર ખુલ્લી મુકાશે.

(૮) ભારતે હોશિયારી વાપરીને ડેરી, જાડા ધાન્ય, પોલ્ટ્રી, સોયાબીનના ખોળ, ફળો, શાકભાજી જેવા સંવેદનશીલ ક્ષેત્રના હિતનું ધ્યાન રાખ્યું છે.

(૯) ભારતના કૌશલ્યવાળા લોકો માટે યુરોપમાં તક વધશે. બિઝનેસ વિઝિટર્સ, ઇન્ટ્રા-કોર્પોરેટ ટ્રાન્સફરીસ (આઇસીટી)ની અવરજવર વધશે તેમ જ તેઓના પરિવારોના સભ્યોને પણ વિદેશમાં કામ (નોકરી) કરવા મળશે.

(૧૦) ભારતના સર્વિસ સેક્ટર (સેવા ક્ષેત્ર) માટે યુરોપનાં બજારો વધુ ખૂલશે અને ત્યાં વેપારમાં ભેદભાવ નહિ રખાય.

(૧૧) ભારતીયો માટે યુરોપિયન યુનિયનના ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજી (માહિતી તંત્રજ્ઞાન- આઇટી), વ્યાવસાયિક સેવા (પ્રૉફેશનલ્સ સર્વિસ), શિક્ષણ જેવા ૧૪૪ પેટા-ક્ષેત્ર (સબ-સેક્ટર)માંની તક વધશે.

(૧૨) યુરોપના દેશોનું ભારતમાં રોકાણ વધશે.

(૧૩) સોશ્યલ સિક્યોરિટી એગ્રીમેન્ટ્સ દ્વારા ભારતીય કર્મચારીઓને લાભ મળશે.

(૧૪) ભારતમાં પરંપરાગત ઔષધથી મેડિકલ પ્રેક્ટિસ કરતા લોકો યુરોપના દેશોમાં પણ કામ કરી શકશે.

(૧૫) ભારત અને યુરોપના દેશોની વચ્ચે ઇલેક્ટ્રોનિક માધ્યમથી ચુકવણી સરળ બનશે. યુરોપિયન યુનિયન ભારતનું મુક્ત વેપાર કરારનું ૨૨મું ભાગીદાર બન્યું છે. (એજન્સી)

## શું સસ્તું થશે?

યુરોપિયન યુનિયનના ૯૦ ટકા માલસામાન અને ઉત્પાદનો પરની ટૅરિફમાં ઘટાડો કરવાનો કે નાબૂદ કરવાનો નિર્ણય લીધો હોવાથી સસ્તી થનારી ચીજો નીચે મુજબ છેઃ

દારૂ, બિયર, વાઇનઃ

ઇયુ વાઇન પરનો ટૅક્સ ઘટીને ૨૦-૩૦ ટકા.

ઇયુ સ્પિરિટ્સ પર ટૅક્સ ૪૦ ટકા.

ઇયુ બિયર પર ટૅક્સ પચાસ ટકા.

ખાવા-પીવાની ચીજોઃ

ઑલિવ તેલ, માર્જરિન, વેજિટેબલ ઑઇલ પરની ટૅરિફ નાબૂદ થશે.

કારઃ

ટૅરિફ ધીરે-ધીરે ઘટાડીને ૧૦ ટકા થશે.

વર્ષમાં ૨.૫ લાખ કારની મર્યાદા નક્કી કરાઇ.

મેડિકલ અને સર્જિકલ ઇક્વિપમેન્ટઃ

૯૦ ટકા ઉત્પાદન પરનો ટૅક્સ નાબૂદ.

સારવાર અને નિદાન માટેનાં મશીનો સસ્તાં થશે.

સર્વિસીસ (સેવા):

ઇયુની નાણાકીય અને દરિયાઇ ક્ષેત્રની કંપનીઓનો ભારતમાં સરળ પ્રવેશ.

બૅન્કિંગ, શિપિંગ (જહાજ) જેવી સેવા સસ્તી કે સહેલી થશે.

# ઈયુ સાથેના ભારતના વેપાર કરારથી અમેરિકાના પેટમાં ગરમ તેલ રેડાયું

ન્યૂ યોર્કઃ ભારત અને યુરોપિયન યુનિયન (ઈયુ) વચ્ચે ઐતિહાસિક વેપાર કરાર થતાં અમેરિકાના પેટમાં તેલ રેડાયું છે. અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસેન્ટે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે ભારત સાથે વેપાર કરાર કરીને યુરોપ પોતાની સામેના યુદ્ધને ભંડોળ પૂરું પાડી રહ્યું છે.

ટ્રમ્પના નજીકના ગણાતા સ્કોટ બેસેન્ટે જણાવ્યું કે યુરોપે રશિયા પાસેથી પેટ્રોલિયમ અને તેની પેદાશો સીધી રીતે ખરીદવાનું તબક્કાવાર રીતે લગભગ બંધ કરી દીધું છે, પરંતુ યુરોપ ભારત પાસેથી પેટ્રોલિયમ ઉત્પાદનો ખરીદીને યુક્રેન સામેના યુદ્ધ માટે રશિયાને પરોક્ષ રીતે ભંડોળ પૂરું પાડી રહ્યું છે, કેમ કે ભારત રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદી રહ્યું છે.

બેસેન્ટે જણાવ્યું કે અમેરિકા રશિયાના ઊર્જા વેપારને અસ્થિર કરીને તેના પર દબાણ વધારવાના પ્રયાસ કરી રહ્યું છે, ત્યારે યુરોપ ગ્લોબલ પેટ્રોલિયમ વેપારમાં છટકબારીઓથી આર્થિક રીતે લાભ મેળવવી રહ્યું છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા વાટાઘાટો કરી રહ્યા છે, અને અમેરિકાએ યુરોપ કરતાં ઘણા વધુ બલિદાન આપ્યા છે.

ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં ટ્રમ્પે ભારત પર પચીસ ટકા ટેરિફ લાદ્યો હતો, રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદવા બદલ ભારત પર વધુ પચીસ ટકા ટેરીફ લાગુ કર્યો હતો. એ સમયે સ્કોટ બેસેન્ટે ભારત પર રશિયન પેટ્રોલિયમ ફરીથી વેચીને અબજો ડોલર કમાવવાનો આરોપ લગાવ્યો હતો.

હવે બેસેન્ટે કહ્યું હતું કે, રશિયન પેટ્રોલિયમ ખરીદવા બદલ અમે ભારત પર પચીસ ટકા ટેરિફ લાદ્યો છે. હવે શું થયું હશે તે વિચારો? યુરોપિયનોએ ભારત સાથે વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા.

થોડા દિવસો પહેલા બેસેન્ટે દાવો કર્યો હતો કે ભારતની રિફાઇનરીઓએ રશિયન પેટ્રોલિયમની ખરીદીમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, ટ્રમ્પ વહીવટીતંત્ર ભારત પર ટેરિફ ઘટાડવાનું વિચારી શકે છે.

# નવા યુજીસી નિયમોનો દુરુપયોગ નહીં થાયઃ સરકારની બાંયધરી

નવી દિલ્હી/ બરેલી (ઉત્તર પ્રદેશ): સરકારે મંગળવારે બાંયધરી આપી હતી કે નવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) નિયમોને લીધે કોઇ પણ વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ નહિ રખાય અને તેનો દુરુપયોગ નહિ થાય.

આમ છતાં, વિદ્યાર્થીઓએ અનેક ઠેકાણે કૅમ્પસમાં દેખાવ કરતા કેટલીક જગ્યાએ અંધાધૂંધી ફેલાઇ હતી.

દરમિયાન, ઉત્તર પ્રદેશ સરકારે બરેલી શહેરના મેજિસ્ટ્રેટ અલંકાર અગ્નિહોત્રીને સસ્પેન્ડ કર્યા હતા. તેઓ સરકારી નીતિ, ખાસ કરીને નવા યુજીસી નિયમના વિરોધમાં રાજીનામું આપીને કલેક્ટરેટ ખાતે ધરણા પર બેઠા હતા. તેમણે પોતાની સામે સુયોજિત કાવતરું ઘડાયું હોવાનો આક્ષેપ કર્યો હતો.

નવા યુજીસી નિયમમાં બધી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે 'ભેદભાવની ફરિયાદ'ના સંદર્ભે કાર્યવાહી કરવા 'ઇક્વિટી કમિટી' (સમાનતા સમિતિ) બનાવવાનું ફરજિયાત કરવાની જોગવાઇ છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સમાનતાને પ્રોત્સાહન આપવા માટેના) નિયમ, ૨૦૨૬માં અન્ય પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, દિવ્યાંગો અને મહિલાઓનો સમાવેશ કરતી 'સમાનતા સમિતિ' રચવાની જોગવાઇ છે. (એજન્સી)

# પ્રીમિયમ લક્ઝરી કાર સસ્તી થશે

નવી દિલ્હીઃ ભારત અને યુરોપિયન યુનિયન (ઈયુ) વચ્ચેનું દ્વિપક્ષી ફ્રી ટ્રેડ અગ્રિમેન્ટ (એફટીએ) એકવાર અમલી બન્યા બાદ બીએમડબ્લ્યુ, મર્સિડિઝ, લિમ્બૉર્ગિની, પૉર્ચ અને ઑડી જેવી પ્રીમિયમ લક્ઝરી યુરોપિયન કાર ભારતીય બજારમાં સસ્તી થશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આ કરાર અંતર્ગત ભારત ઈમ્પોર્ટ ડ્યૂટીમાં ક્વૉટો આધારિત વળતર આપવાનું હોવાને કારણે આવતા વર્ષથી આ કરાર અમલી બનશે.

ઈયુ તબક્કાવાર ભારતના ઑટોમોબાઈલ ક્ષેત્ર પરની ડ્યૂટી નાબૂદ કરશે જ્યારે ભારત ચોક્કસ પ્રમાણમાં વેરો ઘટાડીને ૧૦ ટકા કરશે.

વિદેશી કાર ઉત્પાદક કંપનીઓ માટે આ કરાર લાભદાયી પુરવાર થશે.

એફટીએ અંગેની વાટાઘાટ પૂરી થઈ હોવાની ભારત અને ઈયુએ મંગળવારે જાહેરાત કરી હતી. આ વરસે બાદમાં કરાર પર સહી કરવામાં આવશે અને તેમાંથી અનેક કરાર આવતા વર્ષના આરંભથી અમલમાં આવશે.

યુરોપિયન ઉત્પાદકો અને ભારતીય ગ્રાહકો આ કરારને મામલે થયેલી પ્રગતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. (એજન્સી)

# -તો સીબીએએમ કન્સેશન મળશે

નવી દિલ્હીઃ ઈયુએ ટ્રેડ અગ્રિમેન્ટમાં ભારતને કાર્બન રેગ્યુલેશનમાં કોઈ જ રાહત નથી આપી, પરંતુ સહમતી દર્શાવી છે કે કાર્બન બૉર્ડર ઍડજસ્ટમેન્ટ મૅકેનિઝમ (સીબીએએમ)ની જોગવાઈ અંતર્ગત ઈયુ જો અન્ય કોઈપણ દેશને રાહત આપશે તો ભારતીય નિકાસકારોને તે આપોઆપ લાગુ પડશે, એમ અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું. એફટીએ અધિકારોનું સંતુલન પણ પૂરું પાડે છે. આ યંત્રણા અંતર્ગત ઈયુ સ્ટીલ, એલ્યુમિનિયમ, ખાતર અને સિમેન્ટ જેવી વસ્તુઓ પર કાર્બન ટેક્સ લાગુ કરશે કેમ કે આ વસ્તુઓ ઉત્પાદન દરમિયાન નિર્ધારિત ટોચમર્યાદા કરતા વધુ કાર્બન પેદા કરે છે. હાલમાં માત્ર સ્ટીલ અને એલ્યુમિનિયમના ઉત્પાદનો પર જ આ ટેક્સ લાગુ પડે છે. બંને દેશે આ મામલે ટૅક્નિકલ સહકાર વધારવાની પણ સહમતી દર્શાવી છે. (એજન્સી)

દક્ષિણ દિનાજપુરના બાલૂરઘાટમાં મતદારયાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અંગેની ચાલી રહેલી સુનાવણી દરમિયાન એકઠાં થયેલા લોકો. (એજન્સી)



# માલિકના મૃત્યુ પછી ચાર દિવસ કડકડતી ઠંડીમાં શ્વાન મૃતદેહ પાસે બેઠો રહ્યો

ચમ્બાઃ હિમાચલ પ્રદેશના ચમ્બા જિલ્લામાં એક પાલતું પિટ બુલ શ્વાન માલિકના મોત થયા બાદ પણ હિમવર્ષા અને કડકડતી ઠંડી છતાં ચાર દિવસ સુધી મૃતદેહ પાસે બેસી રહ્યો હતો.

ચમ્બાના ભરમૌરના ભરમાણી મંદિર પાસે વિડીયો શૂટ કરતી વખતે બિક્ષિત અને પીયૂષ નામના બે યુવાનો ગુમ થઈ ગયા હતા. તાપસ કરતા જાણવા મળ્યું કે બરફમાં ફસાઈ જવાથી બંનેનું મોત નીપજ્યું છે. કઠોર હવામાન વચ્ચે ચાર દિવસ બાદ રેસ્ક્યુ ટીમો અને સ્થાનિક ગ્રામજનો મૃતદેહ લેવા ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે તેમણે જોયું કે પીયૂષનો મૃતદેહ બરફના થર નીચે દટાયેલો હતો અને તેની બાજુમાં તેનો પાલતુ પિટ બુલ શ્વાન બેઠો હતો.

શ્વાન ચાર દિવસ સુધી ખાધા પીધા વગર મૃતદેહ પાસે જ બેઠો રહ્યો હતો. આ દરમિયાન સતત હિમવર્ષા થઇ રહી હતી અને ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો, છતાં શ્વાન ત્યાં જ બેઠો રહ્યો. તે ત્યાં જંગલી પ્રાણીઓથી માલિકના મૃતદેહની રક્ષણ કરતો રહ્યો.

રેસ્ક્યુ ટીમ મૃતદેહ લેવા માટે પહોંચી ત્યારે પિટ બુલ શ્વાને તેમના પર હુમલો કરવાનો પણ પ્રયાસ કર્યો. રેસ્ક્યુ ટીમે હળવાશથી કામ લીધું અને શ્વાનને સમજવવાનનો પ્રયાસ કર્યો કે તેઓ મદદ કરવા આવ્યા છે. ત્યાર બાદ શ્વાને રેસ્ક્યુ ટીમે મૃતદેહ લઇ જવા દીધો.

સોશ્યલ મીડિયા પર આ ઘટની ચર્ચા થઇ રહી છે. શ્વાન પ્રેમીઓ ભાવુક પોસ્ટ લખી રહ્યા છે.

# ૯૩ ટકા નિકાસને રાહતનાં દરે ઈયુમાં ઍન્ટ્રી

નવી દિલ્હીઃ ભારતની ૯૩ ટકા નિકાસને અસાધારણપણે રાહતનાં દરે ઈયુનાં બજારમાં પ્રવેશ મળશે જેને કારણે સ્થાનિક સ્તરે શ્રમ ક્ષેત્રને વેગ મળશે, એમ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે મંગળવારે કહ્યું હતું.

બંને પક્ષે મંગળવારે એફટીએની વાટાઘાટ પૂરી થઈ હોવાની જાહેરાત કરી હતી. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં યુરોપિયન કમિશનના પ્રમુખ વૉન્ડરલૅટન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ ઍન્ટોનિયોકૉસ્ટાપનીએ 'મધર ઑફ ઑલ ટ્રેડ ડિલ' ગણાતા આ કરાર પર સહી કરી હતી, એમ તેમણે કહ્યું હતું. આ કરાર દેશના વૈશ્વિર વેપારમાં વ્યૂહાત્મક પ્રગતિ હોવાનું તેમણે કહ્યું હતું.

વિશ્વના એકતૃતિયાંશ વેપારનો હિસ્સો ધરાવતા બીજા અને ચોથા ક્રમાંકના સૌથી મોટા અર્થતંત્ર વચ્ચેની આ ભાગીદારી હોવાનું તેમણે કહ્યું હતું.

આ કરાર ભારતીય ઉદ્યોગ માટે વેપાર અને રોકાણની મોટી તક ઊભી કરશે જેને કારણે એમએસએમઈ, મહિલાઓ, કામદારો, વિદ્યાર્થીઓ, કુશળ વ્યાવસાયિકો, માછીમારો, ખેડૂતો અને નિકાસકારોને લાભ થશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ભારત-યુરોપમાં

વ્યાવસાયિકો (પ્રૉફેશનલ્સ), સંશોધનકારો (રિસર્ચર્સ) વગેરેની આવ-જાને લગતા મૉબિલિટી એગ્રીમેન્ટ પર સહી-સિક્કા કરાયાં હતાં.

મોદીએ દાવો કર્યો હતો કે ભારત-ઇયુ વચ્ચેની ભાગીદારીથી 'દુનિયા'ને લાભ થશે.

યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ જણાવ્યું હતું કે ભારત અને યુરોપિયન યુનિયનની વચ્ચેના વેપાર, સલામતી અને નાગરિકો વચ્ચેના સંબંધ સહિત વિવિધ ક્ષેત્રે 'નવો અધ્યાય' શરૂ થયો છે. તેમણે જણાવ્યું હતું કે વેપાર કરારને લીધે સમૃદ્ધિ વધશે. આજનો વેપાર કરાર ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. આ અત્યાર સુધીનો સૌથી વધુ મહત્ત્વનો કરાર છે.

ઉર્સુલા વૉન ડેર લેયેને જણાવ્યું હતું કે અમે 'મધર ઑફ ઑફ ઑલ ડીલ્સ' પર સહીસિક્કા કર્યાં છે. તેને લીધે વિવિધ ક્ષેત્રે બન્ને દિશામાં સહકાર માટેની નવી તક ઊભી થશે.

ઇયુ અને ભારત વચ્ચે મુક્ત વેપાર કરાર કરવા માટેની સૌપ્રથમ મંત્રણા ૨૦૦૭માં શરૂ થઇ હતી, પરંતુ ૨૦૧૩માં તે અટકી પડી હતી અને બાદમાં તે ૨૦૨૨માં ફરી શરૂ કરાઇ હતી.

માલસામાનના ઉત્પાદન અને તેની આયાત-નિકાસમાં ભારતનું સૌથી મોટું વેપાર-ભાગીદાર યુરોપિયન યુનિયન છે.

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં અંદાજે ૧૩૬ અબજ ડૉલરનો વેપાર થયો હતો, જેમાં ભારતે આશરે ૭૬ અબજ ડૉલરની નિકાસ કરી હતી અને ૬૦ અબજ ડૉલરના માલસામાનની આયાત કરી હતી.

ભારત અને યુરોપિયન યુનિયન ૨૦૦૪થી વ્યૂહાત્મક ભાગીદાર છે. બન્ને વચ્ચે હવે સંરક્ષણ ક્ષેત્રે સહકારમાં અનેક ગણો વધારો થવાની આશા રખાય છે. (એજન્સી)

### ૭ ફાયદા

મેન્યુફેક્ચરિંગ, ગ્રીન એનર્જી (પ્રદૂષણ નહિ ફેલાવતી ઊર્જા), વાહન ઉદ્યોગને લાભ થશે. ભારતમાં રોજગારીની તક વધશે. ભારતના 'મૅક ઇન ઇન્ડિયા મિશન'ને મદદ મળશે.

(૫) સર્વિસ સેક્ટરને ફાયદોઃ

ઇન્ફૉર્મેશન ટૅક્નોલૉજી (આઇટી), સૉફ્ટવેર, ફિનટૅક, પ્રૉફેશનલ સર્વિસીસ જેવા ક્ષેત્રે રોકાણ વધશે અને તેના બજારમાં સરળતાથી પ્રવેશ મળશે.

(૬) ઔષધ, મશીનરી, રસાયણ ક્ષેત્રઃ

યુરોપિયન યુનિયને ભારતના મશીનરી, રસાયણ, ફાર્માસ્યૂટિકલ્સ ક્ષેત્રના માલસામાન પરની ઇમ્પૉર્ટ ડ્યૂટી ઘટાડવાનું નક્કી કર્યું હોવાથી ઔદ્યોગિક ક્ષેત્રને નવું જોમ મળશે.

(૭) વાહન ઉદ્યોગમાં તેજી આવશેઃ

યુરોપિયન યુનિયને પોતાના બજાર ભારતીય વાહનો માટે ખુલ્લા મૂકવાની તૈયારી દર્શાવી છે, જ્યારે ભારતે યુરોપની કંપનીઓને ભારતમાં જ તેઓનાં વાહનોનું ઉત્પાદન કરીને ભારતમાંથી નિકાસ કરવા આમંત્રણ આપ્યું છે.

# નવસારીમાંથી આતંકવાદી પકડાયો

## જૈશ- એ-મોહંમદ અને અલ-કાયદા સાથે તેના તાર જોડાયેલા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એટીએસ દ્વારા આતંકી વિચારધારા ધરાવતા લોકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઓપરેશનના ભાગરૂપે ગુજરાત એટીએસએ નવસારીના ઝારાવાડ વિસ્તારમાંથી આતંકવાદી ષડયંત્ર કેસમાં ફૈઝાન શેખ નામના યુવાનની ધરપકડ કરી હતી. ૧૯ વર્ષનો ફૈઝાન કોઈ મોટા ષડયંત્રને અંજામ આપવાની ફિરાકમાં હતો. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ થયેલી આ ધરપકડ બાદ તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાંથી એટીએસએ તેના ૧૨ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, નવસારીના ચારપુલ વિસ્તારમાં રહેતો ફૈઝાન શેખ મૂળ ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાના ડુંડાવાલા, નરપત નગરનો વતની છે. તે છેલ્લાં કેટલાંક વર્ષોથી નવસારીમાં ટેલરિંગનું કામ કરીને રોજગારી મેળવતો હતો.

એટીએસ અને નવસારીની સંયુક્ત ટીમે ફૈઝાનની અટકાયત કરી તપાસ કરતા તેની પાસેથી એક પિસ્ટલ અને જીવતા કારતૂસ મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું હતું કે આશરે છ મહિના પહેલા તે રામપુર ગયો હતો ત્યારે ત્યાંથી તેણે રૂપિયા ૩૦,૦૦૦ માં આ હથિયાર ખરીદ્યું હતું. ટેકિનકલ સર્વેલન્સમાં જાણવા મળ્યું હતું કે તે 'અલ ફૈઝાન ગાઝા' અને અન્ય નામે ઇન્સ્ટાગ્રામ આઈડી ચલાવતો હતો, જેના પર તે આતંકી સંગઠનોનું રેડિકલ મટિરિયલ અપલોડ કરતો હતો. તેના ફોનમાંથી શંકાસ્પદ સાહિત્ય અને ટાર્ગેટ કિલિંગ માટેના લિસ્ટ અંગેની વિગતો મળવાની શક્યતા છે.

એટીએસના જણાવ્યા અનુસાર, ફૈઝાન શેખ જૈશ-એ-મોહમ્મદ અને અલ-કાઇદા જેવા આતંકવાદી જૂથોની વિચારધારાથી કટ્ટરપંથી બન્યો હતો. તેના પર આતંક અને ભય ફેલાવવા માટે ચોક્કસ વ્યક્તિઓની હત્યા કરવાના ઇરાદે ગેરકાયદેસર હથિયારો અને દારૂગોળો મેળવવાનો આરોપ છે.

પ્રાથમિક તપાસમાં 'મોહમ્મદ અબુબકર' નામના શખ્સ સાથે તેના ચેટિંગ અને વીડિયો શેરિંગના પુરાવા મળ્યા છે. એટીએસ હવે તેના મોબાઈલ અને સોશ્યલ મીડિયા ડેટાનું એનાલિસિસ કરી તેના અન્ય સાથીદારો અને ફાઇનાન્શિયલ નેટવર્ક સુધી પહોંચવા તપાસ તેજ કરી છે. તેને હથિયારો કોણે પૂરાં પાડ્યાં અને અન્ય કોઈ તેની સાથે હતા કે કેમ એની તપાસ પણ એટીએસએ શરૂ કરી છે. ■

# ગાંધીનગરમાં ક્ષત્રિય ઠાકોર સમાજનું અભ્યુદય મહાસંમેલન, અડાલજમાં સરસ્વતી ધામનું ભૂમિપૂજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પાટનગર ગાંધીનગરના રામકથા મેદાનમાં ક્ષત્રિય ઠાકોર સમાજે શક્તિપ્રદર્શન કરતું વિશાળ અભ્યુદય મહાસંમેલન યોજ્યું હતું. ગાંધીનગરમાં ૨૭મી જાન્યુઆરીએ વહેલી સવારે ત્રણ વાગે યોજાયેલા અભ્યુદય મહાસંમેલનમાં મોટી સંખ્યામાં જનમેદની ઊમટી હતી. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજના અભ્યુદય મહાસંમેલનમાં અડાલજમાં બનનારા સરસ્વતી ધામનું ભૂમિપૂજન કરાયું હતું.

ઠાકોર યુવાશક્તિને જાગૃત કરવા, વ્યસનમુક્તિ, રોજગાર, શિક્ષણ અને સમાજના વિકાસ જેવા મુદ્દાઓ પર ચિંતન કરવા માટે 'અભ્યુદય મહાસંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભ્યુદય કાર્યક્રમમાં કૉંગ્રેસ સાંસદ ગેનીબેન ઠાકોર, પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, ધારાસભ્ય રાકેશ ઝાલા, બાયડ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, કૉંગ્રેસના આગેવાન જગદીશ ઠાકોર, પૂર્વ સાંસદ નટુજી ઠાકોર સહિત ઠાકોર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત દિયોદર ધારાસભ્ય કેશાજી ઠાકોર, અભિનેતા વિક્રમ ઠાકોર, કીર્તિદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ગાંધીનગરના રામકથા મેદાનમાં આયોજિત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા. સમાજની બદીઓ દૂર કરવા ક્ષત્રિય ઠાકોર સેનાએ ૧૦ વર્ષ પહેલા આ અભિયાન શરૂ કર્યું હતું. સંમેલનની શરૂઆત સરસ્વતી વંદના સાથે ભવ્ય રીતે થઈ હતી. ત્યારબાદ ઢોલીઓના તાલે અને ગરબાએ વાતાવરણને જીવંત બનાવ્યું હતું. કાર્યક્રમમાં રાકેશ બારોટ અને કીર્તિદાન ગઢવીના ગીત પર લોકો ઝંડા ફરકાવતા હિલોળે ચડ્યા હતા તો સાંસદથી માંડીને નેતાઓ-આગેવાનોએ કરેલી વાતોને સમાજના લોકોએ આત્મસાદ કરીને એકજૂટ થઈને આગળ થવાનો સંકલ્પ લીધો હતો. સમાજને શિક્ષણના ઉચ્ચ સ્તરે પહોંચાડવા માટેનો સંકલ્પ લેવાયો હતો. ઠાકોર સમાજના મહાસંમેલનમાં અલ્પેશ ઠાકોરે હુંકાર કરતા જણાવ્યું હતું કે હું વિવેકી છું, ડરપોક નહીં. રાજનીતિમાં કંઈ આપી નહીં શકું તો રાજનીતિ છોડી દઈશ. તો કૉંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યું કે પટાવાળા અને સિક્યોરિટીથી બહાર નીકળી આઈએએસ-આઈપીએસ બનો. તો ગુજરાતી ફિલ્મ કલાકાર વિક્રમ ઠાકોરે ગેનીબેનને ડીજેવાળા વિશે વિચારવા વિનંતી કરી હતી.

અલ્પેશ ઠાકોરે ઠાકોર સમાજના સંમેલનમાં સંબોધન કરતાં કહ્યું કે, આજે સમાજની સાથે રાજકીય શ્રેષ્ઠીઓ એક મંચ પર આવ્યા છે. સરકારના વર્તમાન તેમજ પૂર્વ પ્રધાનો, ધારાસભ્યો અને સાંસદો પણ એકસાથે હાજર થયા છે. આજે રાજકીય પાર્ટીઓના નેતાઓ એક મંચ પર આવ્યા છે અને મારો સમાજ જાગી ગયો છે. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ વ્યસનમુક્તિની વાત કરતાં લોકો હસતા હતા, પરંતુ અમે વ્યસનમુક્તિની વિચારધારા મૂકી હતી. આજે ઠાકોર સમાજના યુવાનોએ મારી વાત ઘરે-ઘરે પહોંચાડી છે અને રાજ્યના ગામડાઓમાં ૯૦થી ૯૫ ટકા લોકો વ્યસનમુક્ત થયા છે. જો વર્ષો પહેલાં વ્યસનમુક્તિ થઈ હોત તો આજે અડધી જમીન ઠાકોર સમાજની હોત. વ્યસનમુક્તિની સફળતા સ્પષ્ટ જોવા મળી રહી છે.

સાંસદ ગેનીબેન ઠાકોરે અભ્યુદય મહાસંમેલનમાં જણાવ્યું હતું કે, આપણો સમાજ હવે પટાવાળા અને સિક્યુરિટીથી બહાર નીકળી આઈએએસ-આઈપીએસ બને, દીકરીઓએ ૧૨મા ધોરણ પછી વિવાહ કરાવવાનો સંકલ્પ લેવો જોઈએ અને દરેક તાલુકામાં દીકરીઓ માટે ખાસ હોસ્ટેલ બનાવવી પડશે. આવનાર સમયમાં સમાજની મહિલાઓની રોજગારી અંગે પણ વિચારવું પડશે અને દીકરીઓને કોઈપણ મોરચે લડવા તૈયાર કરવી પડશે. સમાજને આગળ વધવા માટે સંઘર્ષ અને પરિશ્રમ કરવો રહ્યો છે. અન્ય સમાજ શિક્ષિત બની પ્રગતિ કરી રહ્યા છે તેનું એનાલિસિસ કરવા અને આપણો સમાજ પણ તે જ દિશામાં આગળ વધે એ માટે આજે સૌ એક મંચ પર આવ્યા છે. ■

# ભુજમાં વૃદ્ધાને સાયબર ઠગોએ બે મહિના સુધી ડિજિટલ અરેસ્ટ કરી ₹ ૮૩.૪૪ લાખ પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ડિજિટલ અરેસ્ટ અને સાયબર ફ્રોડ અંગે જાગૃતિ લાવવા માટે સતત થઇ રહેલા પ્રયાસો છતાં પણ નાગરિકો સતત લૂંટાઈ રહ્યા છે તેવામાં ભુજમાં એકાંકી જીવન ગાળતાં ૬૦ વર્ષીય વૃદ્ધાને સતત બે મહિના સુધી ડિજિટલ અરેસ્ટ રાખીને સાયબર ક્રિમિનલોએ રૂ. ૮૩.૪૪ લાખ રૂપિયા પડાવી લીધાનો બનાવ બહાર આવતાં ચકચાર પ્રસરી છે. આ અંગે ભુજના કોડકી રોડ પર પ્રભુ પાર્ક પાસે વિનાયકી રેસિડેન્સીમાં રહેતા ૬૦ વર્ષીય રાજ્યલક્ષ્મી ચિદમ્બરમ જોશીએ દર્જ કરાવેલી ફરિયાદને ટાંકીને પી.આઈ. કિંજલબેન રાઠોડે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગત ૨૬ નવેમ્બર ૨૦૨૫ના રોજ તમારું સીમ કાર્ડ ગેરકાયદે પ્રવૃત્તિમાં સંકળાયેલું હોવાનું જાણવા મળ્યું છે અને થોડીકવારમાં બંધ થઈ જશે તેમ કહીને ટેલિકોમ રેગ્યુલેટરી ઑથોરીટી ઑફ ઈન્ડિયા (ઝછઅઈ) ના નામે ગઠિયાઓએ ડરાવ્યા હતા.

ત્યારબાદ મુંબઈના કોલાબા પોલીસમથકના પોલીસ અધિકારી તરીકે ઓળખ આપનારા શખ્સે તેમને વીડિયો કોલ કરી વૃદ્ધાને તાત્કાલિક રૂબરૂ આવવાનું, તેમજ સીબીઆઈ ચીફ અને સુપ્રીમ કોર્ટના જજનો સ્વાંગ ધારણ કરીને વડિયો કોલ મારફતે ખોટાં હુકમો બનાવીને વૃધ્ધાને વધુ ફફડતા કરી દીધા હતા. કેનેરા બેન્કમાં તેમના નામના ખાતામાં કરોડોની હેરફેર થઈ હોવાનું, મની લોન્ડરિંગનો કેસ હોવાનું કહીને ગઠિયાઓએ તેમને હાઉસ અરેસ્ટ એટલે કે ડિજિટલ એરેસ્ટ કર્યા હતા.

આ કેસના સેટલમેન્ટના નામે સાયબર ઠગોએ પોતે જે બૅન્ક ખાતાં નંબર આપે તેમાં રૂપિયા ટ્રાન્સફર કરાવવા સૂચના આપી હતી. ગત ૨૮ નવેમ્બરના રોજ વૃદ્ધાએ નેવું હજાર રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા બાદ ટુકડે ટુકડે સાયબર ક્રિમિનલોની સૂચના મુજબ તેઓ જે બૅન્ક ખાતાં નંબર આપે તેમાં રૂપિયા જમા કરાવતાં રહેતાં હતા.

ગુનાનો ભોગ બનનાર રાજ્યલક્ષ્મીબેને તેમની બહેન વિજયાલક્ષ્મી સાથે પોસ્ટ વિભાગમાં નેશનલ સેવિંગ સર્ટિફિકેટ્સનું એક જોઈન્ટ ખાતું ખોલાવ્યું હતું. જેમાં લાખો રૂપિયાની માતબર રકમ જમા હતી. સાયબર ચીટરોએ વૃદ્ધાને ડરાવી દેતાં રાજ્યલક્ષ્મીબહેન તેમની મંજૂરીથી દિલ્હી જઈ બહેન વિજયાલક્ષ્મીને ભુજ તેડી લાવેલા અને ચીટરોને સૂચના મુજબ જોઈન્ટ ખાતાં પર ૪૦ લાખ રૂપિયાની ઓવરડ્રાફ્ટ લોન મેળવીને તેમના ખાતામાં જમા કરાવી હતી.

ઠગોએ સતત તેમને વીડિયો કોલ કરીને રાઉન્ડ ધી ક્લોક નજર રાખતા હતા. દરમિયાન, એકાંકી જીવન ગાળતાં રાજ્યલક્ષ્મી બહેન સાયબર માફિયાઓએ ડિજિટલ અરેસ્ટ કરી રાખ્યાં હોવાની વિગતો મળતાં ભુજ સાયબર ક્રાઈમ પોલીસ મથકની ટુકડીએ તેમનો સંપર્ક કરી, રૂબરૂ મળીને તેમને કથિત ડિજિટલ અરેસ્ટમાંથી મુક્ત કરાવ્યાં હતા. બનાવ અંગે બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસમથકે વિવિધ કલમો તળે અજ્ઞાત સાયબર માફિયાઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ■

# પદ્મશ્રી હાજી 'રમકડું'નું નામ મતદાર યાદીમાંથી કાઢવા ભાજપ નગરસેવકની અરજીથી જૂનાગઢમાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના રહીશ અને લોકકલા સાથે જોડાયેલા હાજી રમકડું (મીર હાજી કાસમ)ને પદ્મ પુરસ્કાર ૨૦૨૬ની જાહેરાત ૨૫ જાન્યુઆરીએ કેન્દ્ર સરકારે કરી હતી. હાજી રમકડુંને તેમની આઠ દાયકાની અવિરત કલા યાત્રા માટે પદ્મશ્રી એનાયત કરાયો હતો. આ જાહેરાત બાદ જૂનાગઢના ધારાસભ્ય સહિત અનેક નેતાઓએ જૂનાગઢના ગૌરવ તરીકે બિરદાવીને તેમનું સન્માન કર્યું હતું. જો કે આ તમામ સન્માન વચ્ચે આ પ્રખ્યાત ઢોલક વાદકનું નામ મતદાર યાદીમાંથી કાઢવાનો પ્રયાસ થતા જૂનાગઢમાં ખળભળાટ મચી ગયો હતો. આ વિવાદ અંગે મળતી માહિતી મુજબ, જૂનાગઢ શહેરના વોર્ડ નં. ૭ના ભાજપ નગરસેવક સંજય મણવરે ચૂંટણી પંચમાં ફોર્મ નં. ૭ રજૂ કરીને હાજી રમકડુંનું નામ મતદાર યાદીમાંથી કાઢવાની અરજી કરી છે. અરજીમાં કારણ તરીકે જણાવવામાં આવ્યું છે કે તેઓ અન્યત્ર સ્થળાંતર થઈ ગયા છે. આ અરજી જાહેર થતાં જ જૂનાગઢમાં રાજકીય હલચલ મચી ગઈ હતી.

કૉંગ્રેસના નગરસેવકોએ આને ગંભીર મુદ્દો બનાવ્યો છે. જુનાગઢ મનપાના વિપક્ષ નેતા લલિત પણસારાએ ભાજપ અને ચૂંટણી પંચની કડક નિંદા કરી હતી. તેમણે કહ્યું હતું કે, "જે વ્યક્તિને રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યું હોય તેના મતાધિકાર પર આવો પ્રયાસ થાય તો તે શરમજનક છે. ભાજપના નગરસેવક સામે તાત્કાલિક કાર્યવાહી થવી જોઈએ." કૉંગ્રેસ પક્ષે આને રાજકીય બદલો અને મતદારોના અધિકારોનું અપમાન ગણાવ્યું છે.

જો કે, આ અંગે ચૂંટણી પંચના નિયમ મુજબ ફોર્મ-૭ પર સુનાવણી બાદ જ નિર્ણય લેવામાં આવે છે, તેથી હજુ અંતિમ નિર્ણય બાકી છે. આ ઘટના મતદાર યાદીની સુધારણા પ્રક્રિયા દરમિયાન થઈ હોવાથી તેની તપાસ અને પારદર્શિતા પર સૌની નજર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાજી રમકડુંનો જન્મ જૂનાગઢના બાટવા ગામમાં ૧૯૫૧માં થયો હતો અને છેલ્લા ૮૦ વર્ષથી ઢોલક વાદનની કળાને જીવંત રાખી છે. તેમની કળાએ જૂનાગઢને દેશ-વિદેશમાં ઓળખ અપાવી છે. ■

# ખેડૂતોએ પાક સહાય મુદ્દે સરકાર સામે બાયો ચઢાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સામરવાડા ખાતે રાષ્ટ્રીય કિસાન સંગઠનના બેનર હેઠળ આજે આયોજિત 'કિસાન મહાપંચાયત'માં ખેડૂતોનો પ્રચંડ રોષ જોવા મળ્યો હતો.

આ કિસાન મહાપંચાયતમાં બનાસકાંઠા સહિત વાવ અને થરાદ પંથકમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો ઊમટી પડ્યા હતા અને તમાકુ પર લાદવામાં આવેલો જંગી ટેક્સ અને કમોસમી વરસાદને કારણે થયેલા નુકસાનની સહાય ન મળતા ખેડૂતોએ સરકાર સામે બાંયો ચડાવી છે. આ વિશાળ કિસાન મહાપંચાયતમાં ઉપસ્થિત ખેડૂત નેતાઓએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા તમાકુના પાક પર ૬૫ ટકા જેટલો જંગી ટેક્સ ઝીંકવામાં આવ્યો છે. આ ભારેખમ ટેક્સના કારણે ખેડૂતોને પોતાના પાકનો પૂરતો ભાવ મળી રહ્યો નથી. એક તરફ ખેતીના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ સરકારના આવા ટેક્સના ભારણ હેઠળ ખેડૂતો પાયમાલ થઈ રહ્યા હોવાનો સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ■

# સૌરાષ્ટ્રમાં ભાજપ શહેર-જિલ્લાના પ્રમુખો બદલાવાની આશંકાને પગલે રાજકારણ ગરમાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપ સંગઠનમાં મોટા પ્રમાણમાં ફેરફારની શરૂઆત થઈ ગઈ છે. નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા જિલ્લા સ્તરે નવા પ્રાણ ફૂંકવા માટે સંગઠનમાં બદલાવ કરી રહ્યા છે. તેના ભાગરૂપે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા ૨૬ જાન્યુઆરીએ આણંદ, દાહોદ અને જૂનાગઢ શહેર માટે સંગઠન માળખાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે હવે બાકીના શહેર અને જિલ્લા માટે નવા હોદ્દેદારોના નામ જાહેર કરવામાં આવે તેમાં હાઈકમાન્ડ દ્વારા સૌરાષ્ટ્રના મુખ્ય ત્રણ શહેર જિલ્લાના પ્રમુખોને બદલાવવા માટે ગંભીર વિચારણા ચાલી રહી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. જેમાં સૌરાષ્ટ્રના રાજકોટ શહેર અને જિલ્લા પ્રમુખ ઉપરાંત મોરબી અને સુરેન્દ્રનગરના પ્રમુખને પણ બદલાવવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

જો કે સૌથી વધુ ચર્ચા રાજકોટ શહેર પ્રમુખ માધવ દવે અંગે ચાલી રહી છે. માધવ દવેને હજુ છ માર્ચ ૨૦૨૫ના રોજ તેમને પ્રમુખ બનાવાયા બાદ માત્ર ૧૦ મહિનામાં બદલાવવામાં આવે તો તેના સ્થાનિક સ્તરે મોટા પ્રત્યાઘાતો પડી શકે છે. રાજકોટ શહેર ભાજપ પ્રમખ ડો. માધવ દવેના સ્થાને કોઈ અનુભવીને પક્ષની કમાન સોંપવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે. સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણને પ્રદેશ ભાજપના મહામંત્રી બનાવવામાં આવતા હવે તેમની જગ્યાએ અધ્યક્ષ તરીકે તેમના જૂથમાંથી કોઈને જવાબદારી સોંપવામાં આવી શકે છે. જ્યારે મોરબીના પ્રમુખ જેન્તી રાજકોટીયા દેવું થઇ જતા ખૂબ જ ચર્ચામાં આવતા હવે તેમને બદલાવી અન્યને જવાબદારી સોંપવા માટે તખ્તો ઘડાઈ રહ્યો છે. ■

# ગુજરાતની નગરપાલિકાઓને ૧૧ પ્રકારની સુવિધાઓ માટે વિનામૂલ્યે સરકારી જમીન ફાળવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના શહેરોમાં જાહેર જનહિતકારી પ્રોજેક્ટ્સ માટે નગરપાલિકાઓને વિનામૂલ્યે જમીન ફાળવવાનો મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. જેમાં શહેરી વિસ્તારોમાં વહીવટ વધુ પારદર્શક બને અને નાગરિકોને પાયાની સુવિધાઓ સમયસર મળી રહે તે માટે નગરપાલિકાઓને વિકાસ કામો માટે હવે ૧૧ પ્રકારની વિવિધ પાયાની સુવિધાઓ વિકસાવવા માટે વિનામૂલ્યે સરળતાએ જમીન ફાળવવામાં આવશે.

રાજ્ય સરકારના નિર્ણયથી ૧૫૨ જેટલી નગરપાલિકાઓએ વિકાસ કામો માટે અગાઉ સરકારી જમીન મેળવવા બજાર કિંમત અથવા જંત્રી દરના ૨૫થી ૫૦ ટકા સુધીની જે રકમ ભરવી પડતી હતી તેમાંથી તેમને મુક્તિ મળશે. આ નગરપાલિકાઓને હવે નગર સેવા સદન, ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભૂગર્ભ ગટર, ડ્રેનેજ પપિંગ સ્ટેશન, વોટર સપ્લાય પ્રોજેક્ટ, સોલિડ, લીક્વીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ માટે, સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજની કામગીરી, આંગણવાડી, ટાઉન હોલ, કોમ્યુનિટી હોલ, કન્વેન્શન સેન્ટર જેવી આવશ્યક નાગરિક સુવિધાઓ માટે વિના મૂલ્યે સરકારી જમીન મળશે.આ નિર્ણયને પરિણામે રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓ પરનું આર્થિક ભારણ ઘટતા વિકાસ પ્રોજેક્ટ્સ ઝડપભેર શરૂ થઈ શકશે અને નગરોના વિકાસને વધુ વેગ મળશે. તેમજ નાગરિકોને પણ પાણી, ગટર, શિક્ષણ તથા આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓ ઝડપથી મળતી થશે. ■

# અમદાવાદમાં માત્ર પંચાવન ટકા માલિકોએ પોતાના શ્વાનનું રજિસ્ટ્રેશન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં પાલતુ શ્વાનનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું હોવા છતાં માલિકો ઉદાસીન જોવા મળ્યા હતા. શહેરમાં અત્યાર સુધીમાં માત્ર ૫૫ ટકા જ પાલતુ શ્વાનનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોવાની માહિતી બહાર આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચોપડે હજુ માત્ર ૧૯,૦૦૦થી વધુ પાલતું કૂતરાનું રજિસ્ટ્રેશન થયું છે. ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ લોન્ચ કરવામાં આવેલા રજિસ્ટ્રેશન કેમ્પેનની ડેડલાઈન વધારીને ૩૧ માર્ચ, ૨૦૨૬ અને રજિસ્ટ્રેશન ફી રૂપિયા ૨૦૦થી વધારીને રૂપિયા ૨૦૦૦ કરવામાં આવી હોવા છતાં શ્વાનના માલિકો ઉદાસીન વલણ અપનાવી રહ્યા હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કેટલ ન્યુસન્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં શહેરમાં ૧૬,૭૨૬ માલિકો સામે ૧૯,૦૨૯ પાલતુ શ્વાનની નોંધણી કરવામાં આવી છે. આ ઉપરાંત અખઈ એ એવી પણ જાહેરાત કરી હતી કે પાલતુ પ્રાણીઓના સ્મશાનગૃહની સુવિધા માત્ર જેમણે તેમના શ્વાનની નોંધણી કરાવી હોય તેમને જ આપવામાં આવશે. આંકડા મુજબ ૩૧ મે, ૨૦૨૫ સુધી ૨૦૦ રૂપિયા નોંધણી ફી લેવામાં આવતી હતી, જે સમયગાળા દરમિયાન સૌથી વધુ ૧૬,૫૮૦ પાલતુ શ્વાનની નોંધણી થઈ હતી. ત્યારબાદ ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધી આ ફી વધારીને ૫૦૦ રૂપિયા અને પછી ૩૦ સપ્ટેમ્બર સુધી ૧૦૦૦ રૂપિયા કરવામાં આવી હતી. ૧ ઓક્ટોબર, ૨૦૨૫થી આ ફી ૨૦૦૦ રૂપિયા રાખવામાં આવી હતી. આ ગાળામાં ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં આશરે ૪૦૦ જેટલા પાલતુ શ્વાનની જ નોંધણી થઈ છે. શહેરમાં લેબ્રાડોર બ્રીડના સૌથી વધુ શ્વાનનું રજિસ્ટ્રેશન થયું છે. ૩,૫૬૩ લેબ્રાડોર નોંધાયા છે, ત્યારબાદ ૧,૩૫૯ જર્મન શેફર્ડ, શિહ ત્ઝુ ૧,૨૮૭ અને ગોલ્ડન રીટ્રીવર ૧,૨૩૦નું રજિસ્ટ્રેશન થયું છે.

# 'નમો લક્ષ્મી યોજના' અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૨ લાખથી વધુ વિદ્યાર્થિનીઓને ₹ ૧,૨૫૦ કરોડની સહાય અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી આર્થિક અક્ષમતાઓને કારણે રાજ્યની દીકરીઓને શિક્ષણ છોડી ન દેવું પડે અને વધુને વધુ દીકરીઓ પોતાનું સંપૂર્ણ શાળાકીય શિક્ષણ પૂર્ણ કરે તેવા ઉદ્દેશથી 'નમો લક્ષ્મી યોજના' શરૂ કરી છે. સરકાર આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરતી અંદાજે ૧૨ લાખથી વધુ વિદ્યાર્થિનીઓને રૂ.૧,૨૫૦ કરોડની સહાય કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'નમો લક્ષ્મી યોજના' હેઠળ, રાજ્યની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને આ સહાય મળવાપાત્ર છે. જો વિદ્યાર્થિનીઓને સરકારની અન્ય કોઈ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર છે. નમો લક્ષ્મી યોજના હેઠળ ધોરણ ૦૯ થી ૧૨મા અભ્યાસ કરવા માટે વિદ્યાર્થિનીઓને આ ચાર વર્ષ દરમિયાન કુલ રૂ.૫૦ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં અંદાજિત ૧૨ લાખ વિદ્યાર્થિનીઓને ધોરણ ૯ થી ૧૨નો અભ્યાસ પૂર્ણ કરેથી કુલ રૂ. ૫૦,૦૦૦/- સુધીની સહાય મળવાપાત્ર રહેશે. જે અંતર્ગત ધોરણ ૯ અને ૧૦ની મળીને કુલ રૂ. ૨૦,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવશે. આ સહાય પૈકી ધો. ૯ અને ૧૦માં શૈક્ષણિક વર્ષ દરમિયાન ૧૦ માસ માટે માસિક રૂ. ૫૦૦/- મુજબ વાર્ષિક રૂ. ૫,૦૦૦/- પ્રમાણે બન્ને વર્ષના મળી કુલ રૂ. ૧૦,૦૦૦/- ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂ. ૧૦,૦૦૦/- ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે.

ધોરણ ૧૧ અને ૧૨ના મળી કુલ રૂ. ૩૦,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવશે. આ સહાય પૈકી ૧૧ અને ૧૨ ધોરણમાં શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૧૦ માસ માટે માસિક રૂ. ૭૫૦/- મુજબ વાર્ષિક રૂ. ૭,૫૦૦/- પ્રમાણે બન્ને વર્ષના મળી કુલ રૂ. ૧૫,૦૦૦/- ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂ. ૧૫,૦૦૦/- ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે. ■

# ભૂતપૂર્વ ક્રિકેટર જેકોબ માર્ટિને ત્રણ વાહનને ટક્કર મારી, પોલીસે પકડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેર પોલીસે ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર જેકોબ માર્ટિનને ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસમાં પકડ્યો હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. શહેરના જૂના પાદરા રોડ વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે જેકોબે દારૂના નશામાં ચૂર થઈ ત્રણ વાહનને ટક્કર મારી હતી. અહીંની પુનિત નગર સોસાયટીમાં પાર્ક કરેલી ત્રણ કારને ધડાકાભેર ટક્કર મારવામાં આવતા મોટો અવાજ થતા લોકો ઘર બહાર દોડી આવ્યા હતા. આ બનાવ અંગે અકોટા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે નશામાં ધૂત કારચાલકને પકડ્યો હતો. ત્યારબાદ ધ્યાનમાં આવ્યું હતું કે આ પૂર્વ ક્રિકેટર છે. પોલીસે હાલમાં તેને ડ્રિંક એન્ડ ડ્રાઈવ કેસમાં પકડ્યો છે અને આગળની કાર્યવાહી આગળ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# એઆઈની મદદથી ભૂકંપ પહેલા અલર્ટ મળી શકે તેવી સિસ્ટમનું થઈ રહ્યું છે સંશોધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૦૧માં ૨૬મી જાન્યુઆરીએ આવેલા વિનાશકારી ભૂકંપે ગુજરાતમાં હજારોની જિંદગી છીનવી લીધી હતી અને હજારો લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાને સોમવારે પચીસ વર્ષ પૂરા થયા છે ત્યારે ભવિષ્યમાં આવી ઘટના ઘટે તો લોકોને કઈ રીતે સુરક્ષિત રાખી શકાય તે માટે સિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ સેન્ટર (આઈએસઆર) સાથે જોડાયેલાં સૂત્રોના જણાવ્યા અનુસાર સમયસર ચેતવણી સેંકડો લોકોના જીવ બચાવી શકે છે, ખાસ કરીને જો તેમને ઇમારત ખાલી કરવાની અથવા સુરક્ષિત સ્થળે આશરો લેવાની ચેતવણી આપવામાં આવે તો પણ જીવ બચી શકે છે. છેલ્લા બે દાયકામાં એકત્રિત કરવામાં આવેલા ડેટાના સંગ્રહની મદદથી એક અર્લી વોર્નિંગ સિસ્ટમ વિકસાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. લગભગ બે વર્ષમાં આ સિસ્ટમ તૈયાર થઈ જાય તેવી સંભાવના છે. જે આ દેશમાં બીજો પ્રયોગ રહેશે. આઈઆઈટી રુરકીની ટીમ દ્વારા ઉત્તરાખંડ માટે એક પાઇલોટ સિસ્ટમનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, તેવી માહિતી પણ સૂત્રો દ્વારા મળી હતી.

૨૦૦૩માં સ્થપાયેલી આઈએસઆરએ છેલ્લા બે દાયકામાં ઘણું બારીકાઈથી ગુજરાતનું સંશોધન કર્યું છે. સેન્સર ડેવલપ કર્યા છે. આ સેન્સરોએ દાયકાઓમાં રાજ્યમાં હજારો ધ્રૂજારી રેકોર્ડ કરી છે.

સંશોધન માટીની રચના જેવા પરિબળો તરફ પણ નિર્દેશ કરે છે. ગુજરાતનો લગભગ ૪૪% વિસ્તાર ક્વાર્ટરરી સેડિમેન્ટ્સથી બનેલો છે અને બીજો ૧૨ % વિસ્તાર રણ સેડિમેન્ટ્સથી બનેલો છે.

આવી નરમ માટી ભૂકંપથી ઉત્પન્ન થતા તરંગોને વધારી શકે છે. સંશોધકો હવે આ તરંગો વિશે વિશેષ માહિતી ધરાવે છે. આ તરંગોને લોકેશન સુધી પહોંચતા કેટલો સમય લાગે તેનો અંદાજ લગાવવામાં આવે છે. આમ, જો કચ્છમાં ભૂકંપ આવે છે, તો ઘટનાની પ્રકૃતિના આધારે, નુકસાનકારક તરંગોને અમદાવાદ સુધી ફેલાવવામાં લગભગ ૬૦ સેકન્ડનો સમય લાગી શકે છે.

આ સિસ્ટમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ પર આધારિત સ્વચાલિત હશે, કારણ કે સેન્સર સ્રોતને નિર્ધારિત કરવામાં મદદ કરશે, સિસ્ટમ આ તરંગો મોટાં શહેરો અને પાવર પ્લાન્ટ્સ જેવા મહત્ત્વપૂર્ણ સ્થાપનોને ક્યારે અથડાઈ શકે તેનો અંદાજિત સમય કહેશે.

સિસ્ટમ માટે આવી કોઈ તૈયાર એઆઈ-આધારિત સિસ્ટમ ઉપલબ્ધ નથી અને આપણે ગુજરાત પ્રદેશના ભૂકંપ સાથે સોફ્ટવેર વિકસાવવાની અને એઆઈ-એમએલ આધારિત સિસ્ટમને તાલીમ આપવાની જરૂર છે, અને આમાં સમય લાગે છે, તેમ સંસ્થા સાથે જોડાયેલાં સૂત્રોએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ગુજરાત માટે ભૂકંપના જોખમનો નકશો પહેલાથી જ પ્રદેશની ભૂગોળ અને મોટા ભૂકંપના ઇતિહાસના આધારે બનાવવામાં આવ્યો છે. ટેકનોલોજીનો ઉપયોગ જીવન અને માળખાગત સુવિધાઓ બચાવવામાં મદદ કરશે,તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ઉદ્ધવ બાદ હવે શિંદે અને અજિત પવાર ભાજપના નિશાના પર?

## ભાજપની ૨૦૨૯ની વિધાનસભા સ્વબળે લડવાની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યની ૨૯ મહાનગરપાલિકામાં મળેલી જલવંત સફળતા બાદ ભાજપે હવે આગામી સમયમાં મહારાષ્ટ્રમાં એકલા હાથે સત્તા મેળવવા માટે અત્યારથી કામે લાગી ગઈ છે. સત્તામાં પોતાની સાથે રહેલા સાથીપક્ષોને કારણે પોતાને ફાયદો થાય છે કે તેમના કારણે મિત્રપક્ષોને ફાયદો થાય છે તેની ચર્ચાએ ભાજપમાં જોર પકડયું છે અને તે દિશામાં ભાજપે હવે પગલાં ભરી રહી છે.

મુંબઈ સહિત રાજ્યમાં અગાઉ સંયુક્ત શિવસેનાનો હાથ પકડીને મુંબઈ મહાનગરપાલિકામાં અને રાજ્યમાં વર્ષો સુધી નાનો ભાઈ બનીને સત્તામાં ભાગીદાર રહેલી ભાજપે હવે કોઈ સાથે સત્તામાં ભાગ પડાવવો નહીં એ નીતિ પર કામ કરી રહ્યા છે. અગાઉ સંયુક્ત શિવસેનામાં ભંગાણ પાડીને ઉદ્ધવ ઠાકરેને એકલા કરીને એકનાથ શિંદેને આગળ કર્યા હતા. એ બાદ ભાજપે રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં ભંગાણ પાડીને શરદ પવારથી અજિત પવારને એકલા કરી દીધા હતા. એ બાદ રાજ્યમાં શિંદે અને અજિત પવાર સાથે સત્તા મેળવી હતી. જોકે તેમા ભાજપનો હાથ ઊંચો રહ્યો હતો. વિધાનસભામાં વધુ બેઠકો મળ્યા બાદ અને મુંબઈ મહાનગરપાલિકા સહિત રાજ્યની ૨૯ મહાનગર-પાલિકામાં ભાજપનો હાથ ઉપર રહ્યો છે અને અજિત પવાર તથા શિંદેસેનાને પ્રમાણમાં ઓછી બેઠક મળી છે. તો અમુક જગ્યાએ મહાયુતિને કારણે જ શિંદે અને પવારને ફાયદો થયો હોવાનું જણાઈ આવ્યું છે. ૨૯માંથી ૧૯ મહાનગરપાલિકામાં ભાજપે સ્વબળે બહુમતી મેળવી છે. તો છ મહાનગરપાલિકમાં ભાજપના મિત્રપક્ષને સત્તા મળી છે. તેથી ભાજપે હવે ૨૦૨૯ની વિધાનસભામાં કોઈની સાથે યુતિ નહીં કરતા એકલા હાથે ચૂંટણી લડવાની યોજના બનાવી હોવાનું રાજકીય સ્તરે ચર્ચાઈ રહ્યું છે.

હાલ રાજ્યમાં ભાજપ સાથે શિંદેની શિવસેના અને અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ સત્તામાં છે. બંને પક્ષના નાયબ મુખ્ય પ્રધાન છે. અજિત પવારને કારણે ભાજપને રાજ્યમાં કોઈ જગ્યાએ ફાયદો થયો નથી. રાષ્ટ્રવાદી કોઈ જગ્યાએ સારો દેખાવ કરી શકી નથી. તેથી હવે રાષ્ટ્રવાદી ભાજપ માટે ભારરૂપ થઈ ગયો છે. શિંદે સેનાને પણ થાણેને બાદ કરતા અન્ય કોઈ મહાનગરપાલિકામાં સ્વબળે બહુમતીના આંકડા સુધી પહોંચવામાં સફળતા મળી નથી. મુંબઈ, કલ્યાણ-ડોંબિવલીમાં ભાજપ અને શિંદેની યુતિ સાથે લડી હતી અને તેમને ફાયદો મળ્યો હતો. જોકે તેમાં પણ ભાજપે વધુ બેઠકો મેળવી હતી. તેથી ભાજપના અનેક નેતાઓના માનવામાં મુજબ મહાયુતિના સાથીપક્ષોને કારણે ભાજપને ફાયદો ઓછો પણ નુકસાન વધુ થઈ રહ્યું છે જયારે સાથીપક્ષોને ભાજપને કારણે ફાયદો મળી રહ્યો છે.

## પાંચમા પાનાનું ચાલુ

### મુંબઈમાં કમોસમી

અનેક વિસ્તારમાં સવારના સમયે વરસાદના ઝાપટાં પડયા હતા અને બપોરના મોડે સુધી વાદળિયું વાતાવરણ રહ્યું હતું. રાજ્યમાં પણ અનેક જિલ્લામાં વરસાદના ઝાપટાં પડયા હતા.

મુંબઈ અને ઉપનગર મંગળવારે સવારના અનેક વિસ્તારોમાં વરસાદના હળવા ઝાપટાં પડયા હતા, જેમા મુખ્યત્વે અંધેરી, પવઈ, કુર્લા, ઘાટકોપરમાં સવારના વરસાદ પડયો હતો. રાજ્યના પણ અનેક જિલ્લામાં દિવસ દરમ્યાન વરસાદ રહ્યો હતો. વરસાદને કારણે તાપમાનમાં હળવો ઘટાડો નોંધાયો હતો.

### પ્રજાસત્તાક દિન નિમિત્તેના

આવ્યાં હતાં. વળી, સ્પીકરોને જોડતો વાયર ઉપરથી પસાર કરવામાં આવ્યો હતો. પરિણામે વાયર ખેંચાવાને કારણે બન્ને સ્પીકર સાથે પડ્યાં હતાં.

આ ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી, જેનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં ભંગારવાળો માથે પોટલું ઊંચકીને જતો નજરે પડે છે. કપડાની ચીંધી ભરેલું પોટલું ચાલ વચ્ચેથી પસાર થતા સ્પીકરના વાયરમાં ફસાયું હતું, જેની જાણ ભંગારવાળાને થઈ નહોતી. પોટલાને કારણે વાયર ખેંચાયો હતો, જેને કારણે એક પછી એક બન્ને સ્પીકર જમીન પર પડ્યાં હતાં. ભંગારવાળો પસાર સ્પીકર પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બાળકી દોડતી દોડતી ત્યાં આવી હતી અને એ જ સમયે સ્પીકર ઊંધાં વળ્યાં હતાં. સ્પીકરની નીચે દબાઈ ગયેલી બાળકી ગંભીર રીતે ઘવાઈ હતી. તેને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. બેદરકારીને કારણે આ ઘટના બની હોવાનું પ્રથમદર્શી જણાતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### મુંબઈ-નવી મુંબઈ

અંદાજ છે. વગદાર પ્રધાનોની બનેલી ઇન્ફ્રાસ્ટ્રક્ચર કમિટીએ ૩૫ કિમી લાંબા મેટ્રો લાઇન ૮ પ્રોજેક્ટને મંજૂરી આપી, જેનો ખર્ચ રૂ. ૨૨ હજાર ૮૬૨ કરોડ થવાનો અંદાજ છે. છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક સુધીના મેટ્રો પ્રોજેક્ટ માટે તમામ જમીન સંપાદન અને મંજૂરીઓ છ મહિનાની અંદર પૂર્ણ કરવામાં આવે અને મંજૂરી મળ્યાના ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવામાં આવે એવો નિર્દેશ સીએમ દેવેન્દ્ર ફડણવીસે આપ્યો છે. કુલ ૩૫ કિમી લાંબી મેટ્રો લાઇનમાંથી, ૯.૨૫ કિમી ભૂગર્ભ હશે - મુંબઈ એરપોર્ટ ટર્મિનલ ૨થી ઘાટકોપર પૂર્વ સુધી - અને ૨૪.૬૩ કિમી એલિવેટેડ સેક્શન હશે, જે ઘાટકોપર પશ્ચિમથી નવી મુંબઈ એરપોર્ટ ટર્મિનલ ૨ સુધી ફેલાયેલો હશે. આગામી કુંભ મેળાને ધ્યાનમાં રાખીને સમિતિએ ૩ હજાર ૯૫૪ કરોડ રૂપિયાના ખર્ચે ૬૬.૧૫ કિમી લાંબા નાશિક શહેર રિંગ રોડ પ્રોજેક્ટને પણ મંજૂરી આપવામાં આવી છે. (પીટીઆઈ)

### ખેતવાડીમાં

સવારના સ્કૂલે ગઇ હતી અને દાદી ચંદ્રકલા વ્યાસ બપોરના કેવલના પુત્ર અવિર સાથે તેને લેવા માટે ગયાં હતાં. સ્કૂલ બસ ઘટનાસ્થળે આવ્યા બાદ પૌત્રીને લઇ દાદી અને અવિર ઘર તરફ જવા રવાના થયાં હતાં. તેઓ સ્કૂલ બસની આગળ જઇને માર્ગ ઓળંગી રહ્યાં હતાં ત્યારે ડ્રાઇવરે બસ સ્ટાર્ટ કરી હતી અને બસે ચંદ્રકલા અને અવિરને અડફેટમાં લીધાં હતાં. બસનું ટાયર ફરી વળતાં દાદી-પૌત્ર ગંભીર રીતે ઘવાયાં હતાં.

બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં અવિરનું મૃત્યુ થયું હતું, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ચંદ્રકલાની સારવાર માટે દાખલ કરાયાં હતાં. અકસ્માત બાદ મોટી સંખ્યામાં લોકો એકઠા થઇ ગયા હતા. દરમિયાન અકસ્માતની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સ્કૂલ બસના ડ્રાઇવર સંભાજી બાળાસાહેબ વખારેને તાબામાં લીધો હતો. મોડી રાતે ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### પાલિકામાં

સમિતિના અધ્યક્ષપદનો નિર્ણય લેવાના જોખમને પહોંચી વળવા માટે લીધો હોવાનું માનવામાં આવે છે. બંને પક્ષો ગુરુવારે કોંકણ વિભાગીય કમિશનર સમક્ષ આ વ્યૂહાત્મક જોડાણને ઔપચારિક બનાવવાના છે.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનું ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ના પરિણામ આવ્યા બાદ ૨૪ નગરસેવકો સાથે કોંગ્રેસે ૨૦ જાન્યુઆરીના સીબીડી બેલાપુરમાં કોંકણ વિભાગીય કમિશનર પાસે રજિસ્ટ્રેશન કરાવનારો પહેલો પક્ષ હતો. ૬૫ નગરસેવક સાથે બીજા ક્રમે આવનારી શિવસેના (ઉદ્ધવ ઠાકરે) અને ત્યારબાદ એઆઈએમઆઈએમ ૨૧ જાન્યુઆરીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. તો બીજા દિવસે એમએનએસ દ્વારા રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું.

પાલિકાની ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવ્યા બાદ પણ ભાજપ અને શિંદે સેનાએ હજી સુધી તેમનું રજિસ્ટ્રેશન ઔપચારિક રીતે કરાવ્યું નથી, તેને કારણે દેશની સૌથી શ્રીમંત કહેવાતી મુંબઈ મહાનગરપાલિકામાં નિયંત્રણ મેળવવા માટે બંને પક્ષો વચ્ચે વિવાદ હોવાની તીવ્ર અટકળો શરૂ થઈ ગઈ છે. પક્ષના સૂત્રોએ જણાવ્યું હતું કે મંગળવારે સાંજે કોંકણ ભવનમાં રજિસ્ટ્રેશન કરાવવાનું શિંદે જૂથે નક્કી કર્યું હતું પણ ભાજપના નેતાઓએ તેમને ચર્ચા માટે પાછા બોલાવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે ભાજપ મૅયર પદ છોડવા માટે તૈયાર નથી. મૅયરપદ તેમની માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે.

જયારે શિંદે સેના પોતાનો રાજકીય દાવો જાળવી રાખવા માટે વૈધાનિક સમિતિનું અધ્યક્ષપદ મેળવવા માટે મક્કમ છે. બીજો મુખ્ય મુદ્દો સુધાર સમિતિનો છે, જે સ્થાયી સમિતિ બાદ બીજી શક્તિશાળી સમિતિ ગણાય છે, જેમાં કુલ ૨૬ સભ્ય હોય છે.

### મહાનગરપાલિકાની

પૂરાવવાને બદલે શિંદે હાલ સાતારા જિલ્લાની મુલાકાતે ગયા છે. આગામી જિલ્લા પરિષદની ચૂંટણીની પાર્શ્વભૂમિ પર સાતારા જિલ્લાના જાવળીમાં જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. તેની પ્રચાર સભા સંબોધવા માટે શિંદે મંત્રીમંડળની બેઠકને બદલે પક્ષનો પ્રચાર કરવાને મહત્ત્વ આપ્યું હોવાનું કહેવાય છે. એકનાથ શિંદે જયારે પણ ભાજપના મોવડીમંડળથી નારાજ હોય છે ત્યારે સંપર્કથી દૂર થઈ જતા હોય છે અને કેબિનેટની બેઠકમાં પણ હાજરી આપતા નથી. આ અગાઉ પણ અનેક વખત આવું થઈ ચૂક્યું છે ત્યારે સળંગ બે કેબિનેટની બેઠકમાં તેમણે ગેરહાજર રહીને ભાજપને તેઓ ભારે નારાજ હોવાનો સ્પષ્ટ સંદેશો આપ્યો હોવાનું કહેવાય છે. મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામ બાદ બદલાયેલા સમીકરણોને કારણે મંત્રીમંડળમાં મહત્ત્વના નિર્ણયો લેવામાં આવવાના હોવાની જાણ બાદ શિંદે ગેરહાજર રહ્યા હતા. મહાનગરપાલિકાની ચૂંટણીમાં મળેલી સફળતા બાદ હવે મહાયુતિએ ખાસ કરીને શિંદેએ પોતાનું જોર રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં લગાવી રહ્યા છે. જાવળીની સભામાં તેઓ કયાં મુદ્દાઓ પર ભાષણ આપે છે તેના પર સૌ કોઈનું ધ્યાન છે. શિંદેસેના સાથે સંકળાયેલા પક્ષના સિનિયર નેતાના કહેવા મુજબ મુંબઈ સહિત રાજ્યમાં અનેક જગ્યાએ શિંદે સેનાને ઓછી બેઠકો મળી છે. તેથી હવે મેદાનમાં ઊતરીને શિવસેનાને ગ્રાઉન્ડ લેવલ પર તેઓ મજબૂત કરીને હવે જિલ્લા પરિષદની ચૂંટણીમાં પોતાના પક્ષની તાકાત વધારવાની યોજના પર કામ કરી રહ્યા છે.

### મંત્રીમંડળની

મંજૂરી આપીને આવશ્યક આઠ હેકટર સરકારી જમીન મહેસૂલ વિભાગની જમીન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

મલ્ટી પ્રોડક્ટ હબ ઊભો કરવાથી પરિસરના ખેડૂતોને તેમની ખેતીના માલ માટે આધુનિક બજાર ઉપલબ્ધ થશે. હાલ અનેક ખેડૂતોને દલાલ પર આધાર રાખવો પડે છે અથવા માલના વેચાણ માટે દૂરના બજારમાં જવું પડે છે. નવા હબને કારણે ખેતીના માલને સંઘરવા, પ્રક્રિયા, પૅકેજિંગ અને સીધું વેચાણ એક જ જગ્યાએ શક્ય બનશે, જેનો સીધો ફાયદો ખેડૂતોની આવકમાં વધારાથી થશે. મલ્ટી હબને કારણે વેપાર, ઉદ્યોગને પ્રોત્સાહન મળશે અને બેરોજગારોને રોજગારી મળશે. મલ્ટી પ્રોડક્ટ હબ ફક્ત કૃષિ ક્ષેત્ર પૂરતો મર્યાદિત નહીં રહેતા વેપારી અને ઔદ્યોગિક દૃષ્ટિકોણથી પણ અત્યંત મહત્ત્વનો સાબિત થશે. કૃષી ઉત્પાદનની સાથે જ અન્ન પ્રક્રિયા ઉદ્યોગ, માલને સંઘરવાની વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટેશન અને નિકાસ જેવા ક્ષેત્રમાં પણ હબને કારણે મોટો ફાયદો થશે. સ્થાનિક યુવકોને તેનો સીધો અને અપ્રત્યક્ષ સ્વરૂપમાં રોજગારીની મોટી સંધી નિર્માણ થશે. મંત્રી મંડળની બેઠકમાં બીજો પણ એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં અત્યાર સુધી સરકારી કામ માટે વિવિધ વિભાગોને ૩૦ વર્ષ માટે લીઝ પર જમીન આપવામાં આવતી હતી.

## જૈન મરણ

કાનાતળાવ નિવાસી હાલ વસઇ રોડ જસવંતરાય જયંતીલાલ અજમેરા (ઉં. વ. ૮૫) રવિવાર, તા. ૨૫-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. પરેશ દિપક, જયોતીબેન હર્ષદ શેઠ, રૂપાબેન દિવ્યેશકુમાર કોટીચાના પિતા. હીના, ચેતનાના સસરા. સ્વ. બાબુલાલભાઇ, પ્રવીણભાઇ, હસમુખભાઇ તથા રમાબેન ઉમેદરાય ગોડા, ઇન્દુબેન દિનેશકુમાર કપાસી, રંજનબેન ગીરીશકુમાર જસાણીના ભાઇ. સસરા પક્ષે સ્વ. કનૈયાલાલ હરગોવિંદદાસ જાગાણીના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૯-૧-૨૬ના ૧૦થી ૧૨. ઠે. રાજહંસ બેન્કવેટ, રાજહંસ ડ્રીમ્સ, બિશપ્સ હાઉસની પાછળ, ભાભોલા, બરામપુર, વસઇ રોડ (વેસ્ટ).

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

ટીકર રણ નિવાસી હાલ માટુંગા માતુશ્રી મુક્તાબેન કીરચંદ પોપટલાલ મહેતાના સુપુત્ર ઇન્દ્રકુમાર કિરચંદ (ઉં. વ. ૮૪) તે સ્વ. જયશ્રીબેનના પતિ. શેઠ વનેચંદ ગોપાલજી લોદરિયાના જમાઇ. રાહુલભાઇ અને સ્વ. હિતેશભાઇના પિતાશ્રી. અ. સૌ. જાગૃતિબેન અને ગં. સ્વ. વર્ષાબેનના સસરા. ફોરમ, દર્શન, મોનિકા અને સોનાલીના દાદા. મંગળવાર, તા. ૨૭-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધોરાજી નિવાસી હાલ વિરાર ભાવનાબેન નવનીતભાઇ બખાઇ (ઉં. વ. ૬૮) તા. ૨૫-૧-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે નવનીતભાઇના પત્ની. સુરેન્દ્રનગરના વતની સ્વ. જગજીવન સુખલાલ બાબરીયાના પુત્રી. નીરવ, નેહલ, તુષારકુમાર શાહ, ફાલ્ગુની નિકુંજ સંઘાણીના મમ્મી. રૂચિત, હેત, સ્મિતના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા શ્રીમાળી ઝાલાવાડ જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ મલાડ સ્વ. મધુલતાબેન હસમુખભાઇ શાહના પુત્ર અતુલભાઇના ધર્મપત્ની અ. સૌ. નિતાબહેન હાલ પૂના (ઉં. વ. ૬૨) તા. ૨૫-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે આશિતા (ગુડી) અને આદિત્યના માતા. હાર્દિકકુમારના સાસુ. રુદ્ર-માયરાના નાની. તે ગં. સ્વ. સરલાબેન નવીનચંદ્રભાઇ સોની. ગામ કડી (હાલ મલાડ)ના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

વિંછીયા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શશીકાંતભાઇ (સુંદરભાઇ) તકલસી દામાણીના ધર્મપત્ની શારદાબેન (ઉં. વ. ૮૪) તે પિના અતુલભાઇ, રૂપલ અશ્વિનભાઇ, રૂપા અમિતભાઇના માતુશ્રી. રિદ્ધિ, મીતી, પાર્થ, તન્વી, નીતિ, હર્ષિલ, કેવલના દાદી. કેવલકુમાર, અજિતકુમારના દાદી સાસુ. પિયરપક્ષ લીંબડી નિવાસી હાલ મલાડ માતુશ્રી ચંપાબેન ઓધવજીભાઇ બાબરીયાના દીકરી શુક્રવાર, તા. ૨૩-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિસા શ્રીમાળી જૈન**

સિહોર નિવાસી હાલ ઘાટકોપર રંભાબેન મણીલાલ દોશીના પુત્ર બળવંતરાય મણીલાલ દોશી (ઉં. વ. ૮૫) તા. ૨૪-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હીરાબેનના પતિ. પ્રીતિ, છાયા પારુલના પિતા. રાજેન્દ્રકુમાર, પ્રફુલ્લ કુમાર, વિપુલકુમારના સસરા. પ્રતિક, અભિક, શીખા, યાત્રિક, આદર્શ નંદિતાશ્રીજી (સાધ્વીજી મ.સા.)ના નાના. સ્વ. મહેન્દ્રભાઇ, ધીરુભાઇ, રજનીભાઇ, સ્વ. ધનલક્ષ્મીબેન, સ્વ. પ્રભાવતીબેનના ભાઇ. સસુર પક્ષે માણેકબેન વિરચંદ દોશીના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ કાંદિવલી વાઘજીયાણી સ્વ. નાનચંદ ચકુભાઇ મહેતાના સુપુત્ર હિમ્મતભાઇ (ઉં. વ. ૮૨) તે આશાબેનના (ઉષાબેન) પતિ. અ. સૌ. શીતલ શૈલેષભાઇ કોઠારી તથા ચિંતનના પિતા. શૈલેષભાઇ કોઠારીના સસરા. સ્વ. ચીમનભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ. વસંતભાઇ, વિજયભાઇ, અશ્વિનભાઇ તથા સ્વ. શારદાબેન પ્રવીણચંદ્ર સંઘવી, નિર્મળાબેન પ્રવીણચંદ્ર દફતરી તથા સ્વ. મંજુલાબેન અનંતરાય દોશીના ભાઇ. સ્વ. નવીનભાઇ, કીરીટભાઇ, સ્વ. રમેશભાઇ તથા સ્વ. ઇન્દુબેન તથા કોકીલાબેનના બનેવી તા. ૨૫-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ બ્રીચકેન્ડી મુંબઇ ગં. સ્વ. ભાનુમતિ લલિતચંદ્ર શેઠ (ઉં. વ. ૮૯) તે સ્વ. લલિતચંદ્ર પ્રજારામ શેઠના પત્ની. તે સ્વ. જગદીશચંદ્ર અને લક્ષ્મીકાંત શેઠના ભાભી. સ્વ. હિતેન, મનીષા, સંગીતાના માતુશ્રી. શિરાલી અને નિકુંજ ફેરવાનીના દાદી. સ્વ. રતિલાલ વર્ધમાન શાહના સુપુત્રી. સ્વ. કાંતિભાઇ, સ્વ. પ્રફુલ્લભાઇ, સ્વ. જયસુખભાઇ, સ્વ. અરવિંદભાઇ, સ્વ. હેમંતભાઇના બહેન તા. ૨૫-૧-૨૬ન અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**રાધનપુર તીર્થ જૈન**

ઇન્દિરાબેન રમેશભાઇ શાહ (ઉં.વ.૯૫) તે સ્વ. રમેશભાઇ હીરાલાલ શાહના પત્ની. સ્વ. ધીરુભાઇ, સ્વ. કીર્તીભાઇ, સ્વ. કીરીટભાઇ, સ્વ. વિમળાબેનના ભાભી. સ્વ. રમણીકભાઇ, સ્વ. રજનીભાઇ, સ્વ. નવીનભાઇના બહેન. અતુલ, ચંદ્રેશ, નિશીથ, નીમીષાના માતા. કલ્પના, દીના, અલ્પા અને પંકજભાઇના સાસુ. રૂચી, અદીતી, અંક્તિ, ઋતુ, શિમુલના દાદી તા. ૨૫-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનકવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ મુંબઇ અનિલભાઇ શાંતિલાલ શાહ તે સરોજબહેનના પતિ. અમીબેન અને આશિષભાઇના પિતા. કમલેશકુમાર અને જીગ્નાબેનના સસરા. ફોરમ અને સિદ્ધાર્થના દાદા. જુહીના નાના. તા. ૨૫-૧-૨૬ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. એ-૬૪, રુસ્તમજી રિવેરા, ઓર્લેમ, મલાડ (પશ્ચિમ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ વાપી સ્વ. મુક્તાબેન તથા વાડીલાલ નારણજી હેમાણી (શાહ)ના પુત્ર બળવંતભાઇ (ઉં. વ. ૭૪) તા. ૨૫-૧-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે રેણુકાબેનના પતિ. સ્વ. વિરલબેન, સ્વ. બિનલબેન, શિતલ શાહના પિતાશ્રી. દક્ષના નાના. અ. સૌ.સ્વ.ઉર્મિલાબેન

## પારસી મરણ

**બિન વારસ**

મરહુમ સોલી ફિરોઝશાહ દસ્તુર (ઉં. વ. ૮૩) રહેવાનું ઠેકાણું ૪૦, પાવવાલા બિલ્ડિંગ, ૧લે માળે, રાજારામ મોહનરાય રોડ, કામાબાગ અગિયારીની સામે, ગીરગામ મુંબઇ ૪૦૦૦૩૪, તેમનું રવાન એફ. એસ. પારખ ધર્મશાળા નં.૩૪, હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૭. સવારે ૫.૪૫ કલાકે તા. ૨૬-૧-૨૬ના રોજ ગુજર પામ્યા છે. તેમનું રવાન ડુંગરીવાડી પર લાવવામાં આવ્યું છે. તેમનું કોઇપણ સગા-સંબંધી નથી. જો કોઇ તેમના સગા-સંબંધી કે મિત્ર તેમના રવાનને ઓળખતા હોય તેઓ મુંબઇ ડુંગરવાડી પર + ૯૧ ૮૫૯૧૨ ૪૪૫૨૬ અથવા + ૯૧ ૮૩૬૯૪ ૬૦૩૩૬ પર સંપર્ક કરશો. તેમના રવાનને ૪૮ કલાક પછી પારસી રીવાજ મુજબ દોખ્મેનશીન કરવામાં આવશે. જો કોઇ સગા-સંબંધી કે મિત્ર હોય તો તેઓ મુંબઇ ડુંગરવાડી પર તેમના આધાર કાર્ડ અને ૨ પાસપોર્ટ સાઇઝના ફોટા લઇ આવશો. જો તેમના કોઇ પણ સગા-સંબંધી કે મિત્ર નહીં મળશે તો તેમના રવાનને મુંબઇ પારસી પંચાયત હસ્તક લઇ તેમના રવાનને દોખ્મેનશીન કરવામાં આવશે.

કેટાયુન ફિરોઝ પુનાવાલા તે મરહુમો ફિરોઝ માનેકશાહ પુનાવાલાના વીધવા. તે મરહુમો ટેમીના તથા ફિરોઝ પંથકીના દીકરી. તો હોશેદાર ફિરોઝ પુનાવાલાના મમ્મી. તે શારમીન હોશેદાર પુનાવાલાના સાસુ. તે ખોરશેદ ફરેદુન દલાલ, અરનવાઝ ફરામરોઝ પંથકી, ગયોર્મદ ફરામરોઝ પંથકીના બહેન. તે હુફ્રીયા હોશેદાર પુનાવાલાના બપયજી. (ઉં.વ.૯૦) રે. ઠે. ૫/૨જે માળે, રાજબ મહેલ, ૧૪૪, કર્વે રોડ, ઓવલ મેદાનની સામે, ચર્ચગેટ,મુંબઇ-૪૦૦૦૨૦.

ધન દરિયસ પટેલ (ઉં. વ. ૯૭) તા. ૨૫-૧-૨૬ના ગુજરી ગયા છે. તે મરહુમ દરિયસ પદમજી પટેલના પત્ની. તે મરહુમ સુનામાઇ અને મરહુમ હોરમઝજી જે. સાગરનાં દીકરી. તે મરહુમ પિરોજા અને મરહુમ પદમજી પટેલના પુત્રવધૂ. તે ડેઇઝી એસ. હોમાવઝીર અને કૈઝાદના માતુશ્રી. તે કુરુષ, સાન્યા જે. ગરિબા અને આફ્રીન હોમાવઝીર, અરમાઇતી બી. ભરૂચા અને ખુશનાઝ હોમાવઝીરના ગ્રાન્ડમધર. ઠે. ૨૦૨,બાઇ માણેકબાઇ પી. બી. જીજીભોય મેમોરિયલ બિલ્ડિંગ, મોટા પારસી વાડા, વલસાડ.

---

સુભાષભાઇ પારેખના ભાઇ. માલતીબેન જગદીશભાઇના જેઠ. હરગોવિંદદાસ હરખજીભાઇ ભટ્ટના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી ઝાલાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

મુળી નીવાસી, હાલ બોરીવલી, સ્વ. ભુદરલાલ કરશનજી શાહના સુપુત્ર રમણીકલાલ શાહ (ઉં. વ. ૭૭) તા. ૨૫/૦૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દ્યમિનીબેનના પતિ. દેવાંગ અને વિરલના પિતાશ્રી. સ્વ મહેન્દ્ર ભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. રસીકભાઇ, સ્વ. રમીલાબેન મણીલાલ શાહ, સ્વ. રંજનબેન જસવંતલાલ શાહ, નયનબેન નવીનભાઈ શાહના ભાઈ. સાસરાપક્ષે સ્વ. મનસુખલાલ માણેકચંદ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. રૂમ નંબર ૧૫, જયાબેન ચાલ, કાર્ટર રોડ નંબર ૩, બોરીવલી ઈસ્ટ.

**માંગરોળ દશા શ્રીમાળી વણિક જૈન**

માંગરોળ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. નિર્મળાબેન શાંતિલાલ નગરશેઠના સુપુત્ર ભરતભાઈ (ઉં.વ. ૬૭) તા. ૨૩/૧/૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રિયંકાબેન (પલ્લવી)ના પતિ. કૌશલ અને ખ્યાતિના પિતા. પરિમલ, ધીમંત, મધુબેન પ્રદ્યુમન શાહ, રાજુલબેન સુધીરભાઈ દલાલ અને પલ્લવીબેન પ્રશાંતકુમાર પાકાના ભાઈ. વંદના ગૌતમ અને કેયુર જયેશભાઇ મેહતાના સસરા. પ્રાર્થનાસભા તા. ૨૯/૧/૨૬ના ગુરુવાર ૫ થી ૭. દ્યમોદરવાડી, અશોકનગર, કાંદિવલી પૂર્વ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી, હાલ મુંબઇ, ડો. યશવંત એચ. દફતરી (ઉં.વ. ૯૮) તા. ૨૫/૦૧/૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે રાજેનભાઈ, લીનાબેન તથા મિતેનભાઈના પિતાશ્રી. સ્વાતીબેન, જયેશભાઈ તથા અંકિતાબેનના સસરા. વિનીતના નાના. બિરેન, રોહન, નીલ અને અદિતના દ્યદ્ય. કૃપા, સાક્ષી, શિખા, હિલોનીના મોટાસસરા. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દેરાવાસી દશાશ્રીમાળી જૈન**

થાનગઢ નિવાસી હાલ વિરાર, શર્મિષ્ઠાબેન કાલીદાસ ગાંધી (ઉં.વ.૭૧) રવિવાર તા. ૨૫/૦૧/૨૬ના અરિહંતશરણ થયેલ છે. જે સ્વ. ફૂલચંદ ઉત્તમચંદ શાહની દીકરી. સ્વ. કાલીદાસ હીરાલાલ ગાંધીના ધર્મપત્ની, મનીષના માતુશ્રી. નેહલના સાસુ. શૌર્યના દ્યદી, સ્વ. હસમુખભાઈ અને હિતેન્દ્ર હીરાલાલ ગાંધીના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દેવગાણા નિવાસી હાલ બોરીવલી, સ્વ. જયસુખભાઈ ધરમશી માનચંદ શાહના ધર્મપત્ની પ્રતિભાબેન (ઉં. વ. ૭૪) શનિવાર તા. ૨૪-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દીપ્તિ ધીરેનકુમાર, ચૈતાલી નિશિતકુમાર, પીંકી જીગ્નેશકુમાર, પ્રશાંતના મમ્મી. સ્વ. મહેન્દ્રભાઈ, રંજનબેન ચંદ્રકાંતભાઈ સલોતના ભાભી. પિયરપક્ષે અમૃતલાલ તલકચંદ દોશીના દીકરી. (મહુવાવાળા) ભાવયાત્રા તા. ૨૯-૦૧-૨૬ને ગુરુવારે સવારે ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થાનકવાસી હોલ, એલ.ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના અ.સૌ. નેહા પિયુષ ભેદા (ઉં. વ. ૪૦) તા.૨૪/૧/૨૦૨૬ના અવસાન પામેલ છે. પ્રભાબેન હરખચંદ ના પુત્રવધૂ. પિયુષના ધર્મપત્ની. મોક્ષીતના માતુશ્રી. ભારતી જીવરાજની સુપુત્રી. કાર્તીકની બહેન. પ્રાર્થના : તા.૨૮/૧/૨૬, બુધવાર, પ્રા.વ.સ્થા.જૈન સંઘ સંચાલિત કરસન લધુ નિસર હોલ, દાદર(વે.) ટા.૪ થી ૫.૩૦. નિ.હરખચંદ ભેદા, ૧૫૭, ચંદ્રમહલ બિલ્ડીંગ, રૂમ નં.૯, સેન્ટ પોલ સ્ટ્રીટ, હીન્દમાતા, મુંબઈ-૧૪.

મોટી ખાખરનાં નરશી દેવજી ગોગરી (ઉં. વ. ૮૪) તા. ૨૬-૧-૨૬નાં અવસાન પામેલ છે. મુલબાઇ દેવજી લધાના પુત્ર. ઉર્મીલા (ઉમરબાઇ)ના પતિ. કિરણ, ભરત, નિલેશ, મનીષાના પિતા. ટુંડા કેશવજીના ભાઇ. બાડા ભચીબાઇ પાલણ કાનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિલેશ ગોગરી, ૭, શાંતિ સદન, ડી.એન.સી. ક્રોસ રોડ, વડાળવાડી, ડોંબીવલી (ઇ.) ૪૨૧૨૦૧.

રામાણીયાના હરખવંતી ગાંગજી દેઢીયા (ઉં. વ. ૮૨) તા. ૨૫/૧/૨૬ના અવસાન પામેલ છે. ચોથીબાઇ પુંજાના પુત્રવધૂ.

## હિન્દુ મરણ

મૂળ સરાડીયા હાલ ડોંબીવલી નરેશભાઇ રમેશભાઇ લખલાણી (ઉં.વ. ૫૬) તે સ્વ. રમેશભાઇ રૂગનાથભાઇ લખલાણીના પુત્ર. ભારતીબેનના પતિ. હીનાબેન તથા જૈનિશભાઇના પિતા. સ્વ. તા. ૨૪-૧-૨૬ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૧-૨૬ ગુરુવારના ૩થી ૫. ઠે. શ્રીસ્વામિનારાયણ મંદિર, રાજીજી રોડ, રેલવે સ્ટેશનની બાજુમાં, ડોંબીવલી (ઇસ્ટ).

**કચ્છી લોહાણા**

મૂળ ગામ અંજારના હાલ ઘાટકોપર સ્વ. જયસિંહ વીરજી શેઠીયાના ધર્મપત્ની જયોતિબેન જયસિંહ શેઠીયા (ઉં.વ. ૭૫) તા. ૨૬-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જીતેશભાઇ, ઉદયભાઇ (કનૈયો)ના માતુશ્રી. તે સંગીતા ઉદય શેઠીયાના સાસુમા. જીત અને ધીરના દાદીમા. પિયર પક્ષે કોઠારાવાલા ભવાનજી ગોપાલજી નવાણીના સુપુત્રી. સ્વ. બચુબેન વીરજી શેઠીયાના પુત્રવધૂ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ર સાઠા જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ ટીંટોઇ હાલ કાંદિવલી આચાર્ય ડાહ્યાભાઇ પ્રહલાદજી વ્યાસ (ઉં. વ. ૯૧) તા. ૨૩-૧-૨૬ શુક્રવારના દેવલોક પામેલ છે. તે સ્વ. મણીબેન પ્રહલાદજી વ્યાસના પુત્ર. સ્વ. ચંદ્રીકાબેનના પતિ. સ્વ. વસંતલાલ વ્યાસ, સ્વ. પાર્વતીબેન, સ્વ. હીરાબેનના ભાઇ. સ્વ. નર્મદાબા મૂળશંકર ભટ્ટના જમાઇ. સ્વ. હરીશભાઇ, કમલેશભાઇ, હરેકૃષ્ણભાઇ, દિનાબેન, દર્શનાબેન, આરતીબેનના પિતા. ગં. સ્વ. મીનાબેન, અ. સૌ. ગીતાબેન, અ. સૌ. જીજ્ઞાબેન, નયન ઠાકર, ભાર્ગવ ભટ્ટ, મનિષ ભટ્ટના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા એવેન્યુ હોટેલ લોન, ઠાકુર કોમ્પ્લેક્સ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, કાંદિવલી-પૂર્વ, ગુરુવાર તા. ૨૯-૧-૨૬ના સાંજે ૫થી ૭.

**કપોળ**

નાગેશ્રીવાળા હાલ વિલેપાર્લે સ્વ. પ્રવીણચંદ્ર ભગવાનદાસ કાણકિયાના ધર્મપત્ની રંજનબેન (ઉં. વ. ૮૩) તા. ૨૫-૧-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે જયેશ, નરેશ, હર્ષા સુધીર પારેખના માતુશ્રી. તે નીતા, ડિમ્પલ અને મિલોનીના સાસુ. તે રાજીત, રિયા સાહિલ મહેતા, આદેશ, પ્રબિરના દાદી. કનૈયાલાલ અને ભાનુબેન મધુસુદન નાથાણીના ભાભી. તે નવરગામવાળા સ્વ. હિરાબેન પુરુષોત્તમદાસ તુલસીદાસ ચિતલીયાના દીકરી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

ભાયાવદર નિવાસી હાલ પવઇ અ. સૌ. રેખાબેન (ઉં.વ. ૭૩) તા. ૨૬-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રવીણચંદ્ર તારાચંદ દોશીના ધર્મપત્ની. ફાલ્ગુનીબેન, પ્રીતીબેન, સચિનભાઇના માતા. તે રિયાબેન, સત્યેનભાઇ હર્ષદભાઇ દોશી તથા સંદીપભાઇ મનસુખલાલ ગગલાણીના સાસુ. સ્વ. કિશોરભાઇ, સ્વ. અશોકભાઇ, ઇલાબેન, તરલાબેન તથા સ્વ. પુષ્પાબેનના ભાભી. પિયરપક્ષ સ્વ. હરિદાસ મુલચંદ સાંગાણી (નાગપુર નિવાસી) ના સુપુત્રી. તે રસિકભાઇ, ગં. સ્વ. શીલાબેન, મીનાબેન, રાજુભાઇના બેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સમપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

અ. સૌ. રેણુકાબેન દવે (ઉં. વ. ૮૫) તે વિનોદ દવેના ધર્મપત્ની તથા મિહિરના માતુશ્રી. તેમ જ સ્વ. નિર્મળાબેન ભાનુશંકર દવેના પુત્રવધુ. સ્વ. નિર્મળાબેન ભાનુશંકર પંચોલીના સુપુત્રી. સ્વ. ચારુબેન અને સૌ. કિરણબેનના બેન તા. ૧૫-૧-૨૬ના સ્વર્ગવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

કરાચી નિવાસી હાલ મુંબઇ ખાતે નીતિન હરીશ એન્જિનિર (કારિયા) (ઉં.વ. ૬૨) તે રૂપાબેનના પતિ. સ્વ. રમાબેન અને હરીશભાઇના પુત્ર. ચિંતન શીખાના પિતા. સ્વ. ભરતભાઇ, ગીતાબેનના ભાઇ. સ્વ. જગજીવન લવજીભાઇ રવેશીયાના જમાઇ તા. ૨૩-૧-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ માધવપુર (ઘેડ) હાલ કાંદિવલી ખીમજીભાઇ મોહનલાલ તન્ના (ઉં.વ. ૯૧) તે તા. ૨૫-૧-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સવીતાબેનના પતિ. મોહનલાલ ગોરધનદાસ તન્નાના પુત્ર. સ્વ. મગનલાલ મોહનલાલ તન્ના, સ્વ. બાબુલાલ મોહનલાલ તન્ના ભાઇ. પ્રભુદાસ વીરજી દેવાની માધવપુરના જમાઇ. સ્વ. અલકેશ, સ્વ. ભાવેશ ધર્મેશ, જશુબેન કાંતિલાલ માખેચા, તે સ્વ. મીનાબેન પ્રકાશકુમાર મિરાણી, જયોતિબેન ભાવેશકુમાર સૂચકના મોટાબાપા.લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લુહાણા**

રાજકોટ નિવાસી હાલ દહીંસર હિરાબેન જયંતીલાલ અમલાણી (ઉં. વ. ૮૮) તે સ્વ. જયંતીલાલ રવજીભાઇ અમલાણીના પત્ની. સ્વ. શાંતાબેન બચુભાઇ માણેકના દીકરી. મહેશભાઇ, રાજુભાઇ, રેખાબેનના માતુશ્રી. ગીતાબેન, દિવ્યાબેન, આશિતકુમારના સાસુ. સ્વીટી, રવિ, એશા, પ્રથમના દાદી. આયુષ, મોસમના નાની. યુગના પરદાદી. શનિવાર, તા. ૨૪-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રાજેન્દ્ર શામળદાસ મહેતા (દાણી)ના ધર્મપત્ની રેખાબેન

---

ગાંગજીભાઇના પત્ની. હેમા આશા દિનેશના માતુશ્રી. પુનડીના પાનબાઇ મેઘજીના સુપુત્રી. નાગજીભાઇ રતનબેન ભવાનજીભાઇના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસઃ દિનેશ દેઢીયા, યશોદા હાઇટસ, એ-૩૦૩, વિદ્યાવિહાર (ઇસ્ટ).

ગોધરાના માતુશ્રી ચંચલબેન રાયચંદ શાહ (ઉં. વ. ૮૯) તા. ૨૫-૧-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી વિજયાબેન લીલાધર લખમશી છેડાનાં પુત્રવધુ. રાયચંદના પત્ની. મો. આસંબીયાના માતુશ્રી કુંવરબેન રામજી ગાલાના પુત્રી. ડો. ભરત, ડો. રીટા, અજયના માતુશ્રી. ર. ગણેશના સરોજ શાંતીલાલ વિસરીયા, ગુણવંતી/લક્ષ્મી જયંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. અજય શાહ, ૨, બેલા, છેડા નગર, ચેમ્બુર, મુંબઇ-૮૯.

બેરાજાના માતુશ્રી સુંદરબેન માવજી સાવલા (ઉં. વ. ૯૨) તા. ૨૩-૧-૨૬નાં અવસાન પામેલ છે. ચાંપબાઇ મુરજી રતનશીના પુત્રવધૂ. પ્રફુલા, હસમુખ, મહેન્દ્રના માતુશ્રી. ગેલડા સોનબાઇ કુંવરજી (જખુ) કરમણના પુત્રી. ગાંગજી, મગન, ખીમજી, લાલજી, ધનજી, ભુજપુર કાનબાઇ વેલજી નવિનાર રતનબેન શામજી, બેરાજા લક્ષ્મીબેન ધનજી, બારોઇ સાકરબેન કેશવજીના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ હોલ, દાદર (વે.), સમય : ૨.૦૦ થી ૩.૩૦. નિ. મહેન્દ્ર માવજી, ૨૦૦૧, શેઠીયા દર્શન, દફતરી રોડ, મલાડ (ઇ.).

તા. ૨૬-૧-૨૬ સોમવાર (ઉં. વ. ૭૧)ના શ્રીજીચરણ પામેલ છે. જસ્મીન મહેતા, પૂર્વી કાર્તિક ટોપરાણી, મીતલ મૌલિક વસાણીના માતુશ્રી. ઝલક મહેતાના સાસુ. રજનીકાંત મહેતા, પ્રીતી મહેતા, ગં. સ્વ. પૂનમ વિનાયક કપાસી, ગં. સ્વ. મીના મહેશ દોશીના ભાભી. મહુવા નિવાસી સ્વ. જંસવતીબેન દલપતરાય મોહનલાલ મહેતા (ખોખાણી)ના દીકરી. ધૈર્યના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯-૧-૨૬ ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ).

**હાલાઈ લોહાણા મહાજન**

જોડિયા જામનગર વતની હાલ નાસિક, કુમારી વિમલા મેઘજી મિરાણી (ઉં.વ.૮૦) તા. ૨૪ જાન્યુઆરી ૨૦૨૬ (શનિવાર)ના અવસાન થયું છે. તે સ્વ. મેઘજી ખીમજી મિરાણી તથા સ્વ. શામાબાઈ મિરાણીના પુત્રી, સ્વ. રાંચોડભાઈ, સ્વ. શાંતિલાલ મેઘજી મિરાણી તથા સ્વ. નર્મદાબેન રસિક પટેલના બહેન, સ્વ. વીણા શાંતિલાલ મીરાણી અને સ્વ મંજુબેન રણછોડદાસ મીરાણીના નણંદ. સ્વ. રાજુભાઈ, સ્વ. તરુણ રસિક પટેલ તથા શ્રીમતી હેમલતાના માસી, ડૉ. મનીષ અને કુમારી ફાલ્ગુની શાંતિલાલ મિરાણીના ફોઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા, હાલ કાંદિવલી, ગં.સ્વ. મંજુલાબેન હરજીવનદાસ સંઘવીના સુપુત્ર સ્વ. દેવાનંદના ધર્મપત્ની છાયાબેન (ઉં.વ.૬૪) મિહિરના માતુશ્રી, સ્વ. જયંતભાઈક્ષાબેન, સ્વ. નિતિનભાઈ, સંજીવભાઈ, ફાલ્ગુનીબેન, હંસાબેન, ભાવનાબેન, હર્ષાબેન તથા જયશ્રીબેનના ભાભી. જાફરાબાદવાળા ગં. સ્વ કાંતાબેન કાંતિભાઈ વૃજલાલ મહેતાની પુત્રી. તા. ૨૭/૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા તા. ૨૯/૦૧/૨૬ના ૫ થી ૭. સ્થળ : કેવલ બાગ, ભાનુ પાર્ક, કાંદિવલી ફ્લાયઓવરની નીચે, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ થોરિયાળી હાલ બોરીવલી વેસ્ટ, હિંમતલાલ કમરશીભાઈ ઠક્કર (ઉં. વ. ૮૨) તે નિર્મળાબેનના પતિ. નિલેશભાઈ, જતીનભાઈ, વિરેશભાઈના પિતાશ્રી. વર્ષાબેન, સોનલબેન, પીનાબેનના સસરા. દીપ, થિરાગી અને હસ્તીના દાદા. સોમવારે તા. ૨૬/૦૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે, લૌકિક વ્યહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ મુંબઈ, સ્વ. અરવિંદભાઈ વીરજીભાઈ મોદીના ધર્મપત્ની ગં. સ્વ જ્યોત્સનાબેન (અરુણાબેન) (ઉં. વ. ૭૯) તે સેજલ તથા ઊર્મિના માતુશ્રી. વિપુલ ગોરડિયા તથા હિતેશ મહેતાના સાસુ. લલિતાબેન અનંતરાય મોદી તથા જસવંતીબેન ઈન્દુભાઈ મોદીના દેરાણી. જાફરાબાદવાળા જમનાદ્યસ છગનલાલ વોરાની દીકરી. તા. ૨૫/૧/૨૬ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે, પ્રાર્થનાસભા તા. ૨૯/૦૧/૨૦૨૬ને ગુરુવાર ૫ થી ૭. હાલાઈ લોહાણા મહાજનવાડી, શંકરમંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

મુંબઈ નિવાસી હાલ અંધેરી, અ.સૌ. પ્રેરણા માલવિયા (ઉં. વ. ૭૦) તે જયંતભાઈ પ્રભુલાલ માલવિયાના ધર્મપત્ની, તે સ્વ. માનવંતીબેન મનસુખલાલ ગગલાણીના દીકરી. વસંતબેન દિનેશભાઇ માલવિયાના દેરાણી, અવની સુદીપ પાટીલ તથા દેવિકા બીજલ ભટ્ટના માતુશ્રી. સ્વ. કમળાબેન, ધીરજબેન, સ્વ. રંજનબેનના ભાભી. સરોજ ભરત જનાણી, નલિની કિરીટ સાંગાણી, મહેન્દ્રભાઈ, દેવેન્દ્રભાઈના મોટાબેન. ૨૭/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૯/૧/૨૬ના ૫ થી ૭ કલાકે વિશ્વેશ્વર ભૂવન, પહેલે માળે સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ વિલેપાર્લે વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય બ્રાહ્મણ**

મૂળ ગામ ભાવનગર હાલ ઘાટકોપર, સ્વ. અનંતરાય રાવળના પત્ની સુશીલાબેન (ઉં. વ. ૮૫) તે ૨૫/૧/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે વિપુલ, જયશ્રી, વર્ષાના માતુશ્રી. જયેશ, સીમા તથા તરૂણના સાસુ. યશવંતરાય, વિનોદરાય, તનસુખરાય, કિશોર દુલેરાય દવેના બહેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા શ્રીમાળી**

ઉના નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. મુકેશ મનવંતરાય શાહ (ઉં. વ. ૫૮) તે સ્વ. મનવંતરાય અને સ્વ. જસુમતીબહેનના પુત્ર. તે કુમુદિની, નીના, અંજના, અર્ચના, કૌશિકના ભાઈ. મોનિશ, મિતેનના સાળા, અદિતી અને પાર્થના મામા સોમવાર ૨૬-૧-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી દશા પોરવાલ વૈષ્ણવ વણિક**

મુંબઈ નિવાસી, કુ. રેખા (ઉં. વ. ૮૩) તે જમનાબાઈ મનસુખલાલના પૌત્રી, સ્વ. સુશીલાબેન, સ્વ. અરવિંદલાલ મનસુખલાલ તોલાટની પુત્રી, મોસાળપક્ષે નાની ચંદ્રકાંતા રસિકલાલ હિરાલાલ મહેતા, સ્વ. નીતા, સ્વ. ઉદય સિંઘ, કિરણ કિશોર દવે, ગીતા હરેન્દ્ર દલાલ, નિતિનભાઈ, કલ્પના અજીત અઘરકર, સ્વ. પરાગભાઈના મોટાબહેન. મીના અને ગં.સ્વ. માલતીના નણંદ, તા. ૨૫.૧.૨૬ના શ્રીજીચરણ યામ્યા છે, લૌકિક પ્રથા બંધ છે.

**મેઘવાળ**

ગામ ટાણા, હાલ મુંબઈ મઝગાવ તાડવાડી, સ્વ. દિલીપ બેચરભાઈ ભોજ (ઉં. વ. ૬૧) સ્વર્ગવાસ ગુરુવાર, ૨૨-૧-૨૬ના થયો છે. તે સ્વ. રતનબેન અને સ્વ. બેચર નાનજી ભોજના પુત્ર. હંસાબેનના પતિ. ભાવના વિપુલ રાવલિયા, દર્શનના પિતાશ્રી. સ્વ. શિવરામભાઈ, સ્વ. વિશ્રામભાઈ, સ્વ. રાજારામભાઈ, રામુભાઈ, ગં. સ્વ. સોનાબેન, સ્વ. લક્ષ્મીબેનના ભાઈ, સોલંકી પરિવારના જમાઈ. તેમના બારમાની વિધિ બુધવાર, ૨૮ જાન્યુ, ૨૦૨૬ સાંજે ૫.૦૦ કલાકે. સ્થળઃ સરએલી કાદુરી હાઈ સ્કુલ મઝગાંવ તાડવાડી, જૈન દેરાસર સામે મુંબઈ - ૧૦.

**નાઘેર દશા શ્રીમાળી**

ઊના નિવાસી હાલ, ઘાટકોપર, સ્વ. મુકેશ મનવંતરાય શાહ (ઉં. વ. ૫૮) તે સ્વ. મનવંતરાય અને સ્વ. જસુમતીબહેનના પુત્ર. તે કુમુદિની, નીના, અંજના, અર્ચના, કૌશિકના ભાઈ, મોનિશ, મિતેનના સાળા. અદિતી અને પાર્થના મામા. સોમવાર તા. ૨૬-૦૧-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

મૂળ જીંજરીના હાલ બોરીવલી, કામેશ્વર રેવાશંકર વ્યાસ (ઉં. વ. ૭૭) તા. ૨૪ જાન્યુઆરીના શનિવારે કૈલાસવાસી થયા છે. તે સ્વ. ધીરજબેન રેવાશંકર લાલજી વ્યાસના પુત્ર. શીલાના પતિ. રચના, હર્ષિતના પિતા, લલિત, સ્વ. મંછા, સ્વ. ગુણવંતી, ગં.સ્વ. કૈલાશ, સ્વ. ચંદ્રા, સ્વ. ધ્રુવલતા (પ્રજ્ઞા), ગં.સ્વ. મીનાના ભાઈ, સુનીત, દિયા, કિયાંગ, રોષા, શાનના દ્યદ્ય. જય, આલિયાના નાના. સ્વ. વલ્લભદ્યસ દેવરાજ સામાણીના જમાઈ. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૨૯ જાન્યુઆરીના ગુરુવારે સાંજે ૪ થી ૬. સ્થળઃ આવ્યુકતા પ્રકાશ, મહારાષ્ટ્ર નગર, એલ. ટી. રોડ. બોરીવલી વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ખેતવાડીમાં સ્કૂલબસનું ટાયર ફરી વળતાં એક વર્ષનાં પૌત્રનું મૃત્યુ, દાદી ઘાયલ

## પિતરાઇ બહેનને લેવા માટે અવિર વ્યાસ તેની દાદી સાથે ગયો ત્યારે તેમને અકસ્માત નડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના ખેતવાડી વિસ્તારમાં સ્કૂલ બસનું ટાયર ફરી વળતાં એક વર્ષના બાળકનું ગંભીર ઇજાને કારણે મૃત્યુ થયું હતું, જ્યારે તેની દાદીને ઇજા પહોંચી હતી. સ્કૂલેથી બસમાં પાછી ફરેલી પિતરાઇ બહેનને લીધા બાદ અવિર વ્યાસ તેની દાદી સાથે ઘર તરફ જઇ રહ્યો હતો ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો. અકસ્માતને કારણે લોકોમાં રોષ જોવા મળ્યો હતો અને તેમણે થોડા સમય માટે રસ્તો જૅમ કરી દીધો હતો. પોલીસે આ પ્રકરણે સ્કૂલ બસના ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કરીને વધુ તપાસ આદરી હતી.

ડી.બી. માર્ગ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર નીતિન દળવીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ખેતવાડી ૧૧મી ગલી નજીક નિર્મલ નિકેતન સોસાયટી પાસે મંગળવારે બપોરના ૧૨.૧૫ વાગ્યાની આસપાસ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા બાળકની ઓળખ એક વર્ષના અવિર વ્યાસ તરીકે થઇ હતી. અકસ્માતમાં આવિરનાં દાદી ચંદ્રકલા શિવરામ વ્યાસ (૬૮)ને ગંભીર ઇજા પહોંચી હોવાથી તેમની સારવાર ચાલી રહી છે.

ખેતવાડી વિસ્તારમાં આવેલા શ્રીપતિ કેસલ ટાવરમાં રહેનારા કેવલ વ્યાસના ભાઇ ચાણક્યની દીકરી મંગળવારે

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રજાસત્તાક દિન નિમિત્તેના કાર્યક્રમ માટે લગાવેલાં સ્પીકર પડતાં બાળકીનું મૃત્યુ

## ભંગારવાળાના માથા પરનું ચીંધી ભરેલું પોટલું વાયરમાં ફસાવાને કારણે બન્ને સ્પીકર ત્રણ વર્ષની માસૂમ પર પડ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિક્રોલીમાં બનેલી આઘાતજનક ઘટનામાં પ્રજાસત્તાક દિન નિમિત્તેના કાર્યક્રમ માટે લગાવવામાં આવેલાં મોટાં સ્પીકર ત્રણ વર્ષની બાળકી પર પડતાં તેનું કરુણ મોત નીપજ્યું હતું.

ભંગારવાળો માથા પર ચીંધી ભરેલું પોટલું લઈ જતો હતો ત્યારે પોટલું વાયરમાં ફસાવાને કારણે બન્ને સ્પીકર ઊંધાં વળ્યાં હતાં અને તે જ સમયે દોડતી આવેલી બાળકી સ્પીકર નીચે દબાઈ ગઈ હતી. આ ઘટનાનો આંચકાજનક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો.

વિક્રોલી પોલીસના જણાવ્યા મુજબ સોમવારની બપોરે સાડાઅગિયાર વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં જાન્હવી સોલકરે જીવ ગુમાવ્યો હતો. આ પ્રકરણે કાર્યક્રમના આયોજક એવા મંડળના વિનોદ પરમાર સહિત ભંગારવાળા સૈયદ ગુરન વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર ઘટના વિક્રોલીના ટાગોર નગર પાસેના આંબેડકર નગર પરિસરમાં બની હતી. પ્રજાસત્તાક દિન નિમિત્તે સ્થાનિક મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માટે પરિસરના એક મંદિર પાસે બે મોટાં સ્પીકર સ્ટૅન્ડ પર મૂકવામાં આવ્યાં હતાં. બન્ને સ્પીકર ચાલીને બે

(જુઓ પાનું ૪) ▶▶

# પુણેમાં દહેજ માટે અપાતા ત્રાસથી કંટાળીને પુત્રવધૂની આત્મહત્યા

પુણે: દહેજ માટે અપાતા ત્રાસથી કંટાળીને ૩૦ વર્ષની પુત્રવધૂએ આત્મહત્યા કર્યાના ત્રણ દિવસ બાદ તેના પતિ અને સાસુની ધરપકડ કરવામાં આવી હતી.

પૈસાની વારંવાર માગણી કરવા ઉપરાંત સાસરિયા દ્વારા તાજેતરમાં પુત્રવધૂને ગર્ભપાત કરાવવા માટે દબાણ કર્યું હતું, કારણ કે ગર્ભમાં દીકરી હતી.

દીપ્તિ ચૌધરી (૩૦)એ ૨૪ ફેબ્રુઆરીએ હવેલી તાલુકાના સોરતાપવાડી વિસ્તારમાં તેના સાસરે ગળાફાંસો ખાધો હતો.

મૃતકની માતાએ આ પ્રકરણે ઉરુલી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતા હેઠળ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું, દહેજ મૃત્યુ તેમ જ પ્રી-કન્સેપ્શન એન્ડ પ્રી-નેટલ ડાયગ્નોસ્ટિક ટેક્નિક્સ ઍક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દીપ્તિના પતિ રોહન કારભારી ચૌધરી અને સાસુ સુનિતા ચૌધરીની ધરપકડ કરવામાં આવી હતી. સુનિતા ચૌધરી ગામની સરપંચ છે. દીપ્તિના સસરા કારભારી ચૌધરી અને દિયર રોહિત ચૌધરીના નામે એફઆઇઆરમાં આરોપી તરીકે છે, પણ હજી તેમની ધરપકડ કરાઇ નથી.

પોલીસ ફરિયાદ અનુસાર દીપ્તિનાં લગ્ન ૨૩ નવેમ્બર, ૨૦૧૯ના રોજ રોહન ચૌધરી સાથે થયાં હતાં. થોડા મહિના બાદ ચારિત્ર્ય પર શંકાને લઇ રોહન દ્વારા તેને ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું અને વારંવાર તેનું અપમાન કરવામાં આવતું હતું.

દંપતીને પુત્રી છે, પણ સાસરિયાંએ પુત્રીના જન્મ પર નારાજગી વ્યક્ત કરી હતી. બાદમાં તેમણે વ્યવસાયમાં નુકસાન થયું હોવાનો દાવો કરીને દીપ્તિનાં માતા-પિતા પાસે પૈસાની માગણી કરી હતી, જેમણે તેમને ૧૦ લાખ રૂપિયા આપ્યા હતા.

જોકે આનાથી સંતુષ્ઠ ન થયેલા રોહને બીજા પચીસ લાખ રૂપિયા માગ્યા હતા અને કહ્યું હતું કે દીપ્તિનાં માતા-પિતાએ લગ્ન સમયે તેને કાર આપી નહોતી. તેમણે રોકડ આપીને એ માગણી પણ પૂર્ણ કરી હતી.

વધુમાં દીપ્તિને લગ્ન વખતે મળેલા પચીસ તોલા સોનાના દાગીના સાસરિયાંએ લઇ લીધા હતા. ■

# મહાનગરપાલિકાની ચૂંટણી બાદ મેયરના મુદ્દે મહાયુતિમાં સંબંધો વણસ્યા

## એકનાથ શિંદેએ સળંગ બીજી કેબિનેટ મીટિંગમાં મારી દાંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યની ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી બાદ મુંબઈ સહિત અન્ય પાલિકામાં મેયરને મુદ્દે ભાજપ અને શિંદેસેના વચ્ચે સંબંધોમાં તણાવ નિર્માણ થયો હોવાનું માનવામાં આવે છે ત્યારે મંગળવારે રાજ્યની યોજાયેલી કેબિનેટ બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ગેરહાજર રહેતા શિંદે ભાજપના મોવડીમંડળથી નારાજ હોવાથી લઈને અનેક ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આ અગાઉ યોજાયેલી કેબિનેટની બેઠકમાં પણ એકનાથ શિંદે ગેરહાજર રહ્યા હતા.

તાજેતરમાં રાજ્યની ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ મંગળવારે બીજી કેબિનેટની બેઠક થઈ હતી, જેમાં શિંદે ગેરહાજર રહ્યા હતા. તેમના ગેરહાજર રહેવા પાછળ રાજકીય સ્તરે અનેક ચર્ચા થઈ રહી છે, જેમા મુખ્યત્વે મુંબઈ મહાનગરપાલિકામાં મેયરપદથી લઈને જુદી જુદી મહત્ત્વની સમિતિઓમાં અધ્યક્ષ પદના વહેંચણીને મુદ્દે એકમત સધાઈ શક્યો ન હોવાનું માનવામાં આવે છે.

કેબિનેટની મહત્ત્વની બેઠકમાં હાજરી

(જુઓ પાનું ૪) ▶▶

# પાલિકામાં વિરોધપક્ષને રોકવા ભાજપ-સેના સંયુક્ત રીતે નગરસેવકોનું જૂથ બનાવી રજિસ્ટ્રેશન કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકામાં વિરોધપક્ષને મહત્ત્વની વૈધાનિક કમિટીઓ કબજો કરવાથી રોકવા માટે ભાજપ અને શિવસેના (શિંદે)એ કોંકણભવનમાં સંયુક્ત રીતે ગ્રૂપનું રજિસ્ટ્રેશન કરાવવાનો નિર્ણય લઈને ગણતરીપૂર્વકનું રાજકીય પગલું ભર્યું છે.

ભાજપ અને શિંદેની શિવસેનાએ બેલાપુરમાં આવેલા કોંકણ ભવનમાં સંયુક્ત રીતે તેમના નગરસેવકોનું એક જૂથ બનાવીને રજિસ્ટ્રેશન કરાવવાનો નિર્ણય લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ વ્યૂહાત્મક પગલું ભાજપ-શિંદેએ વિપક્ષોને મહત્ત્વની ગણાતી ઈમ્પ્રુવમેન્ટ (સુધાર સમિતી) કમિટીમાં સંખ્યાત્મક રીતે રોકવા અને લોટરી દ્વારા

(જુઓ પાનું ૪) ▶▶

# જૂની અદાવતમાં સગીરે બીએમડબ્લ્યુ કારથી સ્કૂટરસવાર બેને કચડવાનો પ્રયત્ન કર્યો

નાશિક: જૂની અદાવતને પગલે વેર વાળવાની વૃત્તિથી સરકારી અધિકારીના ૧૬ વર્ષના દીકરાએ બીએમડબ્લ્યુ કાર પુરપાટ વેગે ચલાવી સ્કૂટરસવાર બે મિત્રને કચડવાનો પ્રયાસ કર્યો હોવાની આંચકાજનક ઘટના નાશિકમાં બની હતી.પોલીસના જણાવ્યા મુજબ સગીર વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિત અન્ય આરોપો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. શનિવારે નાશિક શહેરના ગંગાપુર રોડ પરિસરમાં સ્કૂટરને અડફેટે લઈ સગીર કાર સાથે ફરાર થઈ ગયો હતો. પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે ટ્રેસ કરી તેને તાબામાં લીધો હતો અને રિમાન્ડ હોમમાં મોકલી આપ્યો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બીએમડબ્લ્યુ કાર સરકારી અધિકારીનો પુત્ર છે. જખમી સ્કૂટરસવાર બન્ને મિત્ર છે અને સગીર વયના છે. બન્ને સગીરમાંથી એકે આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે બન્ને મિત્ર સ્કૂટર પર જતા હતા ત્યારે સગીરે તેની લક્ઝુરિયસ કારમાં સ્કૂટરનો પીછો કર્યો હતો. પછી બન્નેને મારી નાખવાના હેતુથી તેણે સ્કૂટરને જોરદાર ટક્કર મારી હતી. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રના પ્રધાન વિરુદ્ધ ચૂંટણી આચારસંહિતા ભંગ બદલ કૉંગ્રેસની ફરિયાદ

મુંબઈ: મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળએ મંગળવારે ભાજપના રાજ્ય પ્રધાન ચંદ્રકાંત પાટીલ વિરુદ્ધ આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી માટે લાગુ કરાયેલી આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવાનો આરોપ કરી વિપક્ષી ઉમેદવારોને જાહેરમાં તેમના ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનું કહ્યું હતું.

સપકાળએ રાજ્ય ચૂંટણી પંચનો સંપર્ક કરી પાટીલ વિરુદ્ધ કથિત ચૂંટણી આચારસંહિતા ભંગ બદલ ફરિયાદ નોંધાવી હતી.

૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓની ચૂંટણી પાંચ ફેબ્રુઆરીએ યોજાવાની છે.

# મલાડમાં ગેસ ગળતર બાદ સિલિન્ડરમાં બ્લાસ્ટ

## બે વર્ષના બાળક સહિત સાત જખમી, બેની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલાડમાં મંગળવારે એલપીજી ગેસ સિલિન્ડરમાં થયેલા બ્લાસ્ટ બાદ લાગેલી આગમાં બે વર્ષના બાળક સહિત સાત લોકો જખમી થયા હતા, જેમાં બે મહિલાની હાલત અત્યંત ગંભીર છે. મલાડ (પશ્ચિમ)માં માલવણીમાં ભારત માતા સ્કૂલ નજીક એક ચાલીમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળના મકાનના પહેલા માળ પર સવારના ૯.૨૫ વાગ્યાની આસપાસ ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો અને સિલિન્ડરમાં ધડાકા બાદ ઝડપભેર આગ ફાટી નીકળી હતી. આગ ઝડપભેર ઘરમાં રહેલા સામાનમાં ફેલાઈ ગઈ હતી અને એ સમયે ઘરમાં હાજર રહેલા સાત લોકો આગને કારણે દાઝી ગયા હતા. આગ લાગ્યા બાદ ફાયરબ્રિગેડ પહોંચે તે પહેલા સ્થાનિક લોકો દોડી ગયા હતા અને આગ બુઝાવવાના પ્રયાસ કર્યા હતા. તેમ જ જખમી થયેલા લોકોને નજીક આવેલી ખાનગી હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. બાદમાં તેમને પાલિકા સંચાલિત હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જખમીમાં ૩૫ વર્ષની રોમા અને ૧૮ વર્ષની અલિશા ૩૫ ટકા દાઝી ગયા છે અને તેમની હાલત ક્રિટીકલ છે. તો ૬૦ વર્ષના ઝુલેખાબાનો અંસારી પંચાવનથી સાઈઠ ટકા દાઝી ગયા છે અને બે વર્ષનો બાળક અદિલ શેખ ૨૦ ટકા દાઝી ગયો છે. બંનેને બાદમાં કુપર હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તો ૫૪ વર્ષના વિજય ચૌધરી, ૧૮ વર્ષના તૌસીબ ખાન અને ૧૭ વર્ષના અલી કાસમે મોંડેથી મેડિકલ એડવાઈસ્ડથી વિરુદ્ધ હૉસ્પિટલથી ડિસ્ચાર્જ લીધો હતો. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ ઘરમાં ગેસ સિલિન્ડરની સંખ્યા વધુ હોવાથી એક સિલિન્ડરમાં ગળતર થયા બાદ આગ લાગી ત્યારે બીજા સિલિન્ડરમાં પણ તેને કારણે ધડાકો થયો હતો અને તેને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. ■

# મુંબઈ - નવી મુંબઈ એરપોર્ટ જોડતો મેટ્રો પ્રોજેક્ટ મંજૂર

મુંબઈ: મહારાષ્ટ્ર કેબિનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કમિટીએ મંગળવારે મુંબઈ અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને જોડવા માટે બાવીસ હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારા ૩૫ કિમી લાંબા મેટ્રો પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. આ કોરિડોરમાં ૨૦ સ્ટેશન હશે, જેમાં છ ભૂગર્ભ અને ૧૪ એલિવેટેડ સ્ટેશન હશે. મુખ્ય પ્રધાન કાર્યાલય તરફથી જણાવાયું છે કે ૩૦.૭ હેક્ટરને આવરી લેતા આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદનનો ખર્ચ રૂ. ૩૮૮ કરોડ થવાનો

(જુઓ પાનું ૪) ▶▶

# કૉંગ્રેસે મુસ્લિમોની અવગણના કરી હોવાથી એઆઈએમઆઈએમને મહારાષ્ટ્ર નાગરિક ચૂંટણીમાં વધુ બેઠકો મળી: દલવાઈ

મુંબઈ : કૉંગ્રેસના વરિષ્ઠ નેતા હુસૈન દલવાઈએ મંગળવારે એઆઈએમઆઈએમને ભાજપની "બી ટીમ" ગણાવી અને તાજેતરમાં મહારાષ્ટ્ર નગર નિગમ ચૂંટણીઓમાં અસદુદ્દીન ઓવૈસીના નેતૃત્વ હેઠળના પક્ષના વધતા પ્રભાવ માટે કૉંગ્રેસ મુસ્લિમો સાથે મજબૂત રીતે ઊભા રહેવામાં નિષ્ફળ ગઈ હોવાનું જણાવ્યું.

રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય દલવાઈએ કહ્યું કે, "આ કોંગ્રેસની ભૂલ છે. પાર્ટી મુસ્લિમોને અવગણી રહી છે, અને તેથી જ મુસ્લિમો પણ કૉંગ્રેસને અવગણી રહ્યા છે. મુંબઈમાં એઆઈએમઆઈએમએ જીતેલી આઠ બેઠકો કૉંગ્રેસને મળી શકત, પરંતુ ૨૨૭ સભ્યોના બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફક્ત ૨૪ બેઠકો જીતી શકી છે.

તેમણે વધુમાં કહ્યું કે જ્યારે મુસ્લિમો અન્યાયનો સામનો કરી રહ્યા હોય ત્યારે કૉંગ્રેસે તેમની સાથે મજબૂતીથી ઊભા રહેવું જોઈએ, અને ઉમેર્યું કે સમુદાય રક્ષણની શોધમાં એઆઈએમઆઈએમ તરફ વળી રહ્યો છે. મુસ્લિમોએ સમજવું જોઈએ કે તેઓ ફક્ત બિનસાંપ્રદાયિક પક્ષો સાથે જ સુરક્ષિત છે.

મુંબઈના મેયરપદને ઓપન કેટેગરીની મહિલા માટે અનામત રાખવા અંગેના પ્રશ્નના જવાબમાં દલવાઈએ કહ્યું, "આરએસએસ બ્રાહ્મણવાદી છે. સનાતન ધર્મને ટેકો આપવો એ બ્રાહ્મણવાદ છે. બ્રાહ્મણો પણ બ્રાહ્મણવાદ વિરુદ્ધ બોલે છે. પીટીઆઈ

# મુંબઈના મેયરની ચૂંટણી માટે જાહેરનામાની રજૂઆત નિયમોમાં ફેરફાર: ઠાકરે જૂથના નગરસેવકની તક છીનવાઈ ગઈ

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી સંબંધિત ઘટનાઓએ હવે જોર પકડ્યું છે. મેયરપદ માટે અનામત લોટરીની જાહેરાત બાદ મેયર અને ડેપ્યુટી મેયરની પસંદગીની પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ થશે. રાજ્ય સરકારે મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડ્યું છે. અગાઉના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. તેથી, આ વખતે મેયરની ચૂંટણી દરમિયાન કમિશનર ભૂષણ ગગરાણી ગૃહમાં પ્રિસાઇડિંગ ઓફિસર તરીકે જવાબદારી સંભાળશે.

મુંબઈ મહાનગરપાલિકાના મેયર અને ડેપ્યુટી મેયરપદ માટે ચૂંટણી આવતા અઠવાડિયે યોજાશે. આ માટે વહીવટીતંત્ર દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અત્યાર સુધી નવું ગૃહ રચાય ત્યારે નવા મેયરની પસંદગી થતી આવી છે, ત્યારે કામ પ્રિસાઇડિંગ ઓફિસરના નેતૃત્વ હેઠળ થતું હતું. જોકે, હવે, મુખ્ય સચિવના હોદ્દા હેઠળના પદ ધરાવતા નગરસેવક અથવા ગૃહમાં નિયુક્ત ભૂતપૂર્વ વરિષ્ઠ કોર્પોરેટર પ્રિસાઇડિંગ ઓફિસર રહેશે નહીં. ફક્ત કમિશનર અથવા વહીવટકર્તા જ પ્રિસાઇડિંગ ઓફિસર તરીકે કામ કરશે. પાછલી મહાનગરપાલિકાનો કાર્યકાળ પૂરો થયાને લગભગ ત્રણ વર્ષ થઈ ગયા હોવાથી વિદાય લેતા મેયરની કલ્પનાનો અર્થ નથી રહેતો.

જૂના નિયમો અનુસાર એક વરિષ્ઠ નગરસેવક પ્રિસાઇડિંગ ઓફિસર તરીકે કાર્ય કરી શકે છે. જૂના નિયમો અનુસાર, ઉદ્ધવ ઠાકરે જૂથના વરિષ્ઠ નગરસેવક શ્રદ્ધા જાધવને પ્રિસાઇડિંગ ઓફિસર તરીકે કાર્ય કરવાનો અધિકાર હતો. આ અધિકાર દૂર કરીને મુખ્ય સચિવ કક્ષાના અધિકારીને આપવામાં આવ્યો છે. સ્વાભાવિક રીતે, એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે વર્તમાન કમિશનર ભૂષણ ગગરાણી પ્રિસાઇડિંગ ઓફિસર તરીકે કાર્ય કરશે. ■

# મુંબઈમાં કમોસમી વરસાદનાં ઝાપટાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ, થાણે સહિત રાજ્યમાં શિયાળાની મોસમમાં ફરી એક વખત કમોસમી વરસાદે એન્ટ્રી કરી છે. ઉત્તર ભારતમાં સક્રિય રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ મંગળવારે વહેલી સવારના મુંબઈમાં

(જુઓ પાનું ૪) ▶▶

# મંત્રીમંડળની બેઠકમાં ત્રણ મહત્ત્વના નિર્ણય

મુંબઈ: મુંબઈને નવી મુંબઈથી જોડનારી મેટ્રો-આઠને મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં માન્યતા આપવામાં આવી હતી. એ સિવાય રાજ્યના ખેડૂત, વેપારી અને ઔદ્યોગિક વિસ્તારોને રાહત મળે તે માટે પણ મહત્ત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા, જેમાં ભિવંડી તાલુકામાં મૌજે બાપગામમાં મલ્ટી પ્રોડ્કસ માટે હબ ઊભું કરવા માટે

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં ભાજપનો ઐતિહાસિક વિજય; છતાં નેતૃત્વ હજુ પણ નાખુશ

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વમાં મહાયુતિએ વિજય મેળવ્યો છે. ભાજપ અને શિંદે સેનાએ બહુમતીનો આંકડો વટાવી દીધો છે, જેના કારણે મહાનગરપાલિકા પર ઉદ્ધવ ઠાકરેના પક્ષની સત્તાનો અંત આવ્યો છે. લગભગ અઢી દાયકા સુધી ઠાકરેની શિવસેનાએ મહાનગરપાલિકા પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું, જે આ વર્ષે સમાપ્ત થયું છે.

ભાજપની સરખામણીમાં મુંબઈમાં શિંદે સેનાને મર્યાદિત સફળતા મળી હોવાથી મહાનગરપાલિકામાં ભાજપના જ મેયર બનશે તે વાત સ્પષ્ટ થઈ ગઈ છે. આમ છતાં, પક્ષના વરિષ્ઠ નેતાઓ મુંબઈ ભાજપથી નારાજ હોવાનું જાણવા મળી રહ્યું છે.

મુંબઈ મહાનગરપાલિકામાં કુલ ૨૨૭ વોર્ડ છે. બહુમતીનો આંકડો ૧૧૪ છે. ભાજપે ૮૯ બેઠકો જીતી હતી, જ્યારે શિંદે સેનાએ ૨૯ બેઠકો જીતી હતી. ભાજપે ૧૩૭ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૮૯ બેઠકો જીતી હતી. ભાજપનો સ્ટ્રાઇક રેટ લગભગ ૬૫ ટકા હતો.

# માતાએ ગળું ચીરી પુત્રને મારી નાખ્યો

પુણે: પુણેમાં માતાએ તીક્ષ્ણ હથિયારથી ગળું ચીરીને ૧૧ વર્ષના પુત્રની હત્યા કરી હતી અને પુત્રી પર હુમલાનો પ્રયાસ કર્યો હતો.

પુણેમાં વાઘોલી વિસ્તારમાં આવેલી હાઉસિંગ સોસાયટીમાં મંગળવારે સવારે આ ઘટના બની હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર મહિલાએ પ્રથમ તેના ૧૧ વર્ષના પુત્રનું તીક્ષ્ણ હથિયારથી ગળું ચીરી નાખ્યું હતું, જેમાં તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. મહિલાએ બાદમાં તેની ૧૩ વર્ષની પુત્રી પર પણ હુમલાનો પ્રયાસ કર્યો હતો, પણ અવાજ સાંભળીને દોડી આવેલા પડોશીઓએ પુત્રીને બચાવી લીધી હતી. દરમિયાન બનાવની જાણ થતાં વાઘોલી પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. બાળકના મૃતદેહને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી મહિલાને તાબામાં લીધી હોઇ હુમલા પાછળના હેતુની તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# પુણેમાંથી ૧૦ કિલો ડ્રગ્સ જપ્ત

પુણે: પુણેમાંથી જપ્ત કરવામાં આવેલા ૧૦ કિલો જેટલા કથિત નશીલા પદાર્થના કેસમાં પોલીસ કોન્સ્ટેબલ સહિત ચાર જણની ધરપકડ કરવામાં આવી હતી. શિરુર પોલીસે ૧૭ જાન્યુઆરીએ શાદાબ શેખ (૪૧)ની ધરપકડ કરી અંદાજે બે કરોડ રૂપિયાનું દોઢ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ કેસની તપાસમાં પોલીસે વધુ કાર્યવાહી કરી હતી. આરોપી પાસેથી મેફેડ્રોન અથવા અલ્પ્રાઝોલમ નામનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી શેખની પૂછપરછમાં જ્ઞાનદેવ શિંદે, હૃષીકેશ ચિત્તર અને મહેશ ગાયકવાડનાં નામ સામે આવ્યાં હતાં. આરોપીઓને તાબામાં લઈ તેમની પાસેથી વધુ નવ કિલો ડ્રગ્સ હસ્તગત કરાયું હતું. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી ચિત્તરે આ ડ્રગ્સ અહિલ્યાનગર જિલ્લાના એક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ શ્યામસુંદર ગુજર પાસેથી મેળવ્યું હતું.■

# પૉલિશ કરવાને બહાને સોનાના દાગીના તફડાવનારા બે ગુજરાતી પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વાતચીત દરમિયાન ફોસલાવીને પૉલિશ કરવાને બહાને લીધેલા સોનાના દાગીના સાથે રફુચક્કર થઈ જનારા બે ગુજરાતીની બોઈસર પોલીસે ધરપકડ કરી હતી.

પકડાયેલા બન્ને આરોપીની ઓળખ ધીરજ ઉર્ફે પાપા રાજારામ રાઠોડ (૪૦) અને દિનેશ હીરાલાલ સોલંકી (૪૨) તરીકે થઈ હતી. ગુજરાતના અરવલી જિલ્લાના ડુંગરી ખાતે રહેતો રાઠોડ અત્યારે પાલઘર જિલ્લામાં રહે છે, જ્યારે સોલંકી અંધેરીની કરામત ચાલમાં રહે છે. બન્ને આરોપી વિરુદ્ધ અગાઉ પણ ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર બોઈસરની ભક્તિયોગ સોસાયટીની બિલ્ડિંગ નંબર-૧૬માં રહેતી સિનિયર સિટીઝન હંસીદેવી રૌતેલા (૭૩) ૧૩ જાન્યુઆરીએ શાકભાજી ખરીદવા માર્કેટમાં ગઈ હતી. ખરીદી પછી તે યશપદ્મ બિલ્ડિંગ નજીક ઊભી હતી ત્યારે બે આરોપી તેની નજીક આવ્યા હતા.

વાતચીતમાં ફોસલાવ્યા પછી રૌતેલાને તેણે પહેરેલા સોનાના દાગીના મફતમાં પૉલિશ કરી આપવાની લાલચ બતાવી હતી. પછી પૉલિશ કરવાને બહાને સોનાની ચેન અને ચાર બંગડી મળી અંદાજે ૩.૫૦ લાખ રૂપિયાના દાગીના આરોપીએ હાથચાલાકીથી પડાવ્યા હતા. પૉલિશ પછી આરોપીએ કાગળનું એક પડીકું રૌતેલાને આપ્યું હતું, જેમાં દાગીના મૂક્યા હોવાનું કહ્યું હતું. જોકે કાગળમાં કોઈ દાગીના નહોતા. પરિણામે બોઈસર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી. પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીની ઓળખ મેળવી હતી. આરોપી રાઠોડ વિરુદ્ધ ઘાટકોપર, ભાયખલા, ખાર અને કર્જત પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે. તપાસ દરમિયાન પોલીસે આરોપી પાસેથી રૌતેલાના દાગીના હસ્તગત કર્યા હતા. ■

# આદિવાસીઓનું શિંદેના ઘરની બહાર વિરોધ પ્રદર્શન

થાણે: સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનમાં આવતા વિસ્તારના અનેક આદિવાસીઓએ થાણે શહેરમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નિવાસસ્થાનની બહાર તેમના ગામડાઓનાં તોડી પાડવાના વિરોધમાં વિરોધ પ્રદર્શન કર્યું છે.

પેઢીઓથી આ વિસ્તારમાં રહેતા હોવાનો દાવો આદિવાસીઓએ કર્યો હતો. સોમવારે વહીવટીતંત્ર દ્વારા રહેઠાણો તોડી પાડવાની કાર્યવાહીની નિંદા કરી તેમણે મોડી રાત્રે શિંદેના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

રાજ્ય આદિવાસી વિકાસ સમિતિના અધ્યક્ષ વિવેક પંડિતે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે ૨૦૧૮ની પુનર્વસન યોજના લાગુ ન થાય અને અસરગ્રસ્ત પરિવારોનું પુનર્વસન ન થાય ત્યાં સુધી કોઈ પણ તોડકામ ન થવું જોઈએ.

પુનર્વસન યોજના પર ચર્ચા માટે અધિકારીઓ તરફથી ખાતરી મળ્યા બાદ આદિવાસીઓએ પછી આંદોલન પાછું ખેંચી લીધું, હોવાનું વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરનાર એક સામાજિક સંગઠનના પદાધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# ટી-૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશી મીડિયાને હાલ નો-એન્ટ્રી

દુબઈઃ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બાંગ્લાદેશી મીડિયાના એક્રિડિટેશનને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. ભારત અને શ્રીલંકામાં યોજાનારા આ ટુર્નામેન્ટ માટે આઇસીસીએ બાંગ્લાદેશી પત્રકારોની માન્યતા પ્રક્રિયામાં મોટો ફેરફાર કર્યો છે, જેનાથી બાંગ્લાદેશી ક્રિકેટ બોર્ડ લાલઘૂમ થયું છે. બીસીબીએ આઈસીસી પાસે પણ આ નિર્ણય મુદ્દે સ્પષ્ટીકરણ માગ્યું છે. મીડિયાને કેસ-ટુ કેસ આધારે ચકાસવામાં આવશે.

ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માંથી બાંગ્લાદેશની ટીમ બહાર થઈ ગયા બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ આઇસીસીએ બાંગ્લાદેશી મીડિયા માટે એક્રિડિટેશન પ્રક્રિયામાં ધરખમ ફેરફાર કર્યા છે. મળતી માહિતી મુજબ, આઇસીસીએ અનેક બાંગ્લાદેશી પત્રકારોની અરજીઓ ફગાવી દીધી છે. તેમને હવે નવેસરથી અરજી કરવાનું કહેવામાં આવ્યું છે.

બાંગ્લાદેશની ટીમ હવે આ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહી નથી. તેથી સુરક્ષા અને શેડ્યૂલને ધ્યાનમાં રાખીને મીડિયા માન્યતા યાદીમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. આશરે ૮૦ થી ૯૦ બાંગ્લાદેશી પત્રકારોએ કવરેજ માટે અરજી કરી હતી. આઇસીસીના નિયમ મુજબ કોઈપણ દેશનો મીડિયા કોટા મર્યાદિત હોય છે, જે બાંગ્લાદેશ માટે ૪૦થી વધુ હોઈ શકે નહીં.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના મીડિયા ચીફ અમજદ હુસૈને આ મામલે આઇસીસી પાસે સ્પષ્ટતા માગી છે. અમજદ હુસૈને કહ્યું કે, અમને ૨૬ જાન્યુઆરીએ જ આ બાબતની જાણ થઈ છે. અમે જાણવા માગીએ છીએ કે આ આંતરિક નિર્ણય પાછળનું કારણ શું છે?

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે સુરક્ષા કારણોને ટાંકીને પોતાની ટીમને ભારત મોકલવાનો ઈન્કાર કર્યો હતો, જોકે આઇસીસીના મતે ભારતમાં બાંગ્લાદેશની ટીમ માટે કોઈ સુરક્ષા જોખમ નહોતું. બાંગ્લાદેશના આ નિર્ણય બાદ આઇસીસીએ સ્કોટલેન્ડને ટૂર્નામેન્ટમાં સામેલ કર્યું છે. ■

## સિરીઝ જીતનાર ભારતની આજે કિવીઓ સામે ચોથી ટી-૨૦

# સ્પિનરો, સેમસન પર સૌની નજર



વિશાખાપટ્ટનમ : આજે ભારત અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે વિશાખાપટ્ટનમ ખાતે સિરીઝની ચોથી ટી-૨૦ મેચ રમાશે. ભારતીય ટીમ સિરીઝ જીતી ચૂકી છે એવામાં ટીમ ઈન્ડિયા સ્પિનર્સ પાસે સારા પ્રદર્શનની આશા રાખશે. અભિષેક શર્મા, સૂર્યકુમાર યાદવ અને ઇશાન કિશનના શાનદાર પ્રદર્શનને કારણે ભારતે પ્રથમ ત્રણ મેચ જીતી અને શ્રેણી જીતી હતી. જોકે, તેના બે મુખ્ય સ્પિનરો કુલદીપ યાદવ અને વરુણ ચક્રવર્તી અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા છે.

કુલદીપે બે મેચમાં ફક્ત બે વિકેટ લીધી છે. તેણે પ્રતિ ઓવર ૯.૫ રન આપ્યા છે. છેલ્લી મેચમાં કુલદીપે પણ ત્રણ ઓવર ફેંકી હતી જેમાં તેણે ૩૨ રન આપ્યા હતા. જસપ્રીત બુમરાહ, રવિ બિશ્નોઈ અને હાર્દિક પંડ્યાની સારી બોલિંગ કરી હતી જેના કારણે ભારતે કિવી ટીમને નવ વિકેટે ૧૫૩ રન પર રોકી દીધી હતી. કુલદીપે પણ છેલ્લી વન-ડે સિરીઝમાં સારું પ્રદર્શન કર્યું ન હતું, તેણે ત્રણ મેચમાં ત્રણ વિકેટ લીધી હતી અને પ્રતિ ઓવર ૭.૨૮ રન આપ્યા હતા.

ચક્રવર્તીને છેલ્લી મેચમાં આરામ આપવામાં આવ્યો હતો, પરંતુ પહેલી બે મેચમાં તેની બોલિંગમાં પ્રભાવિત કરી શક્યો નહોતો. આ મામલે ટીમ ઈન્ડિયા વિચારશે કે ચોથી મેચમાં બિશ્નોઈ (ગુવાહાટીમાં ૧૮ રનમાં બે વિકેટ) ને પ્લેઈંગ ઈલેવનમાં રાખવો કે પછી કુલદીપની જગ્યાએ ચક્રવર્તીને ટીમમાં પરત રમાડવો. ભારત ઓલરાઉન્ડર અક્ષર પટેલની ફિટનેસ પર પણ નજીકથી નજર રાખશે, કારણ કે તે આંગળીની ઈજાને કારણે નાગપુરમાં પહેલી મેચથી રમ્યો નહોતો. ભારત આ શ્રેણીમાં વર્લ્ડ કપ પહેલા બોલિંગમાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ હાલમાં તેની બેટિંગ અજોડ રહી છે.

ભારતીય બેટ્સમેનોએ આ શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ત્રીજી મેચમાં ભારતે માત્ર ૧૦ ઓવરમાં જીત મેળવી હતી. અભિષેકે ૩૦૦થી વધુના સ્ટ્રાઇક રેટથી રન કર્યા હતા. જ્યારે સૂર્યકુમાર અને કિશનનો સ્ટ્રાઇક રેટ ૨૩૦ની આસપાસ રહ્યો છે. છેલ્લી બે મેચમાં ભારતની બેટિંગ આક્રમકતા જોવા મળી છે. ભારતે બીજી અને ત્રીજી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં અનુક્રમે ૨૦૯ અને ૧૫૪ રન (કુલ ૩૬૩ રન)નો પીછો કરતી વખતે ફક્ત ૨૫.૨ ઓવરમાં બેટિંગ કરી હતી.

આ શ્રેણીમાં ભારત માટે એકમાત્ર ચિંતા સંજુ સેમસનનું ખરાબ ફોર્મ રહ્યું છે. તેણે ત્રણ મેચમાં ૫.૩૩ ની સરેરાશથી ફક્ત ૧૬ રન કર્યા છે. જેના કારણે ટીમમાં તેના સ્થાન પર પ્રશ્નો ઊભા થયા છે. જોકે, ઈજાને કારણે તિલક વર્મા બહાર હોવાથી ટીમ મેનેજમેન્ટ સંજુને પોતાને સાબિત કરવાની બીજી તક આપી શકે છે. ટીમ મેનેજમેન્ટ સંજુને ત્રીજા નંબર પર બેટિંગ માટે મોકલવા પર વિચારી શકે છે. જો આવું થાય તો કિશન અભિષેક સાથે ઇનિંગની શરૂઆત કરશે. વન-ડે સિરિઝમાં શાનદાર પ્રદર્શન કરનાર ન્યૂઝીલેન્ડની ટીમે અત્યાર સુધી ટી-૨૦ સિરીઝમાં સારી શરૂઆત કરી નથી. તેમના બેટ્સમેનોએ ક્યારેક ક્યારેક સારું પ્રદર્શન કર્યું છે પરંતુ તેમના બોલરો ભારતીય બેટ્સમેનોના આક્રમક અભિગમનો સામનો કરવામાં નિષ્ફળ રહ્યા છે. આનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જેકબ ડફી તેમનો સૌથી ઇકોનોમી બોલર છે, જેનો ઇકોનોમી રેટ ૧૦.૩૦ છે. અન્ય બોલરો મેટ હેનરી (૧૩.૮૦), કાયલ જેમિસન (૧૪.૨૦), મિશેલ સેન્ટનર (૧૩.૧૪) અને ઇશ સોઢી (૧૨.૫૦) ભારતીય બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા છે.

ન્યૂઝીલેન્ડ આ મેચમાં ડેરિલ મિશેલને બેટિંગમાં ઉપરના ક્રમે મોકલી શકે છે. મિશેલે વન-ડે સીરિઝમાં ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જો ન્યૂઝીલેન્ડના બોલરોએ વર્લ્ડ કપ પહેલા જીત મેળવવી હોય તો તેમને સારું પ્રદર્શન કરવાની જરૂર પડશે. ■

# બાંગ્લાદેશના રિપ્લેસમેન્ટ સ્કોટલેન્ડની ટીમમાં અફઘાન મૂળના ક્રિકેટરને ચાન્સ

એડિનબર્ગ : બાંગ્લાદેશના બહાર ફેંકાયા બાદ છેલ્લી ઘડીએ ટી-૨૦ વર્લ્ડ કપમાં પ્રવેશ કરનાર સ્કોટલેન્ડે પોતાની ટીમની જાહેરાત કરી છે. સાત ફેબ્રુઆરીથી ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે આયોજિત આઈસીસી ટૂર્નામેન્ટ માટે અફઘાનિસ્તાનમાં જન્મેલા ફાસ્ટ બોલર ઝૈનુલ્લાહ એહસાનને સ્કોટલેન્ડે તેની ૧૫ સભ્યોની ટીમમાં સામેલ કર્યો છે.

બાંગ્લાદેશે સુરક્ષાના કારણોસર ભારતમાં રમવાનો ઇનકાર કર્યો હતો, ત્યારબાદ તેના સ્થાને સ્કોટલેન્ડને ટૂર્નામેન્ટમાં સામેલ કરવામાં આવ્યું છે. રિચી બેરિંગ્ટન સ્કોટલેન્ડ ટીમની કેપ્ટનશિપ કરશે, જેમાં ૧૧ ખેલાડીઓ એવા છે જે વેસ્ટ ઇન્ડીઝ અને અમેરિકામાં ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડ કપ ટીમનો ભાગ રહ્યા છે. સ્કોટલેન્ડે ગયા મહિને ઓવેન ડોકિન્સને મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા હતા અને આ પહેલી વાર હશે જ્યારે ટીમ તેમની દેખરેખ હેઠળ કોઈ મોટી ટુર્નામેન્ટમાં ભાગ લેશે.

એહસાન ટીમમાં પ્રથમ વખત સામેલ એકમાત્ર ખેલાડી છે. ફાસ્ટ બોલર તાજેતરમાં સ્કોટલેન્ડ માટે રમવા માટે ક્વોલિફાય થયો છે. ટોમ બ્રુસ, ફિનલે મૈક્રિથ અને ઓલિવર ડેવિડસન છેલ્લા ૧૨ મહિનામાં ટી-૨૦ અને વન-ડે ટીમમાં સામેલ થયા પછી પહેલી વાર વર્લ્ડ કપમાં ભાગ લેશે.

ક્રિકેટ સ્કોટલેન્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ટીમની પસંદગી બધા ખેલાડીઓ અને સ્ટાફ માટે વિઝા અરજીઓની મંજૂરીને આધીન છે. ટુર્નામેન્ટમાં સ્કોટલેન્ડની ભાગીદારી માટે મર્યાદિત સમય અને ખેલાડીઓની પસંદગી માટેની અંતિમ તારીખને ધ્યાનમાં રાખીને બે રિઝર્વ ખેલાડીઓની પણ પસંદગી કરવામાં આવી છે જે ટીમ સાથે મુસાફરી કરશે. આ ઉપરાંત ત્રણ અન્ય ખેલાડીઓને રિઝર્વ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે જે ટીમ સાથે મુસાફરી કરશે નહીં.

સ્કોટલેન્ડ ટીમમાં સામેલ સફયાન શરીફ પાકિસ્તાની મૂળના છે અને તેમની વિઝા અરજીની વધુ બારીકાઈથી તપાસ કરવામાં આવશે. મુખ્ય કોચ ડોકિન્સે કહ્યું કે વર્લ્ડ કપમાં અચાનક સામેલ થવાથી ખેલાડીઓને એક શાનદાર તક મળી છે. ખેલાડીઓ છેલ્લા કેટલાક અઠવાડિયાથી તેમની ફિટનેસ પર સખત મહેનત કરી રહ્યા છે. સ્કોટલેન્ડનો ગ્રૂપ સીમાં બાંગ્લાદેશની જગ્યાએ સમાવેશ કરાયો છે. જેમાં ઇટાલી, વેસ્ટ ઈન્ડિઝ, ઈંગ્લેન્ડ અને નેપાળનો પણ સમાવેશ થાય છે.

### ટીમ

રિચી બેરિંગ્ટન (કેપ્ટન), ટોમ બ્રૂસ, મેથ્યુ ક્રોસ, બ્રેડલી કરી, ઓલિવર ડેવિડસન, ક્રિસ ગ્રીવ્સ, ઝૈનુલ્લાહ એહસાન, માઈકલ જોન્સ, માઈકલ લીસ્ક, ફિનલે મૈકક્રિથ, બ્રેન્ડન મૈકમુલન, જ્યોર્જ મુન્સી, સફયાન શરીફ, માર્ક વાટ, બ્રેડલી વ્હીલ.

ટીમ સાથે મુસાફરી કરી રહેલા રિઝર્વ ખેલાડીઓઃ જેસ્પર ડેવિડસન, જેક જાર્વિસ.

ટીમ સાથે મુસાફરી ન કરતા ખેલાડીઓઃ મેકેન્ઝી જોન્સ, ક્રિસ મેકબ્રાઇડ, ચાર્લી ટિયર. ■

# અભિષેક, ઇશાન, સૂર્યાની ફટકાબાજીથી મેદાનમાં રીતસરની અરાજકતા ફેલાય છેઃ ઓરમ



વિશાખાપટ્ટનમ : અભિષેક શર્મા, ઇશાન કિશન અને સૂર્યકુમાર યાદવની સતત આક્રમક બેટિંગને કારણે ન્યૂ ઝીલેન્ડના બોલરો માટે ચાલી રહેલી પાંચ મેચની ટી-૨૦ સિરીઝમાં સંયમ જાળવી રાખવો મુશ્કેલ બની ગયો છે પરંતુ ટીમના બોલિંગ કોચ જેકબ ઓરમે ખેલાડીઓને પડકાર સ્વીકારવા અને તેનો સામનો કરવાના રસ્તા શોધવાની સલાહ આપી છે. આ ત્રણ ભારતીય ટોચના ક્રમના બેટ્સમેનોએ ન્યૂઝીલેન્ડના બોલિંગ આક્રમણને વેરવિખેર કરી નાખ્યું છે. છેલ્લી ત્રણ ટી-૨૦ મેચોમાં લગભગ ૨૫૦ના સ્ટ્રાઇક રેટથી સતત સ્કોર કર્યો છે.

મેચ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં ઓરમે કહ્યું હતું કે, મેદાન પર થોડી અરાજકતા જેવી સ્થિતિ રહી છે, બોલ હંમેશા બાઉન્ડ્રીની બહાર જઈ રહ્યો છે. આવી સ્થિતિમાં સંયમ અને નિયંત્રણ જાળવી રાખવું અને તમારી યોજનાઓનો અમલ કરવો મહત્ત્વપૂર્ણ છે. પરંતુ હું ફરીથી કહીશ આ શીખવાની પ્રક્રિયાનો એક ભાગ છે. ભારતીય બેટ્સમેન જે સરળતાથી મોટા શોટ રમી રહ્યા છે તે ઓરમને શ્રીલંકાના મહાન સનથ જયસૂર્યાની યાદ અપાવે છે. જયસૂર્યાએ ૧૯૯૦ના દાયકાથી ૨૦૦૦ના દાયકાના મધ્ય સુધી આવી જ આક્રમકતા સાથે બેટિંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, શ્રીલંકાના જયસૂર્યાએ તે સમયે પણ કંઈક આવું જ કર્યું હતું અને મને લાગે છે કે તે રમતની નેચરલ પ્રગતિ છે. બોલરોને ઘણીવાર અનુકૂળ થવું પડે છે અને હાલમાં અમારા માટે આ પડકાર છે. બોલિંગ કોચ તરીકે આ અંગે ઘણી ચર્ચા થઈ રહી છે. અભિષેક હાલમાં ઉત્તમ ફોર્મમાં છે અને સરળતાથી મોટા શોટ ફટકારી રહ્યો છે. અમને આશા છે કે અમે આગામી મેચોમાં તેને શરૂઆતમાં આઉટ કરી શકીશું. તેમણે કહ્યું હતું કે અમે જાણીએ છીએ કે ભારતીય બેટિંગ ક્રમમાં ઉપરથી નીચે સુધી પડકારો છે. ફર્ગ્યુસનનો ટીમમાં સમાવેશ ન્યૂ ઝીલેન્ડના બોલિંગ આક્રમણમાં અનુભવ ઉમેરશે, પરંતુ ભારતીય બેટ્સમેનોના સતત આક્રમણ વચ્ચે ઓરમને યુવા બોલિંગ જૂથનું મનોબળ જાળવી રાખવું પડકારજનક લાગ્યું છે. ■

## અભિષેકે ૧૪ બોલની હાફ સેન્ચુરી પછી કહ્યું,

# 'યુવીનો વર્લ્ડ રેકોર્ડ તોડવો અશક્ય, પણ...'

ગુવાહાટીઃ ટી-૨૦ના વર્લ્ડ નંબર વન બેટ્સમેન અભિષેક શર્માએ રવિવારે ન્યૂ ઝીલેન્ડ સામે ૧૪ બોલમાં હાફ સેન્ચુરી ફટકારીને સૌથી ઝડપે ૫૦ પૂરા કરનારા ભારતીયોમાં હાર્દિક પંડ્યા (૧૬ બોલમાં ૫૦ રન)ની સિદ્ધિ તો ઓળંગી લીધી, પરંતુ યુવરાજ સિંહના ૧૨ બોલની હાફ સેન્ચુરીના વિશ્વવિક્રમ સુધી નહોતો પહોંચી શક્યો એ વિશે અભિષેકને મેચ પછી પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે 'યુવરાજનો એ રેકોર્ડ તોડવો અશક્ય તો છે, પણ કંઈ કહી ન શકાય.'

ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં માત્ર નવ બોલમાં હાફ સેન્ચુરીનો વર્લ્ડ રેકોર્ડ નેપાળના દીપેન્દ્ર સિંહ એઇરીના નામે છે. ભારતીય મૂળના ખેલાડી દીપેન્દ્રએ ૨૦૨૩માં મોંગોલિયા સામે ૯ બોલમાં ૫૦ રન કર્યા હતા.


જોકે દીપેન્દ્રનો એ રેકોર્ડ બે નાના દેશ વચ્ચે બન્યો હતો અને મોટા દેશો વચ્ચેનો વર્લ્ડ રેકોર્ડ યુવરાજ સિંહ (૨૦૦૭માં ઇંગ્લેન્ડ સામે ૧૨ બોલમાં ૫૦)ના નામે છે. ભારતને જીતવા માટે ૧૫૪ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ભારતે અભિષેક (૬૮ અણનમ, ૨૦ બોલ, પાંચ સિક્સર, સાત ફોર) અને કેપ્ટન સૂર્યકુમાર યાદવ (૫૭ અણનમ, ૨૬ બોલ, ત્રણ સિક્સર, છ ફોર) વચ્ચેની ૧૦૨ રનની અતૂટ ભાગીદારીથી ભારતને ટાર્ગેટ ૧૦ ઓવરમાં ૨/૧૫૫ રનના સ્કોર સાથે વિજય અપાવી દીધો હતો. ભારતે પાંચ મેચની શ્રેણીમાં ૩-૦થી અજેય સરસાઈ મેળવી છે. અભિષેક શર્માના ૧૪ બોલમાં ૫૦ રન ન્યૂ ઝીલેન્ડ સામે ફાસ્ટેસ્ટ ટી ૨૦નો રેકોર્ડ છે. ૨૦ કે ૨૦ કરતાં ઓછા બોલમાં હાફ સેન્ચુરી પૂરી કરનારાઓમાં અભિષેક હવે યુવરાજ સિંહ, ડેવિડ વોર્નર, કોલિન મનરો અને ફિલ સોલ્ટની બરાબરીમાં આવી ગયો છે.

### યુવીએ મજાક સાથે પ્રોત્સાહિત કર્યો

૧૨ બોલમાં ૫૦ રનનો ટી૨૦માં વર્લ્ડ રેકોર્ડ ધરાવનાર યુવરાજ સિંહ સોશ્યલ મીડિયામાં અભિષેકની હળવી મજાક કરતા લખ્યું હતું કે ' તું ૧૨ બોલમાં ૫૦ રન તો ન જ કરી શક્યો. બોલ, કરી શકે છે?'

# સર બ્રેડમેને ભારતીયને આપેલી બેગી ગ્રીન કેપ ૨.૯૨ કરોડ રૂપિયામાં વેચાઈ

ગોલ્ડ કોસ્ટઃ ઓસ્ટ્રેલિયાના સર ડોનલ્ડ (ડોન) બ્રેડમેનને ક્રિકેટ ઈતિહાસના સૌથી મહાન બેટર માનવામાં આવે છે. તાજેતરમાં તેમને પહેરેલી એક કેપ ૪,૬૦,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર એટલે કે આશરે ૨.૯૨ કરોડ રૂપિયામાં વેચાઈ છે.



અહેવાલ મુજબ ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં ડોન બ્રેડમેનની 'બેગી ગ્રીન' કેપની હરાજી કરવામાં આવી હતી, એક અનામી ખરીદદારે આ કેપ માટે ૪,૬૦,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર ચૂકવ્યા હતાં.

મહત્વની વાત એ છે કે ૧૯૪૭-૪૮માં સ્વતંત્ર ભારતની ક્રિકેટ ટીમ સામેની પ્રથમ ટેસ્ટ સિરીઝ દરમિયાન ડોન બ્રેડમેને આ કેપ પહેરી હતી. આ સિરીઝ બાદ તેમણે આ કેપ ભારતના બોલર શ્રીરંગા સોહનીને ગીફ્ટ કરી હતી.

સોહની પરિવારે આ કેપ લગભગ ૯૫ વર્ષ સુધી તેમની પાસે સાચવી રાખી હતી, અને ક્યારેય તેને જાહેરમાં પ્રદર્શિત કરી ન હતી. પરિવારે એક નિયમ બનાવ્યો હતો, જ્યારે કોઈ પરિવારજન ૧૬ વર્ષનો થાય છે, ત્યારે તેને ફક્ત પાંચ મિનિટ માટે આ કેપ જોવાની મંજૂરી આપવામાં આવતી હતી.

વર્ષો બાદ લોઇડ્સ ઓક્શન્સ નામની કંપનીએ ડોન બ્રેડમેનની આ કેપની હરાજી કરી હતી. કંપનીના અધિકારીને આ કેપને ''ક્રિકેટની દુનિયાનો સૌથી કિંમતી ખજાનો'' ગણાવી હતી.

નોંધનીય છે કે શ્રીરંગા સોહનીએ સ્વતંત્ર ભારતની ક્રિકેટ ટીમ તરફથી પહેલો બોલ ફેંક્યો હતો. શ્રીરંગા ઓસ્ટ્રેલિયા સામેની ૧૯૪૭-૪૮ની ટેસ્ટ સિરીઝની માત્ર પહેલી મેચ રમી હતી, તેમને એક પણ વિકેટ મળી ન હતી. આ મેચ બાદ બ્રેડમેને શ્રીરંગાને સ્મૃતિચિહ્ન તરીકે આ કેપ આપી હતી. ■

# સબાલેન્કા અને જ્વેરેવ ઓસ્ટ્રેલિયન ઓપનની સેમિફાઈનલમાં પહોંચ્યાં

## હાર બાદ કોકો ગોફે રેકેટ પર ઉતાર્યો ગુસ્સો

મેલબર્નઃ ટોચની ખેલાડી એરીના સબાલેન્કાએ પોતાનું શાનદાર પ્રદર્શન યથાવત રાખતા મંગળવારે ૧૮ વર્ષીય અમેરિકન ખેલાડી ઈવા જોવિકને ૬-૩, ૬-૦થી હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે જ્યાં ભીષણ ગરમીને કારણે છત બંધ કરીને મેચ રમવી પડી હતી. સેમિફાઈનલમાં સબાલેન્કાનો સામનો યુક્રેનની ૧૨મા ક્રમની ખેલાડી એલિના સ્વિતોલિના સામે થશે જેણે અમેરિકાની કોકો ગોફને ૫૯ મિનિટમાં ૬-૧, ૬-૨ થી હરાવી હતી.વિરામ બાદ વાપસી કરનારી સ્વિતોલિનાએ શરૂઆતથી જ દબદબો જાળવી રાખ્યો છે જ્યારે ગોફે પહેલા સેટમાં પાંચ ડબલ ફોલ્ટ કર્યા. અમેરિકાની આ ખેલાડીએ તેના રેકેટ પર પોતાનો ગુસ્સો કાઢ્યો હતો અને તેને ઘણીવાર જમીન પર પછાડ્યું હતું. ટૂર્નામેન્ટમાં સ્વિતોલિના પ્રથમવાર સેમિફાઈનલમાં રમશે. મેલબર્નમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની ધારણા હતી. રોડ લેવર સ્ટેડિયમ ખાતેની પહેલી મેચ છત ખુલ્લી રાખીને રમાઈ હતી. જોકે, એલેક્ઝાન્ડર જ્વેરેવ અને અમેરિકન ખેલાડી લર્નર ટિએન વચ્ચે પુરુષોની ક્વાર્ટર ફાઇનલ મેચ માટે તેને બંધ રાખવામાં આવી હતી.

ત્રીજા ક્રમાંકિત જ્વેરેવે બંધ છત નીચે રમવાનો ફાયદો ઉઠાવ્યો અને ૨૦ વર્ષીય ટિએનને ૬-૩, ૬-૭ (૫), ૬-૧, ૭-૬ (૩) થી હરાવીને છેલ્લા ચારમાં પ્રવેશ કર્યો હતો. ■

## પાકિસ્તાનના ભૂતપૂર્વ ખેલાડીઓના બદલાયા સૂર

# 'બાંગ્લાદેશનું સમર્થન કરવું સારું, પરંતુ પાકિસ્તાનના ક્રિકેટના ભોગે નહીં'

કરાંચીઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) દ્વારા આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવા અંગેના નિર્ણય પડતો મોકૂફ રાખ્યા બાદ પાકિસ્તાનના ભૂતપૂર્વ ખેલાડીઓ અને પીસીબીના પૂર્વ અધિકારીઓએ એક સૂરમાં કહ્યું હતું કે બાંગ્લાદેશનું સમર્થન કરવું યોગ્ય છે પરંતુ તે રાષ્ટ્રીય ક્રિકેટના ભોગે કરવું જોઈએ નહીં.

પીસીબીના ચેરમેન મોહસીન નકવીએ પાકિસ્તાનના રમવા અથવા વર્લ્ડ કપમાંથી હટી જવાની પુષ્ટી માટે શુક્રવાર અથવા સોમવારની સમયમર્યાદા નક્કી કરી છે. બાંગ્લાદેશ ટૂર્નામેન્ટમાંથી બહાર થયા પછી આ પરિસ્થિતિ ઊભી થઈ છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ ટેસ્ટ કેપ્ટન મોહમ્મદ હાફીઝનું માનવું છે કે પીસીબીએ પાકિસ્તાનની ટીમને વર્લ્ડ કપમાં રમવા મોકલવી જોઈએ, જ્યારે પીસીબીના ભૂતપૂર્વ ચેરમેન ખાલિદ મહમૂદ અને ભૂતપૂર્વ સચિવ આરિફ અલી અબ્બાસીને ટીમને ન મોકલવા પાછળ કોઈ તર્ક દેખાતો નથી.

અબ્બાસીએ કહ્યું હતું કે, ''હું સમજી શકું છું કે પાકિસ્તાન બાંગ્લાદેશનું સમર્થન કરી રહ્યું છે પરંતુ પીસીબી ટીમ ન મોકલીને શું પ્રાપ્ત કરશે, સિવાય કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ અને સભ્ય બોર્ડ સાથેના સંબંધોને નુકસાન પહોંચાડશે?'' જગમોહન દાલમિયા અને આઈએસ બિન્દ્રા જેવા દિગ્ગજોના કાર્યકાળ દરમિયાન બોર્ડમાં સેવા આપનારા અબ્બાસીએ કહ્યું કે પીસીબીએ વર્લ્ડ કપમાં ટીમ મોકલવી જોઈએ. મહમૂદે કહ્યું હતું કે પીસીબીનું વલણ પ્રશંસનીય છે, પરંતુ તેણે સમજદારી રાખવી પડશે અને પાકિસ્તાન ક્રિકેટના હિતોને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, ''આપણે યાદ રાખવું જોઈએ કે પાકિસ્તાન સિવાય અન્ય કોઈ ક્રિકેટ બોર્ડે બાંગ્લાદેશની મેચ ભારતમાંથી ખસેડવાની માંગને સમર્થન આપ્યું નથી. હું બાંગ્લાદેશ બોર્ડના વલણને સમજી શકું છું, પરંતુ એ પણ સાચું છે કે તેમને આઈસીસી બેઠકમાં કોઈ સમર્થન મળ્યું નથી.''

# ડબલ્યૂપીએલમાં ૧,૦૫૯ દિવસે નેટ સિવર-બ્રન્ટ બની પહેલી સેન્ચુરિયન

વડોદરાઃ વિમેન્સ પ્રીમિયર લીગ તરીકે જાણીતી મહિલાઓની આઇપીએલની ૨૦૨૩ની સાલમાં શરૂઆત થઈ ત્યારથી માંડીને સોમવાર સુધીના ૧,૦૫૯ દિવસના એના ઇતિહાસમાં એક પણ ખેલાડી સેન્ચુરી નહોતી કરી શકી, પરંતુ સોમવારે એ સિદ્ધિ ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઇ ઇન્ડિયન્સની બ્રિટિશ ખેલાડી નેટ સિવર-બ્રન્ટ (૧૦૦ અણનમ, ૫૭ બોલ, એક સિક્સર, સત્તર ફોર )એ હાંસલ કરી હતી. તેણે ૨૦૨૪ની વિજેતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુ સામેની વડોદરાની મેચમાં આ અણનમ સદી ફટકારી હતી.


### મુંબઈની ૧૫ રનથી જીત

હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં મુંબઈએ ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૯ રન કર્યા બાદ સ્મૃતિ મંધાનાની કેપ્ટન્સીમાં આરસીબીની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૮૪ રન કરી શકી હતી અને મુંબઈની ટીમનો ૧૫ રનથી વિજય થયો હતો.

### રિચા ઘોષની મહેનત પાણીમાં

આરસીબીની વિકેટકીપર-બેટર રિચા ઘોષ (૯૦ રન, ૫૦ બોલ, છ સિક્સર, દસ ફોર)ની ઈનિંગ્સ એળે ગઈ હતી. ખુદ કેપ્ટન સ્મૃતિ મંધાના છ રન બનાવી શકી હતી.

ડબલ્યૂપીએલના ચાર વર્ષના ટૂંકા ઇતિહાસમાં આ પહેલાં બે વખત ૯૯ના વ્યક્તિગત સ્કોર જોવા મળ્યા હતાઃ યુપી વોરિયર્ઝની જયોર્જીયા વોલ (૯૯ અણનમ) અને આરસીબીની સોફી ડિવાઇન (૯૯ રન). અગાઉ કુલ દસ વખત ૯૦-૯૯ રન સુધીમાં કુલ ૧૦ વ્યક્તિગત સ્કોર નોંધાયા હતા, પરંતુ ક્યારેય કોઈ ખેલાડી સેન્ચુરી નહોતી કરી શકી. ■



# અન્ડર -૧૯ વિશ્વ કપઃ ભારતે ઝિમ્બાબ્વેને કચડી નાખ્યું

બુલાવાયો (ઝિમ્બાબ્વે): ભારતે અન્ડર-૧૯ વિશ્વ કપમાં ઝિમ્બાબ્વે સામે શાનદાર વિજય મેળવ્યો હતો. ભારતે ક્વિન્સ સ્પોર્ટ્સ ઓવલ મેદાનમાં ઝિમ્બાબ્વેને ૨૦૪ રનથી પરાજિત કર્યું હતું. ભારતના મંગળવારના વિજયના હીરો સદી ફટકારનાર વિહાન મલ્હોત્રા અને ત્રણ વિકેટ લેનાર આયુષ મ્હાત્રે અને ઉદ્ધવ મોહન હતા. ભારત પોઈન્ટસ ટેબલમાં મોખરાના સ્થાને છે. ભારતે આઠ વિકેટે ૩૫૩ રનનો જંગી સ્કોર કર્યો હતો. આના જવાબમાં ગૃહ ટીમનો ૩૮ ઓવરમાં ૧૪૮ રન બનાવીને વીંટો વળી ગયો હતો.

ભારતે સારી શરૂઆત કરી હતી. વૈભવ સૂર્યવંશીએ ૨૪ બોલમાં અર્ધસદી ફટકારી હતી. ભારતના વિજયનો પાયો અભિજ્ઞાન કુન્ડુ અને વિહાન વચ્ચેની ૧૧૩ રનની ભાગીદારી હતી.

આના જવાબમાં ઝિમ્બાબ્વેએ શરૂઆતમાં લડત આપ્યા બાદ તેના ફ્લડગેટ ખુલી ગયા હતા. આયુષ મ્હાત્રે અને મોહને પૂંછડિયાઓની વિકેટ ઝડપથી લીધી હતી. અમ્બરીષે બે વિકેટ લીધી હતી. ઝિમ્બાબ્વેએ ટોસ જીતીને ભારતને દાવ લેવાનું કહ્યું હતું.

કેપ્ટન મ્હાત્રેએ વિજય બાદ કહ્યું હતું કે અમારા ખેલાડીઓ સારો દેખાવ કરી રહ્યા છે એનો મને આનંદ છે. ખેલાડીઓ મોટો સ્કોર કરવાની તકની પ્રતિક્ષામાં હોય છે. તેણે વિહાન અને અભિજ્ઞાનની સરાહના કરી હતી. તેણે કહ્યું હતું કે પાકિસ્તાન સામે રમવા અમે ઉત્સુક છીએ અને અમે અમારી નૈસર્ગિક રમત રમીશું.

# ઈન્ટરવલ

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## બજેટઃ પગારદાર મધ્યમવર્ગી ઝંખે છે ૧૫ લાખનો જાદૂઈ આંક!

### આવકવેરામાં રાહત અને સરળીકરણ માત્ર કરદાતાઓને નહીં, પરંતુ સમગ્ર અર્થતંત્રને ગતિ આપનાર પગલું સાબિત થઈ શકે



અંદાજપત્રની રજૂઆતને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આમઆદમીથી માંડીને ઉદ્યોગપતિઓ પણ વિવિધ જોગવાઇની ઘોષણા સાંભળવા ઉત્સુકતા અને ચિંતા સાથે વેઇટિંગ મોડમાં છે. તાજેતરમાં ચૂંટણીના પરિણામના માહોલમાં જાદૂઇ આંકડાની ઘણી બોલબાલા સંભળાઇ છે, હવે અંદાજપત્રના પરિણામમાં નોકરિયાત મધ્યમવર્ગ પણ એ જ રીતે જાદૂઇ આંકડો સાંભળવાની મહેચ્છા રાખે છે. આ આંકડો ૧૫ લાખનો છે!

જેમ જેમ નાણાં પ્રધાન નિર્મલા સિતારામન પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ કેન્દ્રિય અંદાજપત્ર રજૂ કરવાની તૈયારી કરી રહ્યા છે, તેમ તેમ દેશભરના કરદાતા આવકવેરા સંબંધિત ઘોષણાઓ સાંભળવા ઉત્સુક બની રહ્યાં છે. વધતી મોંઘવારી, ઘરેલુ ખર્ચમાં વધારો અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે મધ્યમ વર્ગ અને પગારદાર વર્ગ માટે આવકવેરામાં રાહત હવે માત્ર અપેક્ષા નહીં, પરંતુ આવશ્યકતા બની ગઈ છે.

બજેટ ૨૦૨૬ સરકાર માટે પણ આવકવેરા માળખાને વધુ સરળ, પારદર્શક અને કરદાતા-મૈત્રીપૂર્ણ (ટેક્સપેયર ફ્રેન્ડલી) બનાવવાની એક મહત્ત્વની તક છે. પાછલા કેટલાંક વર્ષોમાં સરકાર નવી આવકવેરા વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા સતત પ્રયાસો કરી રહી છે, અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજે ૭૨ ટકા કરદાતાઓએ નવી કરવેરા વ્યવસ્થા પસંદ કરી છે.

આ આંકડો દર્શાવે છે કે કરદાતા ઓછા દર અને સરળ માળખાને મહત્ત્વ આપે છે. તેમ છતાં, હકીકત એ પણ છે કે નવી વ્યવસ્થામાં હજુ પણ અનેક ખામીઓ છે, જેને દૂર કર્યા વિના તે તમામ વર્ગના કરદાતાઓ માટે સંપૂર્ણ રીતે આકર્ષક બની શકે તેમ નથી. નવી કરવેરા વ્યવસ્થાનો મુખ્ય લાભ એ છે કે તેમાં આવકવેરાના દરો તુલનાત્મક રીતે ઓછા છે અને સ્લેબ સ્ટ્રક્ચર સરળ છે.

પરંતુ બીજી બાજુ, તેમાં કપાતો અને છૂટછાટોની મર્યાદા હોવાથી ઘરલોન, જીવન વીમા, આરોગ્ય વીમા અથવા લાંબા ગાળાના રોકાણ કરનારા કરદાતાઓ માટે તે ઓછું લાભદાયી સાબિત થાય છે. ખાસ કરીને એવા મધ્યમ વર્ગ માટે, જે પોતાની આવકનો મોટો હિસ્સો બચત અને વીમા સુરક્ષામાં મૂકે છે, આ વ્યવસ્થા હજુ પણ અધૂરી લાગે છે.

આ સંદર્ભમાં, નિષ્ણાતો સૂચવે છે કે સરકાર નવી વ્યવસ્થા હેઠળ પ્રમાણભૂત કપાતને હાલની મર્યાદાથી વધારીને એક લાખ રૂપિયા સુધી લઈ જાય. આ પગલું ખાસ કરીને પગારદાર વર્ગ માટે મોટી રાહત સાબિત થઈ શકે છે અને નવી વ્યવસ્થાની લોકપ્રિયતા વધુ વધારી શકે છે.

આ સાથે જ, કરમુક્ત આવક મર્યાદામાં વધારો કરવાની પણ વ્યાપક માગ છે. હાલમાં, નવી વ્યવસ્થા હેઠળ રૂ. ૧૨ લાખ સુધીની આવક ધરાવતા વ્યક્તિઓને અસરકારક રીતે આવકવેરામાં રાહત મળે છે. જો આ મર્યાદાને રૂ. ૧૫ લાખ સુધી વધારવામાં આવે, તો તે મધ્યમ આવક ધરાવતા લાખો કરદાતાઓને સીધી રાહત આપશે.

વધતા જીવન નિર્વાહ ખર્ચ અને શહેરી વિસ્તારોમાં રહેણાંક, શિક્ષણ તથા આરોગ્ય ખર્ચને ધ્યાનમાં લેતા આ વધારો સમયોચિત માનવામાં આવે છે.

જૂની આવકવેરા વ્યવસ્થાની વાત કરીએ તો, તેમાં કલમ ૮૦-સી, ૮૦-ડી, એચઆરએ, એલટીએ જેવી અનેક કપાતો ઉપલબ્ધ છે, જે કરદાતાઓને બચત અને રોકાણ માટે પ્રોત્સાહન આપે છે.

પરંતુ આ જ વ્યવસ્થાની સૌથી મોટી તકલીફ એ છે કે તે અત્યંત જટિલ છે અને સામાન્ય કરદાતાઓ માટે સમજવી મુશ્કેલ બની જાય છે. બજેટ ૨૦૨૬માં સરકાર આ કપાતોની પુનઃરચના અથવા સંયોજન કરી તેને વધુ સરળ બનાવી શકે છે.

વિશેષ કરીને, નવી વ્યવસ્થા હેઠળ આરોગ્ય વીમા પ્રીમિયમ (૮૦-ડી) અને ઘરલોનના વ્યાજ પર મર્યાદિત કપાત મંજૂર કરવાથી તે વ્યવસ્થા વધુ સંતુલિત બની શકે છે. આ પગલાં કરદાતાઓને તો રાહત આપશે જ, પરંતુ એ જ સાથે સામાજિક રીતે મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ખર્ચ અને રોકાણને પણ પ્રોત્સાહન આપશે.

કર વહીવટના ક્ષેત્રમાં પણ સુધારાની તાતી આવશ્કતા છે. હાલ વિવિધ પ્રકારના ડીટીએસ દરો અને નિયમો કરદાતાઓ તથા નોકરીદાતાઓ બંને માટે ગૂંચવણ ઊભી કરે છે. બજેટમાં ટીડીએસ દરોની સંખ્યા ઘટાડીને તેને વધુ સરળ બનાવવામાં આવે, તો પાલન ખર્ચ ઘટી શકે છે.

આ સાથે, રિયલ-ટાઇમ રિફંડ ટ્રેકિંગ અને ઝડપી વિવાદ નિવારણ વ્યવસ્થા કરદાતાઓનો વિશ્વાસ વધારી શકે છે. વરિષ્ઠ નાગરિકો માટે આવકવેરામાં રાહત એક અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. કલમ ૮૦ ટીટીબી હેઠળ બેંક વ્યાજ પર મળતી કપાત મર્યાદાને વધારવી અને નિવૃત્તિ પછીના આવક સ્રોતો પર કરવેરાને વધુ સરળ બનાવવું જરૂરી છે.

વધતી આરોગ્ય જરૂરિયાતો અને મર્યાદિત આવકને ધ્યાનમાં લેતા, આ વર્ગ માટે વિશેષ કર રાહત સામાજિક રીતે યોગ્ય ગણાય. કરવેરા માળખાને વધુ સમાન અને આધુનિક બનાવવા માટે, સરકાર પરિણીત યુગલો માટે સંયુક્ત કરવેરા (જોઇન્ટ ટેક્સેશન)ની શક્યતાઓ પર પણ વિચાર કરી શકે છે.

ઘરેલુ એકમને એક આર્થિક એકમ તરીકે ઓળખવાથી કર આયોજન વધુ ન્યાયસંગત બની શકે છે અને ઘણા વિકસિત દેશોમાં આ મોડલ સફળતાપૂર્વક અમલમાં છે. આ ઉપરાંત, બજેટ ૨૦૨૬માં સ્ટાર્ટઅપ્સ, સંશોધન અને વિકાસ, માળખાગત પ્રોજેક્ટ્સ અને ટકાઉ ઊર્જા ક્ષેત્રમાં રોકાણ માટે કર પ્રોત્સાહનો વધારવાની અપેક્ષા છે.

આ ક્ષેત્રોમાં કર છૂટછાટો આપવાથી ખાનગી રોકાણ વધવા સાથે, લાંબા ગાળે રોજગારી અને આર્થિક વૃદ્ધિને પણ વેગ મળશે. આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રમાં વધુ સરકારી ખર્ચ અને કર પ્રોત્સાહન પણ આ બજેટનું મહત્ત્વપૂર્ણ પાસું બની શકે છે.

મજબૂત માનવ સંસાધન વિના ટકાઉ વિકાસ શક્ય નથી, અને આ ક્ષેત્રોમાં રોકાણથી દેશની ઉત્પાદકતા અને સામાજિક સુખાકારીમાં નોંધપાત્ર સુધારો આવી શકે છે. નિષ્કર્ષરૂપે કહી શકાય કે યુનિયન બજેટ ૨૦૨૬ સરકાર માટે આવકવેરા માળખામાં અર્થપૂર્ણ સુધારા લાવવાની એક મહત્ત્વની તક છે.

જો સરકાર કરદાતાઓની વાસ્તવિક ચિંતાઓને સમજશે, નવી કરવેરા વ્યવસ્થાને વધુ આકર્ષક બનાવશે અને વહીવટી સરળીકરણ પર ભાર મૂકશે, તો તે કર વસૂલી વધારવા અને વિવાદો ઘટાડવાના પોતાનાં લક્ષ્યો હાંસલ કરી શકશે. આવકવેરામાં રાહત અને સરળીકરણ માત્ર કરદાતાઓને નહીં, પરંતુ સમગ્ર અર્થતંત્રને ગતિ આપનાર પગલું સાબિત થઈ શકે છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## નજર લાગી રાજજા તોરે બંગલે પર...!

### ગ્રીનલેન્ડ પર ટ્રમ્પની બૂરી નજર... નાટો -ટૅરિફના વિવાદની સાથે યુરોપના દેશો વચ્ચે વધતો જતો તણાવ



અમેરિકા અને યુરોપીય દેશો વચ્ચેના સંબંધમાં વધતો તણાવ આજકાલ વિશ્વના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની રહી છે. ૨૦૨૬ના આ વર્ષમાં, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની વિવાદાસ્પદ નીતિઓએ યુરોપને અસ્થિર કરી દીધું છે. ટ્રમ્પે ફરી એક વખત ગ્રીનલૅન્ડને ખરીદવાની ઈચ્છા જાહેર કરી છે, જે ડેન્માર્કની માલિકીનું છે. આ માગણીથી ડેન્માર્ક અને અન્ય યુરોપીય દેશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કહે છે ને કે 'લોભે લક્ષણ જાય', તેમ ટ્રમ્પની આ વિસ્તારવાદી ઈચ્છાએ વર્ષો જૂના સાથીદારો વચ્ચે ખાઈ ઊભી કરી છે. તેમના મતે, ગ્રીનલૅન્ડ આર્કિટિક વિસ્તારમાં વ્યૂહાત્મક અને આર્થિક હિતો માટે જરૂરી છે, પરંતુ ડેન્માર્કના વડા પ્રધાને આને 'વસાહતી માનસિકતા' ગણાવી સ્પષ્ટ કર્યું છે કે ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી. આ વિવાદે યુરોપીય યુનિયનમાં અમેરિકા વિરોધી ભાવનાને વેગ આપ્યો છે.

જોકે, ટ્રમ્પે એક આશ્ચર્યજનક 'યુ-ટર્ન' લીધો છે. 'નાટો'ના મહાસચિવ સાથેની મુલાકાત બાદ તેમણે યુરોપીય વસ્તુઓ પર ૧૦% થી ૨૫% ટૅરિફ લાદવાની ધમકી પાછી ખેંચી લીધી છે અને આર્કિટિક માટે નવા ફ્રેમવર્કની વાત કરી છે. આમ છતાં, યુરોપીય યુનિયને અમેરિકા સાથેના વેપાર કરારની મંજૂરીને અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દીધી છે, કારણ કે 'દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ'.

બીજી તરફ, કેનેડા પણ હવે અમેરિકાના વિરોધમાં મક્કમતાથી ઊભું છે. ૨૦૨૬માં કૅનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિનો સખત વિરોધ કર્યો છે. અમેરિકાના સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના ટૅરીફના વિરોધમાં કૅનેડાએ વળતા પગલાં લીધા છે. વડા પ્રધાન કાર્નીનું માનવું છે કે અમેરિકાની આક્રમક આર્થિક નીતિઓ કૅનેડાની સાર્વભૌમત્વને જોખમમાં મૂકી રહી છે.

આ તરફ લેટિન અમેરિકામાં પણ સ્થિતિ તણાવપૂર્ણ છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ક્યુબા પરના વેપારી અને પ્રવાસી પ્રતિબંધો વધારી દીધા છે, જે ત્યાંના અર્થતંત્રને તોડવાનો પ્રયાસ ગણાય છે. કોલંબિયામાં પણ ડ્રગ વેપાર અને આંતર્કવાદને રોકવાના નામે અમેરિકા જે દખલગીરી કરી રહ્યું છે, જેને ત્યાંની સરકારે 'અનુચિત' ગણાવી છે. આ બધા વિવાદ લેટિન અમેરિકામાં અમેરિકાની છબીને મોટું નુકસાન પહોંચાડી રહી છે.

આ બધા વચ્ચે 'નાટો' ના અસ્તિત્વ સામે પણ સવાલો ઊભા થયા છે. ટ્રમ્પે અનેકવાર ધમકી આપી છે કે જો અન્ય સભ્યો સંરક્ષણ પાછળ ખર્ચ નહીં વધારે તો અમેરિકા આ સંગઠન છોડી દેશે. ટ્રમ્પે અફઘાનિસ્તાન યુદ્ધમાં યુરોપીય સૈનિકોની ભૂમિકા વિશે ખોટા આરોપો લગાવ્યા તે પછી મોટો વિવાદ થયો છે. તે કહે છે કે યુરોપીય સૈનિકો ફ્રન્ટલાઇનથી પાછળ રહ્યા હતા, જે હકીકતમાં તદ્દન ખોટું છે. વાસ્તવમાં, બ્રિટન જેવા દેશોએ આ યુદ્ધમાં પોતાના ૪૫૭ બહાદુર સૈનિકો ગુમાવ્યા છે. આવા અપમાનજનક નિવેદનોએ ટ્રાન્સ-એટલાન્ટિક સંબંધોમાં કડવાશ ભરી દીધી છે. સાથોસાથ, અમેરિકા દ્વારા સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ને સતત અવગણવામાં આવી રહ્યું છે. પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટ અને ઈરાન ન્યુક્લિયર ડીલ જેવા મહત્ત્વના કરારોમાંથી બહાર નીકળવાના અમેરિકાના નિર્ણયોએ વૈશ્વિક સ્તરે અવિશ્વાસ પેદા કર્યો છે. ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુએલ મેક્રોને જ્યારે આ નીતિઓની ટીકા કરી ત્યારે ટ્રમ્પે ફ્રાન્સના વાઈન અને ઉત્પાદનો પર ટૅક્સ વધારવાની ધમકી આપીને બદલો લેવાનો પ્રયાસ કર્યો છે.

આમ જુઓ તો આ તમામ વિવાદો માત્ર રાજકીય નથી, પરંતુ તે વિશ્વની આર્થિક સ્થિરતા અને શાંતિ માટે ગંભીર જોખમ છે. અમેરિકાની 'એકલા ચાલવાની' નીતિ સાથી દેશોને ચીન અને રશિયા તરફ ધકેલી રહી છે. જો આ વિવાદો રાજદ્વારી રીતે નહીં ઉકેલાય તો વિશ્વને મોટી આર્થિક મંદીનો સામનો કરવો પડશે. જોકે, આ આંતરરાષ્ટ્રીય ખેંચતાણ વચ્ચે ભારત માટે એક સુવર્ણ તક ઊભી થઈ છે. અમેરિકા અને યુરોપ વચ્ચેના તણાવને કારણે યુરોપીય યુનિયન હવે ભારત સાથે મજબૂત વેપારી સંબંધો બાંધવા આતુર છે. ભારત અને ઈયુ વચ્ચેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (મુક્ત વેપાર કરાર) ની વાટાઘાટો હવે અંતિમ તબક્કામાં છે, જેને નિષ્ણાતો 'મધર ઓફ ઓલ ડીલ્સ' તરીકે ઓળખાવી રહ્યા છે. આ કરારથી ભારતને કાપડ, ઇલેક્ટ્રોનિક્સ અને કેમિકલ ક્ષેત્રે નિકાસમાં મોટો ફાયદો થશે અને યુરોપીય ટેક્નોલોજી ભારતમાં આવશે. જાન્યુઆરી ૨૦૨૬ના અંત સુધીમાં આ કરાર પૂરો થવાની ધારણા છે, જે ભારતીય અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જશે.

અંતે તો એટલું જ કહી શકાય કે 'સંપ ત્યાં જંપ', જો અમેરિકા અને યુરોપ સહકાર નહીં સાધે તો તે બંને માટે નુકસાનકારક સાબિત થશે, પરંતુ ભારત આ સ્થિતિમાં પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવીને વિશ્વ મંચ પર મજબૂત ઊભરી રહ્યું છે. ■

## આ તો સ્કેમ છે...




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## વાસનાકાંડના મૂળમાં હતી નાદાની વત્તા રાજકીય મહત્ત્વાકાંક્ષા

કલ્પના કરી જુઓ કે એક શહેરની ૧૦૦-૧૦૦ કોલેજિયન યુવતીઓની અશ્લીલ અને અભદ્ર તસવીરો સરક્યુલર થાય એ માનવામાં આવે? એમાંય બધેબધી યુવતીઓ પાછી સારા-ધનવાન ઘરની હોં અને આ સામાજિક ભૂંકપ સમાન અજમેર રેપ સ્કેન્ડલનો સૂત્રધાર નીકળ્યો એક રાજકારણી.

હા, આ ઘૃણાસ્પદ શર્મનાક કૌભાંડનો માસ્ટર માઈન્ડ હતો ફારુક ચિશ્તી, યુવા કૉંગ્રેસનો અધ્યક્ષ! જાણે કોઈ રાજકીય કાર્યક્રમ ચાલતો હોય એમ આ બળાત્કારકાંડમાં યુવા કૉંગ્રેસનો ઉપ-પ્રમુખ નફિસ ચિશ્તી, મહામંત્રી અનવર ચિશ્તી, ફોટો લેબ ડેવલપર બબલી ઉર્ફે પુરુષોત્તમ (નામ તો જુઓ બદમાશનું!) ઉપરાંત ઈકબાલ ભાટી, સલીમ ચિશ્તી, સોહેલ ગની, જમીર હુસૈન, અલ્માસ મહારાજ, ઈશરત અલી, પરવેજ અંસારી, પૂતન ઈલાહાબાદી ઉર્ફે મોઈજુલ્લાહ, નસીમ ઉર્ફે ટારઝન, કૈલાશ સોની, કલર લેબના માલિક મહેશ ડોલાની, ડ્રાઈવર શંભુ ઉર્ફે મારાડોના અને વધુ એક નેતા જઉર ચિશ્તી હતા ડર્ટી ગેમમાં સામેલ આરોપી.

આરોપીઓની પૂછપરછમાં ભયંકર પુરાવા મળી આવ્યા. જ્યાં જ્યાં આ કુકર્મ કરાયા હતા એ જગ્યા બતાવાઈ. પોલીસે આ ફાર્મહાઉસ કે અન્ય સ્થળોથી ગાદલા, વીડિયો, કેસેટ, કેમેરા, કપડા અને વપરાયેલા કોન્ડોમ સહિતની સામગ્રી



જપ્ત કરીને પુરાવા તરીકે રાખવી પડી હતી. જોકે આ કેસની તપાસમાં પોલીસ માટે સૌથી મોટી મુશ્કેલી પીડિતાઓને શોધવાની અને સામે લાવવાની હતી. કેટલીક કુટુંબ છોડી ગઈ હતી, અમુકે શહેરને રામરામ કરી દીધા હતા. મોટાભાગની યુવતીઓ બદનામી અને સમાજની કૂથલીબાજીથી ડરીને હોઠ સીવી લીધા હતા. આમ છતાં પોલીસ પાસે શાંત કે નિષ્ક્રિય રહેવાનો વિકલ્પ નહોતો. ઘટના એટલી શર્મનાક હતી કે કોઈ વર્દીધારી આમાં ગમે તે કારણસર ઢીલ, કચાશ છોડવાના મૂડમાં નહોતો.

સમય વીતતા વધુ ભયાનક આંકડા અને વિગતો બહાર આવતા રહ્યા. હકીકતમાં ૧૧થી ૨૦ વર્ષ (હા, ઉંમર સાચી છે) ની કિશોરી-યુવતીઓ બ્લેકમેઈલ અને સામૂહિક બળાત્કારનો ભોગ બની હતી. બે મુખ્ય આરોપી ફારુક અને નફીસ ચિશ્તી માત્ર યુવા કૉંગ્રેસી નેતા નહોતા પણ અજમેર શરીફ દરગાહની દાયકાઓથી રખેવાળી કરનારા ખાદીમ પરિવારના ફરજંદ હતા.

અધૂરામાં પૂરું, અજમેરમાં કોમી તંગદિલીના સમય દરમિયાન આ કેસ બહાર આવ્યો હોવાનું સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાંચના પોલીસ સુપરિન્ટેડેન્ટ એન. કે. પટણીએ કહ્યું હતું. આથી ઘટના કે તપાસને કોમી રંગ ન અપાય એવી સાવધાની સાથે કામગીરી હાથ ધરવાની હતી ને પાર પાડવાની હતી. એમાંય બળાત્કાર કાંડનો ભોગ બનેલી યુવતીઓ હિંદુ કુટુંબની હતી. તો આરોપીઓ મુસ્લિમ પરિવારના હતા.

૧૯૯૨ના સપ્ટેમ્બરમાં ૧૮ ગુનેગાર સામે આરોપ દાખલ થયા હતા. આમાંથી એકે પોતાને વહેલી સજા આપીઃ ૧૯૯૪માં આપઘાત કરી લીધો. ૨૦૦૧માં રાજસ્થાન હાઈ કોર્ટે આઠને આજીવન કેદની સજા ફટકારી હતી, પરંતુ આગળ જતા ચાર નિર્દોષ છૂટી ગયા હતા. ૨૦૦૭માં ફારુક ચિશ્તી વિરુદ્ધ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ખટલો ચલાવાયો હતો અને ગુનેગાર ઘોષિત કરાયો હતો, પરંતુ ૨૦૧૩માં એ સજા કાપીને જેલમાંથી બહાર આવી ગયો હતો.

અદાલતી કાર્યવાહીમાં સૌથી મોટી અડચણ એ હતી કે આરોપીઓના પરિવાર વગદાર હતા. સામાજિક-રાજકીય સત્તા હતી. આને લીધે પીડિતાઓ કે સાક્ષીઓ માટે આગળ આવવાનું કે જુબાની આપવાનું લગભગ અશક્ય હતું. આ અછડતું નિરીક્ષણ માત્ર નથી પણ રાજસ્થાનના નિવૃત્ત પોલીસ મહાનિયામક ઓમેન્દ્ર ભારદ્વાજે વ્યક્ત કરેલ સંતાપ છે.

ખુદ સુપ્રીમ કોર્ટે નોંધ લીધી હતી કે બદનામી અને ભવિષ્યમાં જોખમને કારણે ઘણી પીડિતા નિવેદન નોંધાવવા આગળ આવી નહોતી. આ કેસને આરોપીની અન્ય ગુનાહિત પ્રવૃત્તિ સાથે ય સાંકળી લેવામાં આવ્યો હતો. આમાં નોંધપાત્ર કેસ ૧૯૯૨માં ખલીલ ચિશ્તીએ અજમેરમાં કરેલી હત્યાનો હતો.

આ કાળા કૌભાંડના મૂળમાં નાદાની અને મહત્ત્વાકાંક્ષા હતા. ૧૯૯૦માં અજમેરની સાવિત્રી સ્કૂલની બારમા ધોરણની વિદ્યાર્થિનીને રાજકારણમાં જોડાવાની ઈચ્છા થઈ. આ માટે તે કૉંગ્રેસમાં જોડાવા માગતી હતી. આ ધ્યેય તેને યુવા કૉંગ્રેસના બદમાશો નફીસ ચિશ્તી અને ફારુક ચિશ્તી સુધી લઈ ગયો. આ બન્નેએ બળાત્કાર કર્યો, ફોટા પાડ્યા બ્લેકમેઈલ કરી અને વધુ શિકારને ફસાવીને લાવવા માટે લાચાર કરી અને એક ભયંકર વાસનાકાંડની શરૂઆત થઈ.

(ક્રમશઃ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સિક્કાની ત્રીજી બાજુ
_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# ઈન્સ્ટન્ટ કા હૈ ઝમાના...

**ઈન્સ્ટન્ટ ફૂડ, ઈન્સ્ટન્ટ ડિલિવરી, ઈન્સ્ટન્ટ લવ, ઈન્સ્ટન્ટ ડિવોર્સ...ઈન્સ્ટન્ટ ફેમ. ઈન્સ્ટન્ટ...ઈન્સ્ટન્ટ... ઈન્સ્ટન્ટ ... આજની પેઢીને બધું ઈન્સ્ટન્ટ જોઈએ છે, પરંતુ આપણા બાપ-દાદા કહેતા, ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર... ઉતાવળે આંબા ન પાકે...તો?**







ઇન્સ્ટન્ટનો જમાનો છે. કોઈ પણ ચીજ ઇન્સ્ટન્ટ.

ઑનલાઇન કોમર્સમાં દસ મિનિટ (હવે નિયમ બદલાયો છે)માં ઇન્સ્ટન્ટ ડિલિવરી. દવાની જાહેરખબર કહે છે કે ઇન્સ્ટન્ટ રિલીફ મળશે.

નાનું બાળક બહુ રોવે છે તો ઇન્સ્ટન્ટ બે મિનિટમાં તૈયાર થતાં નૂડલ્સ બનાવી દો.

માતા માટે સરળ. ખીચડી બનાવવા માટે યાદ રાખીને ચાર કલાક પહેલાં ચોખા-દાળ પલાળો. તેને બાફો. વઘારો. આવી મહેનત કોણ કરે? આ તો પેકેટ તોડ્યું, નૂડલ્સનો ભૂકો કર્યો, મસાલો નાખ્યો, પાણી નાખ્યું ને નૂડલ્સ તૈયાર. બાળકના પેટનું જે થવાનું હોય તે થાય.

પેટમાં દુઃખાવો થયો તો હિંગ, સૂંઠ વગેરે લગાડવાની મહેનત કોણ કરે? દવા કે સિરપ લાવો અને બાળકને પીવડાવી દો. બાળકને શાળામાં નથી ફાવતું તો ટ્યૂશન રખાવી દો. શિક્ષકનું દાયિત્વ. બાળક ભણવામાં 'ઢ' હોય તો તો પેપર સેટર ફોડી લો. પેપર સેટર ન મળે તો તપાસનાર ફોડી લો. આ બધા છતાં ઓછા માર્ક છે? તો ડોનેશન આપી પેમેન્ટ સીટ પર ઍડ્મિશન લઈ લો. તે પછી દીકરા/દીકરીની કારકિર્દી પાટા પર નથી ચડતી?

કારકિર્દી બનાવવા ઍડ્. આપી ઇન્સ્ટન્ટ પ્રસિદ્ધિ મેળવી દો. આજકાલ લોકોને કામથી નહીં, ફેક પબ્લિસિટીથી રાતોરાત પ્રસિદ્ધ થવું છે. વેચાતા એવોર્ડ લઈ લો. પેઇડ ઍડવર્ટોરિયલ છપાવો....નોકરીમાં ઇન્સ્ટન્ટ પ્રમોશન અને પગાર વધારો જોઈએ છે. તેના માટે 'જે કરવું પડે તે કરવા તૈયાર છે.'

સંબંધ પણ ઇન્સ્ટન્ટ થાય છે. 'સોમવાર કો હમ મિલે, મંગલવાર કો નૈન, બુધ કો મેરી નીંદ ગઈ, ઝૂમે રાત કો ચૈન. અરે શુકર શનિ કટે મુશ્કિલ સે, આજ હૈ ઇતવાર, સાત દિનોં મેં હો ગયા, સાત જનમ કા પ્યાર'. આવું છે. પહેલી દૃષ્ટિએ જ પ્રેમ થઈ ગયો. મન મળ્યાં પછી થોડા જ સમયમાં તન પણ મળી ગયાં ને પછી ઇન્સ્ટન્ટ બ્રેક અપ પણ થઈ ગયું. ફરી ઇન્સ્ટન્ટ પ્રેમ પછી ઈત્યાદિનું ચકકર ....

સારું છે કે હજુ કોઈ એવી શોધ નથી થઈ કે બાળકની ઇન્સ્ટન્ટ ડિલિવરી થાય અને બાળક ઇન્સ્ટન્ટ મોટું થઈ જાય, નહીંતર આજની પ્રજા તેની પાછળ પણ દોડે તેવી છે. મની ડઝન્ટ મેટર, યૂ નો.

જોકે બાળકને પોતાને પણ ઇન્સ્ટન્ટ મોટું તો થવું જ છે. બાળકનું બાળપણ અને ભોળપણ કાર્ટૂન ચેનલો, મનોરંજન જગતથી લઈને સમાચાર પત્રો અને સોશ્યલ મીડિયા, સુધી કોઈએ રહેવા દીધું છે? દસ-બાર વર્ષ સુધીમાં તો બાળકને બધી જ ખબર પડવા લાગે છે. બધી એટલે બધી જ.

ચૂંટણીમાં પરિણામ માટે પહેલાં બે-ત્રણ દિવસ લાગી જતાં, હવે ઇન્સ્ટન્ટ આવે છે.

સ્કૂટરથી માંડીને ફોન, ઘર, બધું જ ઇન્સ્ટન્ટ મળી જાય છે. પહેલાં તો બુક કરાવો તે પછી કેટલાય મહિના રાહ જુઓ અને પછી મળતું હતું. આનંદ પણ ઇન્સ્ટન્ટ બની ગયો છે. સારી કાર લીધી, તેનું કવર સ્લો મોશનમાં નીકળતું હોય અને તેને પત્ની ચાંદલો કરતી હોય તેવું મસ્ત મજાનું રીલ બનાવ્યું અને થોડાકે કહ્યું, બ્રો કોંગ્રેચ્યુલેશન. ઘણા બધાએ માત્ર જોયું અને આનંદ ઇન્સ્ટન્ટ અદૃશ્ય!

પેટમાં દુખાવો થાય કે દાંતમાં, પગમાં થાય કે કેડમાં, પેઇનકિલર લીધી અને ઇન્સ્ટન્ટ દુઃખાવો અદૃશ્ય. ફલાણા બામ મલિએ ઔર કામ પર ચલિએ. પછી? બે દિવસ પછી ફરી એ દુ:ખાવો હાજર. ડોક્ટર પાસે જઈશું અને પૂછીશું કે આ વારંવાર કેમ થાય છે? તો ડોક્ટર કહેશે, પેઇનકિલરથી આવું જ પરિણામ મળે. એક કામ કરો. આપણે લિવરનું ટ્રાન્સ્પ્લાન્ટ કરી નાખીએ.

કાં તો કહેશે, આ દાંત પડાવી નાખો. નવા દાંત ઇમ્પ્લાન્ટ કરાવી દઈએ. આયુર્વેદની કડવી દવા લેવી, ચરી પાળવી અને થોડો સમય જાય, પરંતુ જડમૂળથી બીમારી જાય તેવી ધીરજ કોને છે? આપણા ઘરડા કહેતા હતા, 'ઉતાવળે આંબા ન પાકે.' 'ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર'. આજે સમય જ કોની પાસે છે? એટલી ધીરજ કોની પાસે છે?

હા, આ ઇન્સ્ટન્ટના જમાનામાં લોકોમાં ખૂટી ગઈ છે ધીરજ. આપણે સાંભળ્યું છે કે ધીરજનાં ફળ મીઠાં. પરંતુ આજે મીઠાં ફળ તો બધાને ખાવાં છે, પરંતુ ધીરજ નથી. બાળકની સાથે રમવાનો, તેમની પાસે બેસીને તેમને ભણાવવાનો, તેમની સાથે બેસીને તેમની કાલીઘેલી ભાષામાં વાત સાંભળવાનો માતાપિતા પાસે સમય નથી. નોકરીમાં મહેનત કરી, સારું પરિણામ અપાવી પ્રમોશન અને પગાર વધારો મેળવવાની ધીરજ નથી. ખીચડી બનાવવી હોય અને બાળકને તેમ જ કોઈ પણને પચે તેવી અને પૌષ્ટિક બનાવવી હોય તો ધીમા તાપે ચડવા દેવી પડે. ઝડપથી રાંધો તો કાચી રહે.

બધું ઇન્સ્ટન્ટ નથી હોતું, બધું ઇન્સ્ટન્ટ સારું નથી હોતું. જોકે હવે લોકો સમજતા થયા છે કે ચાવી-ચાવીને ખવાય, પાણી ઘૂંટડે-ઘૂંટડે પીવાય. વાંચવાની ટેવ રાખવી જોઈએ. સાચો અભ્યાસ કરવો હોય તો ત્રીસ સેકન્ડના રીલમાં ન સમજાવી શકાય. તેના માટે મધ્યમ માપસરનો લેખ કે પુસ્તક વાંચવું પડે. સંબંધોમાં પણ ત્યાગ, સમર્પણ, સમય આપવો આવશ્યક છે. કુદરતના ખોળે સેલ્ફીમાં નહીં, સેલ્ફ સાથે બેસવું વધુ આનંદદાયક છે.

આમ હવે ઈન્સ્ટન્ટની દુનિયા પણ પલટાઈ રહી છે. સ્લો ડાઉન ... જીવનની ગતિ ધીમી કરો...આની પણ એક નવી થિયરી આકાર લઈ રહી છે. એની વાત પણ રસપ્રદ છે. એ વિષે ફરી ક્યારેક... ■

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# ઐસા દેશ હૈ મેરા...હો!



આપણે ત્યાં સરકારી અધિકારીઓ કાં તો કામ કર્યા વિના ખુરશી પર બેઠા રહે અથવા તો સૂઈ જાય, એનાથી સરકારી તંત્રની કાર્યક્ષમતામાં કોઈ મોટી ઉથલપાથલ થતી નથી. મોટાભાગના અધિકારીઓ તો...એય ને પોતાની ખુરશી પર બેઠા-બેઠા જ સરસ ઊંઘ ખેંચી લે છે એટલે જ તો, એમને આ ઊંઘવાના રોજિંદા કામ માટે આરામદાયક ખુરશીઓ આપવામાં આવે છે! સરકારી કચેરીઓના પટાવાળાઓ આ બાબતમાં અધિકારીઓ કરતાં પણ વધારે હોશિયાર હોય છે. એ લોકો તો સ્ટૂલ પર પણ બેઠા-બેઠાયે ઊંઘ ખેંચી કાઢે છે...

અધિકારી બે રીતે ઊંઘે છે. એક તો સામાન્ય ઊંઘ હોય છે, જેમાં આંખો બંધ રહે છે અને મગજ પણ...બીજી ઊંઘમાં આંખો ખુલ્લી રહે છે, ખાલી મગજ જ ઊંઘતું હોય છે. આ એક સિદ્ધિ છે, સાધના છે, જે અનુભવથી પ્રાપ્ત થાય છે. અધિકારી અને 'નીંદરમાં ચાલતા સ્લીપ-વોકર'માં સૌથી મોટો તફાવત એ છે કે, 'સ્લીપ-વોકર' કમ સે કમ 'વોક' તો કરે છે! ઊંઘમાં તો ઊંઘમાં પણ એ ચાલે તો છે!

સરકારી તંત્ર ઊંઘે છે ત્યારે બધી ફાઈલ્સ તકિયાનું કામ કરે છે. સાધારણ માણસ પોતાના દુઃખ-દર્દ ભુલાવીને ઊંઘે છે અને સરકારી અધિકારી આખા દેશ કે આખી દુનિયાના દુઃખ-દર્દ ભુલાવીને ઊંઘે છે! સામાન્ય માણસને રાત્રે સૂતી વખતે એ ખબર હોય છે કે એણે સવારે ઉઠવાનું છે અને એ પણ સમયસર ઉઠવાનું છે, કાલે ઊઠીને કામ પણ કરવાનું છે. અધિકારી ઊંઘતી વખતે જાણે છે કે એણે ઊઠવાની કોઈ જરૂર નથી. સામાન્ય પથારીમાં ઊંઘવુ એ ફક્ત ઊંઘવાનું જ હોય છે, પરંતુ સરકારી ઊંઘમાં એક અલગ જ નશો હોય છે. એ છે, સરકારી અધિકારી હોવાના અહંકારનો નશો!

જ્યારે અધિકારીને ઊંઘ આવે છે, સરકારી ફાઈલો 'વિચારણા હેઠળ' રહે છે. દેશમાં ક્યાંક આગ લાગી હોય તો પણ અને એને બુઝાવવાનો પ્રશ્ન હંમેશાં 'વિચારણા હેઠળ' જ રહે છે! બીમારીથી લોકો મરી રહ્યા છે અને ડોક્ટરોને બોલાવવાનો પ્રશ્ન 'વિચારણા હેઠળ' છે!

આ 'વિચારણા હેઠળ'- શબ્દ પ્રયોગ ખૂબ જ રસપ્રદ છે. એ 'ના' નો સરકારી પર્યાયવાચક શબ્દ છે. ઊંઘતું સરકારી તંત્ર એ નીંભરતા કે અસમર્થતાની ગંભીર સાબિતી છે. કોઇ વાત 'વિચારણા હેઠળ' હોય તો એની કોઇ ટાઇમ લિમિટ નક્કી નથી હોતી. 'વિચારણા હેઠળ'માં સમસ્યા વિચારોને આધીન થઈ જાય છે ત્યારે પ્રોબ્લેમ્સ વિચારોની નોકર કે ગુલામ બની જાય છે. સમસ્યા પર વિચારો રાજ કરે છે, વિચારો સમસ્યાને કચડી નાખે છે, એને ઊભી થવા જ નથી દેતા! જો સમસ્યા માથું ઊંચકે છે, તો વિચારો એને ફરી દબાવી નાખે છે. ફાઈલના જાડાં પૂઠાં પર દોરીઓ અને લાલ રિબનના નાગપાશમાં બંધાયેલા કાગળોનો ફફડાટ થયે રાખે છે. કાગળોની આ કેદ, 'વિચારણા હેઠળ'ની સ્થિતિ જ છે. જોકે વિચાર એક નિયંત્રણ કે એના પરનો અંકુશ છે, જેની નીચે વાસ્તવિકતાનો હાથી ભયભીત રીતે દબાયેલો રહે છે.

ઊંઘતું સરકારી તંત્ર વર્તમાનને ભવિષ્યમાં અને ભવિષ્યને ઔર વધુ ભવિષ્યમાં ફેંકીને ઊંઘે રાખે છે અને પ્રજાને હંમેશાં મુજબ એમ જ કહેવામાં આવે છે કે: 'એમના પ્રશ્નો સરકારની વિચારણા હેઠળ છે!'

આ દેશનું સૌભાગ્ય જ છે કે ભગીરથજીએ ગંગાને ધરતી પર લાવવાની કલ્પના 'વિચારણા હેઠળ' નહોતી રાખી! જો સરકારી કામગીરીની જેમ એ જમાનામાં આ કામ ખીંટીં પર લટકાવી દેવામાં આવ્યું હોત તો ગંગા નદી ધરતી પર આવી જ ન હોત, ઉત્તર પ્રદેશ આટલું ગીચ વસ્યું ન હોત અને ગંગાના પાણીનો પવિત્ર ઘૂંટ પીને ગંદી 'રાજનીતિ' કરવાવાળા હોત જ નહીં. અધિકારીઓ અને નેતાઓ આજે આરામની ઊંઘ લે છે, કારણકે એ લોકો જાણે છે કે ગંગા તો વહી રહી છે અને લોકો પોતાના ઘરે નિરાંતે ધરમ-ધ્યાનનાં ગ્રંથો વાંચી રહ્યા છે. દેશ ચાલે રાખે છે આ દેશના ભવિષ્ય માટે બાકી શું રહે છે?

બાકી, આ દેશમાં નવા વિચારો રાજકુમારના ઠાઠથી જન્મ લે છે અને કેન્સરના દર્દીની જેમ તડપી-તડપીને મૃત્યુ પામે છે. આખા દેશમાં દરખાસ્તો સિસકારા લેતા લેતા, ઘસડાતી રહે છે. વિચારોનું અથાણું બની જાય છે, દરખાસ્તો પર ફૂગ લાગી જાય છે. થોડાક દિવસો પહેલા કમ સે કમ એ સુખ તો હતું કે આખો દેશ કોઇ વરણાગી મેળા જેવો લાગતો હતો અને નેતાઓ જાદુગરો જેવા લાગતા હતા, પરંતુ હવે તો એ પણ નથી થતું. નેતા બોલે છે કે નથી બોલતા, કશો જ ફરક નથી પડતો! અધિકારી જાગે છે કે ઊંઘે છે, કોઈ જ ફરક નથી પડતો! નિર્ણય લેવામાં આવે છે કે નથી લેવામાં આવતો, કોઈ જ ફરક નથી પડતો! કેવી પરમ સિદ્ધિ મળી ગઈ છે આ દેશ ને?

છાપાના મુખ્ય સમાચાર એક નાના કાળા નાગની જેમ રહી રહીને ફૂંફાડો મારે રાખે છે, પરંતુ ધીમે-ધીમે છાપાનું બધુ તેજાબી લખાણ સાર વગરનું, સનસનાટી વગરનું થઈ જાય છે.


વિરોધનું સરઘસ દેશની સડકો પરથી થઈને જાય છે અને બારીઓ બંધ રહે છે. કોઈ સરકાર પડે, તો પણ કોઈ અસર નથી થતી. મોટા તકિયા, નરમ ગાદીઓ, આરામદાયક ખુરશીઓ, પંખાઓ, એરકૂલર અને મલમલના પડદાઓની વચ્ચે આપણે કેવી સિદ્ધિ મેળવી રહ્યા છીએને?


સાચે જ આપણો દેશ કેટલો મહાન છે!

ચાલો સૌ મળીને ગાઇએ: ઐસા દેશ હૈ મેરા હો! ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# હિમાલયની સંત યાત્રાઃ મહાવતાર બાબાથી નીમ કરૌલી મહારાજ


મહાવતાર બાબા


નીમ કરૌલી મહારાજ

હિમાલયના સાધુઓની વાત આવે એટલે ભગવાન શિવથી વાતનો પ્રારંભ થાય અને મહાવતાર બાબા પર વાતની શરૂઆત થાય. હિમાલયમાં અસંખ્ય ભાવિકો પર બાબા બે હજાર વર્ષથી કૃપા વરસાવે છે. મહાવતાર બાબાજી એ ભારતીય આધ્યાત્મિક પરંપરાના એક અત્યંત રહસ્યમય અને અમર પુરુષ છે, જેમનું અસ્તિત્વ સેંકડો વર્ષોથી હિમાલયના દુર્ગમ પર્વતોમાં અનુભવાય છે. એમને 'મહાવતાર' કહેવામાં આવે છે, જેનો અર્થ છે 'મહાન અવતાર', કારણ કે એ દિવ્ય શક્તિના પ્રતીક છે જે માનવરૂપમાં અવતરિત થઈને માનવજાતને માર્ગદર્શન આપે છે.

આમ તો મહાવતાર બાબાજીના જન્મ અને જીવન વિશેની માહિતી ચમત્કારથી ભરપૂર છે. એક માન્યતા અનુસાર, એમનો જન્મ ૨૦૩ ઈ.સ.માં તમિલનાડુના પરંગીપેટ્ટાઈ નામના ગામમાં થયો હતો. મૂળ નામ 'નાગરાજ' હતું. આ નામમાં જ કુંડલિની શક્તિ છે, જે યોગમાં આધ્યાત્મિક જાગૃતિનો મુખ્ય માર્ગ છે. મહાવતાર બાબાજીના પ્રારંભિક શિક્ષણમાં બે મહાન ગુરુઓની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. સનાતન ઋષિ પરંપરાના અમર અવતાર અગસ્ત્ય મુનિ અને તમિલ સિદ્ધ પરંપરાના મહાન યોગી અને ક્રિયા યોગનું મૂળ એવા સંત બોગનાથર. બોગનાથર પાસેથી સમાધિનું જ્ઞાન મેળવ્યું અને તપ તેમ જ યોગબળે મૃત્યુથી પર થયા. બાબાજીએ વારાણસી, બદ્રીનાથ અને કાઠમંડુમાં તપસ્યા કરી, જ્યાં એમણે અમરત્વને પ્રાપ્ત કર્યું.

આદિ શંકરાચાર્ય, કબીર સહિત અનેક સંતોએ બાબા પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. આમ તો એમને કૃષ્ણના શિષ્ય અર્જુનના અંશ તરીકે પણ માનવામાં આવે છે. રવીન્દ્રનાથ ટાગોરના પિતા દેવેન્દ્રનાથ ટાગોર એમના શિષ્ય હતા, જેમણે હિમાલયમાં સમય વિતાવ્યો અને તેમના પુત્રને ત્રણ વર્ષ માટે બાબાજી પાસે મોકલ્યા.

મહાવતાર બાબાજીના ચમત્કાર કહો કે અનુભૂતિ અસંખ્ય લોકોને થઇ છે. એક શિષ્યના ખભા પર સળગતી લાકડી મારીને તેના કર્મને બાળી નાખ્યા અને પછી હાથ ફેરવીને તેને સાજા કર્યા. એક અમેરિકન ભક્તે દીક્ષા માટે આત્મહત્યાની ધમકી આપી તો બાબાજીએ તેને કૂદવા કહ્યું અને તે કૂદી ગયો. તે મૃત્યુ પામ્યા પછી તેને હાથ ફેરવીને જીવિત કરીને શિષ્ય કર્યો હતો. એક કથા મુજબ માતાજીએ વારાણસીમાં બાબાજીને શરીર ત્યજવાની ના પાડી અને બાબાજીએ વચન મુજબ શરીરનો ત્યાગ કર્યો નહીં. એક જાણીતા સાધ્વીજી બાબાજીની ગુફા પર ગયાં. તેમને બાબાજીએ કહ્યું હતું કે મારું સ્વરૂપ પ્રેમમય છે, કારણ કે પ્રેમ જ વિશ્વને બદલી શકે છે. દરેક વ્યક્તિએ અહીં સુધી આવવાની જરૂર નથી, તેમના હૃદયમાં રહેલી શ્રદ્ધા અને ભક્તિ પૂરતી છે.

હિમાલયના સંત નીમ કરોલી બાબા મહાવતાર બાબાજીના શિષ્ય હતા. બાબાજીએ તેમને રામ નામનો જપ શીખવ્યો. હિમાલયમાં બંને મહાન બાબાઓના ભૌતિક નિવાસ વચ્ચે કલાકોનું અંતર છે, સાધકોની સાધનાનો માર્ગ હિમાલયના મહાન સંત થઈને જાય છે. આ યાત્રામાં સાધકને બે માર્ગ છે, બાબાજીનો યોગનો માર્ગ જેમાં ક્રિયા યોગ, કુંડલિની જાગૃતિ થાય છે અને મહારાજજી કૃપા ભક્તિના માર્ગ તરફ લઇ જાય છે. આ બંને માર્ગનું પરિણામ સ્વની અનુભૂતિ સિવાય કશું નથી.

મારી રખડવાની આદત અનુસાર મોરબીથી પાંત્રીસ કિલોમીટર દૂર દરિયા કિનારા નજીક આવેલા વવાણીયા ગામ ગયો હતો. વવાણિયા ગામમાં સાત - આઠ વર્ષ માટે નીમ કરૌલી બાબા ઇશ્વરના સાક્ષાત્કાર, યોગ અને સમાધિ માટે રહ્યા હતાં. વવાણીયા બીજો પરિચય એટલે ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ રાજચંદ્રનું જન્મ અને કર્મ સ્થળ. આહિર સમાજના આર્ષદ્રષ્ટા એવા વંદનીય રામબાઇની ભૂમિ પણ અહીં જ છે. એનો અર્થ એ છે કે આ ધરતીમાં કંઇક તો હશે.

નીમ કરૌલી બાબાને એમના ભક્તો મહારાજજી કહીને સંબોધન કરતાં હતાં. કંબલ ધારણ કરીને ચહેરા પર સદાય સ્મિત સાથે નીમ કરૌલી બાબાની તસ્વીર અસંખ્ય ભારતીયોના ઘરમાં છે. એવું માનવામાં આવે છે કે ૧૧ સપ્ટેમ્બર, ૧૯૦૦ના પાવન દિવસે ઉત્તર પ્રદેશના અકબરપુરમાં તેમનો જન્મ થયો હતો.

નીમ કરૌલી બાબા નામ માટે એક રસપ્રદ કથા છે. રેલવેમાં ટિકિટ વગર મુસાફરી કરતાં હતાં એ સમયે ટીસીએ નીમ કરૌલી વિસ્તારમાં ટ્રેન રોકીને નીચે ઉતારી દીધાં. બાબા એક ઝાડ પાસે જઇને બેસી ગયા. બાબાને અપમાનિત કરીને ઉતાર્યા પછી ટ્રેન આગળ વધી શકી નહીં. રેલવેના અધિકારીઓને બાબા બાબતે ખ્યાલ આવતાં એમને ટ્રેનમાં બેસવાનો આગ્રહ કર્યો, પણ બાબા એ શરતે તૈયાર થયાં કે જ્યાં જે ઝાડ પાસે બેઠા હતા ત્યાં સ્ટેશન બને. આ ઘટના પછી બાબાના નામમાં એક ઓર નામ જોડાયું અને કાળાંતરે નીમ કરૌલી બાબા તરીકે પ્રખ્યાત થયા.

નીમ કરૌલી બાબાના નજરે ચડતા શિષ્યો તો વિશ્વની સેલેબ્સ છે. નીમ કરૌલી બાબાના જાણીતા શિષ્યોમાં આધ્યાત્મિક શિક્ષક રામદાસ, ગાયક અને આધ્યાત્મિક શિક્ષક ભગવાનદાસ, લેખક અને ધ્યાન શિક્ષક લામા સૂર્યદાસ અને સંગીતકારો જય ઉત્તલ અને કૃષ્ણદાસનો સમાવેશ થાય છે. માનવતાવાદી લેરી બ્રિલિયન્ટ અને તેમની પત્ની ગિરિજા, દાદા મુખર્જી, વિદ્વાન યવેટ રોસર, અમેરિકન આધ્યાત્મિક શિક્ષક જયા સતી ભગવતી, ફિલ્મ નિર્માતા જોન બુશ અને ગોનીલના દિગ્દર્શકનો સમાવેશ થાય છે.

સ્ટીવ જોબ્સ, તેમના મિત્ર ડેન કોટકે સાથે હિંદુ ધર્મ અને ભારતીય આધ્યાત્મિકતાનો અભ્યાસ કરવા એપ્રિલ ૧૯૭૪માં ભારત આવ્યા હતા ત્યારે નીમ કરૌલી બાબાને મળવાનું એમણ આયોજન કર્યું હતું, પરંતુ સપ્ટેમ્બરમાં ગુરુનું અવસાન થયું હોવાનું જાણવા છતાં આધ્યાત્મિક અનુભૂતિ માટે આવ્યા હતા.

હોલિવૂડ અભિનેત્રી જુલિયા રોબટ્ર્સ પણ નીમ કરૌલી બાબાથી પ્રભાવિત હતી. સ્ટીવ જોબ્સથી પ્રભાવિત, માર્ક ઝકરબર્ગે કૈંચીમાં નીમ કરોલી બાબાના આશ્રમની મુલાકાત લીધી. લેરી બ્રિલિયન્ટ ગૂગલના લેરી પેજ અને ઇબેના સહ-સ્થાપક જેફરી સ્કોલ પણ બાબાના દર્શન માટે આવી ચૂક્યા છે.

હિમાલયના અનેક જાણીતા તથા સૂક્ષ્મ સ્વરૂપે વિચરણ કરતાં સંત એમના આશ્રમમાં આવતા હતાં. બાબાની ઇશ્વર અનુભૂતિ પદ્ધતિ પરંપરાગત કરતાં અલગ હતી. આ પદ્ધતિ હિમાલયના સંતોના ઇશ્વર અનુભૂતિના પાગલપન તરીકે ઓળખવામાં આવતી હતી. સ્થાનિક ભાષામાં તિબેટી શબ્દ 'યેશી ચોલવા' મતલબ આધ્યાત્મિક પાગલપન કહી શકાય. આધ્યાત્મિક પાગલપનનો અર્થ એ છે કે પરંપરાગત પદ્ધતિને બદલે કશી નવી જ રીતે શિવતત્ત્વ પ્રાપ્ત કરવાની કળા. ■

**ધ એન્ડ :**

***મહાવતાર બાબાજી એ એક એવા મહાપુરુષ છે, જેમના વિશે કોઈ ઐતિહાસિક દસ્તાવેજ નથી. જેમના અસ્તિત્વ અને કૃપાને એમને આધ્યાત્મિક વિશ્વના યોગી-ખ્રિસ્ત તરીકે ઓળખાય છે અને એમનું કાર્ય માનવજાતને મોહમાયાથી મુક્ત કરીને યોગ્ય માર્ગે વાળવાનો છે.***

તસવીરની આરપાર
____ભાટી એન.
feedback@bombaysamachar.com

# કુદરતી સૌંદર્યની ભેટ ધરાવે છે જોગધ્યાનપુરા આશ્રમ



કુદરતી સૌંદર્ય અને દરિયા વચ્ચે કોઈ ટાપુ હોય તેમાં પ્રાચીન જોગધ્યાનપુરા આશ્રમ આવેલો છે. ચોમાસામાં વરસાદ થતા ત્યાં જવું અશક્ય બની જાય છે. જોકે મને ખાસ હુકુંમાં લઈ જવા ફોરેસ્ટ ખાતા દ્વારા પોલીસ ઇન્સ્પેક્ટર સોલંકીએ પરમિશન આપી હતી.મને આશ્રમ જવાનો મોકો મળ્યો જે ખૂબ રોમાંચક હતો. ચોતરફ પાણી વચ્ચે જતા શીતળ ઠંડી અને મનોહર દશ્યો જોવાનો લ્હાવો મળેલો. ત્યાં કોઈ માનવ વસતી નથી જ્યાં સુધી ડેમનું પાણી ઊતરે નહીં ત્યાં સુધી બધુ સૂમસામ રહે છે, પણ ત્યાં ગયા પછી મન પુલકિત થઈ ગયું.

મોરબી જિલ્લામાં આવેલ મચ્છુ ડેમ નં ૨ની વચ્ચે આવેલ જોગધ્યાનપુરા આશ્રમના બાપુ પૂ.શ્રી ૧૦૦૮ શ્રી ધ્યાનશંકર મુક્તિનારાયણ (જોગડુંગરીવાળા બાપુ)નો જૂનો ઈતિહાસ જાણીએ. સૌરાષ્ટ્રની ભૂમિ એટલે સતીઓ, જોગીઓ, શુરવીરો ને હરિ દર્શનાભિલાષીઓની ભોમકા. ગામ-ગામને પાદરે, સીમાડે સતીઓની દેરીઓ, જોગીઓના ધરમ-નેજા, સિંદૂર રંગી પાળિયાઓ અને બાવન ગજની ધજાઓ હવામાં ફડફડતી આજેય જોવા મળે છે. આવી બહુરત્ના વસુંધરાએ અનેક સંતો, મહંતોને જોગીઓને પોતાની કુખે જન્મ આપીને કૃતાર્થતા અનુભવી છે. સૌરાષ્ટ્રના 'પેરિસ' કહેવાતા મોરબી શહેરનો પણ આગવો ઈતિહાસ ધરબાયેલો પડયો છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રીધ્યાન શંકર મુક્તિનારાયણ વર્ષો પહેલા મોરબી-વાંકાનેર વચ્ચે આવેલ 'જોગ ડુંગરી' (નાનો પહાડ) કે જે મચ્છુ નદીના કિનારે આવેલ તેના ઉપર વસવાટ કરેલો. તેઓશ્રીનું જન્મ સ્થાન નેપાળની સરહદે આવેલ દરભંગા જીલ્લો હતો. તેમણે ત્યાંથી ફરતા ફરતા સૌરાષ્ટ્રમાં ઉપરોકત સ્થળે નિવાસ કરેલ. એમ કહેવાય છે કે આ સ્થળ પુરાતની પાંડવોના વખતનું હતું. આ પવિત્ર જગ્યા પર પૂ.બાપુશ્રી બિરાજમાન થયા અને ત્યાં સ્થાયી થયા. તેઓશ્રી પરમ શક્તિશાળી, યોગ-અભ્યાસી, વચન-સિદ્ધ સંત-પ્રભુનો અંશ હતા. ત્યાં મચ્છુ નદીમાં મોટો ડેમ મચ્છુ ડેમ નંબર-૨ બાંધવાનો નિર્ણય કરેલો. ને ગુરુજીને 'જોગ ડુંગરી' આશ્રમની જગ્યા ખાલી કરી દેવા આદેશ આપવામાં આવેલ.પૂ.બાપુ તો કલ્પવૃક્ષ સમાન હતા. તેઓએ આપેલ આશિષથી તેમનાં ભક્તજનોમાં આજે પણ ભક્તિભાવ, સેવા અને સત્કાર્યોમાં વિશ્વાસ ધરાવે છે. ન ધારેલી ઘટના જેવી મોરબીની હોનારત સર્જાણી, તે સૌની નજર સામેની વાત છે. આ હોનારત વખતે ગુરુજીએ પોતાનો પાર્થિવ દેહ થાનગઢ મુકામે પાંચાલ ભૂમિમાં છોડી દીધેલ હતો. હાલમાં તેઓના ભક્તગણોએ થાનગઢમાં તરણેતર રોડ પર ભવ્યાતિભવ્ય આશ્રમ બનાવેલ છે અને અસંખ્ય ધાર્મિક પ્રવૃત્તિ કરે છે.■

# અજબ ગજબની દુનિયા


હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## હૈયામાં હોય હામ તો હર મુશ્કિલ આસાન



મક્કમ નિર્ધાર અને દ્રઢ મનોબળનો સરવાળો જીવનમાં આવતા દરેક મુશ્કેલ દાખલાનો સાચો જવાબ આપવા સમર્થ હોય છે. માણસ જ નહીં, વનસ્પતિના કેસમાં પણ આ વાત યથાર્થ સાબિત કરતું ઉદાહરણ ચીનમાં જોવા મળ્યું છે. વાંસના કંદમાંથી ફણગો એટલા જોરથી બહાર નીકળે છે કે, તેના પર જો પથ્થર હોય તો તેને ઉડાડી દે અથવા તેમાં થઈને બહાર નીકળે. ચીનના જિઆંગ પ્રાંતના વર્લ્ડ ટ્રેડ પ્લાઝાની બહાર લેમ્પના એક થાંભલામાંથી વાંસના પાન જે રીતે બહાર આવ્યા છે એ જોઈ સામાન્ય માણસ તો ઠીક, સાયન્ટિસ્ટ સુધ્ધાં માથું ખંજવાળવા લાગ્યા છે કે 'યે કૈસે હુઆ?' સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલા વીડિયો અનુસાર દીવાબત્તીના થાંભલાની નજીક જ આ વાંસના વૃક્ષના મૂળિયાં છે અને સહેજ અમથી જગ્યા મળતા છ મીટર (આશરે ૨૦ ફૂટ) થાંભલાના પોલાણમાં સડસડાટ આગળ વધી શાનથી પોતાનું મુખારવિંદ બહાર કાઢ્યું છે. વિજ્ઞાન અનુસાર અંધારામાં છોડનો વિકાસ બરાબર થાય નહીં, કારણ કે એના વિકાસ માટે જરૂરી ફોટોસિન્થેસિસની પ્રક્રિયા સૂર્યપ્રકાશની મદદથી જ થઈ શકે છે. જોકે, વાંસનો આ છોડ આફતને અવસર બનાવી લાંબી મુસાફરી અંધારામાં પાર કરી અજવાળું પામ્યો છે. હિંમત અને વિશ્વાસ હોય તો મુશ્કેલીમાંથી પણ મારગ કાઢી આગળ વધી શકાય છે એનું જીવંત ઉદાહરણ બતાવવા અનેક વડીલો બાળકોને આ વાંસના દર્શન કરવા લઈ આવે છે.

## પૃથ્વી પર કેટલી કીડી છે ? વેલ, ૨૦ને માથે ૧૫ મીંડાં...




કીડી દેખાવમાં એક ઝીણું જંતુ છે. એક સૂક્ષ્મપત્રી ષટ્પદી જીવની ઓળખ ધરાવે છે. નાની, મોટી, લાલ, કાળી વગેરે ઘણી જાતની કીડી વિશે અનેક પ્રકારના સંશોધન થતા રહ્યા છે, કારણ કે એ અચરજનો વિષય છે. પૃથ્વી પર માનવ વસતિ આઠ અબજની આસપાસ હોવાનો અંદાજ છે. સંખ્યાની દ્રષ્ટિએ પૃથ્વી પર વધુ વસતિ કીડીબાઈની છે. ઓસ્ટ્રેલિયા, હોંગકોંગ અને જર્મનીના વૈજ્ઞાનિકોના સહિયારા સંશોધન અને અભ્યાસને અંતે એવું તારણ નીકળ્યું છે કે પૃથ્વી પર ૨૦ quadrillion - સાદી ભાષામાં કહીએ તો ૨૦ પછી ૧૫ શૂન્ય (૨૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦) આવે એટલી કીડીનું અસ્તિત્વ છે. કીડી તો પામર જીવ છે અને મોટેભાગે એ કોઈને નુકસાન નથી કરતી. માનવ વસતિમાં વધારો ચિંતાજનક મનાય છે, પણ કીડીની સંખ્યાને ક્યારેય સમસ્યા તરીકે ઓળખ નથી મળી. જોકે, વૈજ્ઞાનિકોની દલીલ છે કે આ સંખ્યાને હળવાશથી ન લેવી જોઈએ કારણ કે આ કીડીબાઈઓના વજનમાં ૧૨ મિલિયન ટન કાર્બન છે. પૃથ્વી પરના પ્રત્યેક જંગલી સસ્તન પ્રાણીઓ અને જંગલી પક્ષીઓના વજન કરતાં કીડીબાઈના કાર્બનનું વજન વધારે છે. કીડીની વધતી જતી વસતિ કાર્બનના મુદ્દે મોટી સમસ્યા બની શકે એવી સંભાવના વ્યક્ત થઈ છે. પૃથ્વીના વિશાળ પટ પર હાજર વિવિધ જંતુઓની સરખામણીએ કીડીની વસતિ એક ટકો માનવામાં આવે છે. એના પરથી પૃથ્વી પર જંતુઓની સંખ્યાની ગણતરી જાતે કરશો તો નજર સમક્ષ મીંડાં તરવરવા લાગશે.

## બુઢ્ઢી હોગી તેરી માં....



એક હિન્દી ફિલ્મમાં જૈફ ઉંમરે જુવાનીનું જોશ દેખાડવા થનગનતા અમિતાભ બચ્ચન 'બુઢ્ઢા હોગા તેરા બાપ' ગીત ગાય છે. ઉંમર કેવળ એક સંખ્યા છે અને 'ગોઈંગ એઈટી, ફિલિંગ એઈટીન' (ઉંમર ૮૦ વર્ષની, ઉત્સાહ ૧૮ વર્ષનો) એ ભાવના ઉજાગર કરતા જીવતા જાગતા લોકો જોવા મળે ત્યારે મનોબળની મજબૂતાઈનો ખ્યાલ આવે છે. વિશ્વ સમક્ષ હેરત પમાડતાં ઉદાહરણો રજૂ કરવા માટે ખ્યાતિ મેળવનારા ચીનમાં ૧૦૧ વર્ષના માજી 'બુઢ્ઢી હોગી તેરી માં' એવું રોફ સાથે કહી શકે એવાં સ્વસ્થ છે. 'સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ' અખબારે એમની જીવન શૈલીનું વર્ણન 'રિવર્સ લાઈફસ્ટાઈલ' તરીકે કર્યું છે. ૧૦૧ વર્ષની ઉંમરે આજની પેઢી - જેન ઝીની જેમ માજી મોડી રાત સુધી જાગી ટીવી જુએ છે, ઘડિયાળના કાંટા સામે જોયા વિના કિચનના છરી કાંટા વાપરી ઈચ્છા થાય એ ફૂડ ખાવાની મજા માણે છે. આવી લાઈફસ્ટાઈલ છતાં ગેસ - અપચો કે એવી બીજી કોઈ બીમારીથી ગ્રસ્ત નથી અને મજેદાર વાત એ છે કે એમની બત્રીસીમાંથી એક સભ્ય ઘર છોડી નીકળી નથી ગયો. સાત સંતાનને જન્મ આપનારાં આ દાદીમાનું દૈનિક જીવન ઓનલાઇન એમની જ દીકરીએ શેર કર્યું છે. ૧૦૧ વર્ષની ઉંમરે ૨૧ વર્ષનો ઉમંગ અને ઉત્સાહ ધરાવતાં માજી રાત્રે બે વાગ્યા સુધી ટીવી જોયા પછી જ પથારીમાં લંબાવે છે. સવારે ૧૦ની આસપાસ એમનું ગુડ મોર્નિંગ થાય અને ફ્રેશ થઈ સૌથી પહેલા ગ્રીન ટી ગટગટાવી જાય. ત્યારબાદ બ્રન્ચ (બ્રેકફાસ્ટ + લંચ). ડિનર સાંજે છની આસપાસ અને ભૂખ લાગે તો ૯ - ૧૦ વાગ્યે પેસ્ટ્રી, બિસ્કિટ, વેફર અને શક્કરિયાની વાનગીમાંથી કોઈ એક અને ઈચ્છા થાય તો એકથી વધુ આઈટમ ઝાપટી જવાની. આજીવન ડેન્ટિસ્ટનો દરવાજો નહીં ખટખટાવનારા માજી ક્યારેય અકળાતા નથી અને એટલે શાંતિથી નીંદર ખેંચી શકે છે અને આ જ એમની સ્વસ્થતાનું કારણ છે.

## લગ્ન ફોક.... ટેક્નોલોજી તેરે ખાતર



ટ્રિપલ તલાક અસ્તિત્વમાં હતા ત્યાં સુધી ચપટી વગાડતામાં લગ્ન તૂટી જતા હતા. બાકી સપ્તપદીના સાત ફેરા કે ચર્ચમાં વેડિંગ વાવ્સ (સાથ નિભાવવાના વચન) લીધા પછી છૂટા પડવાની ઈચ્છા સાકાર કરવા ક્યારેક વર્ષોનાં વર્ષો નીકળી જતા હોય છે. જોકે, રમણીય દેશ તરીકે જાણીતા નેધરલેન્ડ્સમાં મેરેજ થયા પછી તરત ફોક જાહેર કરવામાં આવ્યા હોવાનો એક વિલક્ષણ બનાવ પ્રકાશમાં આવ્યો છે. વિલક્ષણ એટલા માટે છે કે લગ્ન વિચ્છેદ માટે વરરાજા - વહુરાણી કે પિયરિયાં - સાસરિયા જવાબદાર નથી. જવાબદાર છે મોડર્ન ટેક્નોલોજી. લખાણનું કામ આસાન કરી દેવા માટે હીરો જેવી નામના મેળવનારી ચેટજીપીટી નામની વ્યવસ્થા વરઘોડિયાના જીવનમાં વિલન સાબિત થઈ છે. એપ્રિલ ૨૦૨૫માં સિવિલ મેરેજથી હસબન્ડ - વાઈફ બનેલા યુગલે આ વર્ષે મેરેજ રજિસ્ટર કરાવી લેવાનું નક્કી કર્યું. સમય અને સગવડ સાચવવા એક ફ્રેન્ડને મેરેજ રજિસ્ટ્રાર બનવા કહ્યું. મિત્ર તૈયાર થઈ ગયો અને ચેટજીપીટીની મદદથી વેડિંગ સ્પીચ અને વાવ્સ તૈયાર કર્યા. જોકે, તૈયાર થયેલી મેટરમાં ડચ સિવિલ કોડની આવશ્યકતા અનુસાર કાયદાકીય જરૂરિયાત અનુસારની વિગતો નહોતી. કોર્ટમાં રજૂઆત થઈ ત્યારે 'અમે સાથે હસતા રમતા રહેશું અને કોઈ પણ પરિસ્થિતિમાં એકબીજાને પ્રેમ કરતા રહેશું' જેવી વિગતો સાંભળવામાં આવી. ભાવના સારી હતી, પણ કોર્ટનું કહેવું હતું કે મેરેજને માન્ય રાખવા માટે જે કાનૂની જોગવાઈઓ છે એનો અમલ અહીં નહીં થઈ રહ્યો હોવાથી મેરેજ સર્ટિફિકેટ અમાન્ય ઠેરવવામાં આવે છે.

ટૂંકમાં ટેક્નોલોજીને કારણે લગ્ન ફોક કરવામાં આવ્યા. ચેટજીપીટીએ પ્રેમાળ પણ અનૌપચારિક ભાષા વાપરી જે કાનૂની દાયરા બહારની હોવાથી અમાન્ય ઠેરવવામાં આવી. આ કેસને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ અને કાયદાકીય વ્યાખ્યા વચ્ચે ઉદ્ભવી રહેલા ટેંશનના લાક્ષણિક ઉદાહરણ તરીકે જોવામાં આવે છે. એઆઈના ચેટજીપીટી જેવા સાધન સ્પીચ, એગ્રીમેન્ટ અને અન્ય લખાણ ફટાફટ તૈયાર કરી આપે છે, પણ એમાં જરૂરી કાયદાકીય ટર્મિનોલોજીની હાજરી ન હોવાથી સમસ્યા ઊભી થાય છે.

## લ્યો કરો વાત!

*કેન્યાનું ઉમોજા નામનું ગામ આજકાલ ખાસ્સું ચર્ચામાં છે. આમ જોવા જાવ તો એ સીધું સાદું ગામડું છે જ્યાં ગાર અને છાણથી લીપેલાં ઘર છે, છોડ - ઝાડ સ્વરૂપે થોડી હરિયાળી છે, ગાય, ભેંસ ને બકરી છે અને હા મનુષ્યની વસતિ છે. જોકે, જ્યાં જ્યાં નજર ઠરે ત્યાં ત્યાં માનુનીઓ જ દેખાય છે. સમ ખાવા પૂરતો એક પુરુષ નથી દેખાતો. , કારણ કે આ ગામમાં પુરુષને 'નો એન્ટ્રી' છે. વાત એમ છે કે પતિ કે પરિવારથી પીડિત સન્નારીઓ સહનશક્તિની સીમા વટાવી ગયા બાદ બધું છોડી મહિલાઓ માટેનું, મહિલા દ્વારા સંચાલિત ગામમાં વસવાટ કરે છે. ત્રીસેક વર્ષ પહેલા પુરુષ પ્રધાન સમાજથી વાજ આવી ગયેલી રેબેકા નામની સન્નારીએ એના જેવી પીડિત અન્ય ૧૫ મહિલાઓ સાથે આ ગામને 'ઓન્લી ફોર લેડીઝ' ગામ તરીકે સ્થાપિત કર્યું. આ સ્ત્રીઓ ટ્રેડિશનલ બીડ સહેલાણીઓને વેચી બે પૈસા કમાઈ ગુજરાન કરે છે. નથી એમને પુનર્લગ્ન કરવાની ઈચ્છા કે નથી પરિવારમાં પાછા ફરવાની તમન્ના. 'જીના યહાં, મરના યહાં' એ જ જીવનમંત્ર છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**રામભરોસે સંસાર ચાલે તો સીતા ભરોસે શું?**
* રામનો ઘરસંસાર...!

**ઈશ્વરે કેમ ચમત્કાર કરવા પડે?**
* સેલ્ફ માર્કેટિંગ માટે.

**રૂપવંતી રાણી હોય અને એ કદરૂપી હોય તો?**
* નોકરાણી.

**ભૂલો પડેલો માણસ બેઘર હોય તો ક્યાં જાય?**
* Care off ફુટપાથ ...

**હાથીના ચાવવાના અને દેખાડવાના દાંત જુદા કેમ હોય?**
* કોસ્મેટિક સર્જનના ધંધાર્થે ...!

**નેતા શું ગાઈ શકે?**
* પોતાના ગુણગાન...

**પપ્પુ નાપાસ થાય તો?**
* પાસ હો ગયાનું ગપ્પું મારે.

**નકલી નોટ ફરતી કરવાનો ફાયદો શું?**
* જેલની કોટડીમાં ફરવા અને હવા, પાણી અને ખોરાકનો મફત લ્હાવો મળે.

**ના દેખાય એવી બારી કઈ?**
* છટકબારી.

**જલસા ક્યારે મોંઘા પડે?**
* બિલ ભરવા કોઈ આગળ ના આવે ત્યારે ...

**બીજ વર થવા મથતા હોય એનો બીજ મંત્ર શું હોય?**
* દુબારા...દુબારા...

**રાજકારણી સંસાર છોડીને સાધુ કેમ બનતાં નહીં હોય?**
* કોઈ શિષ્ય બનવા તૈયાર થતાં નથી.

**મહેનતની કમાઈ કેવી હોય?**
* ઈન્કમટેક્સ ભરનારને પૂછો.

**મહેનતના ફળ મીઠા હોય- ગળ્યા કે ખાટા કેમ નહીં?**
* હજી એક જ ફ્લેવર બની છે.

**શંખ અને ડંખ વાગે...પણ એ બંનેમાં ફરક શું?**
* શંખ જાહેરમાં અને ડંખ દિલમાં વાગે.

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# મામૈદેવ ને મેકણદાદા

કચ્છી ચોવકોમાં એ કચ્છી ભાષાના આદ્ય પુરુષ મામૈદેવની અગમવાણી અને સંત મેકણદાદાની વાણીઓએ પણ રૂપાંતરિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમાં તમામ પ્રકારના 'પ્રાસ' અને 'અલંકાર' પણ જોવા મળે છે.

ગયા અંકમાં વાચકો માટે એક ચોવક મમળાવવા માટે મુકી હતી:

'કીંક ધડે ધાબડે,
કીંક છડે છાબડે,
કીંક ડાંઢી મેં ફેર,
કીંક ઓછો આથ શેર;'

ગુજરાતીમાં તેનો સીધો અર્થ એક જ કહેવતમાં સમાઈ જાય છે: 'દૂધમાંથી ફોરાં કાઢવાં', અને ઉપરોક્ત કચ્છી ચોવકનો સીધો અર્થ થાય છે: 'સરવાળે દરેક વસ્તુમાં કંઈને કંઈ ખામી હોવી, કે શોધવી, કે કાઢવી!'

આજે વગર મહેનતે કંઈ પરબારું પ્રાપ્ત થઈ જાય તેવી આશાએ ઘણા હાથ જોડી બેઠા હોય છે, તો તેના માટે કચ્છીમાં એક સુંદર ચોવક છે: 'ઉછેઘીયેની અઠસો વારસ' મતલબ કે હરામનું ખાવા માટે ઘણા તૈયાર.

કાવ્યાત્મક રૂપે, પિરોલીમાં વણી લેવાયેલી કહેવતો પણ કચ્છી ભાષામાં જોવા મળે છે. આવી પિરોલીમાં બાળકોની જિજ્ઞાસુ વૃત્તિને પોષવા તેમજ શિક્ષણ આપવાનું પણ એક ઉત્તમ માધ્યમ છે.

'મડધ મિટજો, કંધ કપાજો, જડેં લગોવા, તેડો નિકરી વેઓ સા.'

કોઈને પણ પ્રશ્ન ઊભો થાય કે, માટીનો મરદ, કપાસની ગરદન, અને પવન લાગતાં જ જીવ નીકળી જાય, એ વળી શું હશે? આખી આ પિરોલીનો જવાબ છે 'દીવો' પણ 'જડે લગોવા, તેડો નિકરી વેઓ સા' આટલા આ વાક્યને ચોવકરૂપે પણ વાપરવામાં આવે છે. જોકે પિરોલીઓ (ઉખાણાં)નું સાહિત્ય વળી જુદું છે.

'ઓરખીતો જમાધાર બ ધુકા સેલા મારે'

ઓળખાણમાં પણ ઘણીવાર સહન કરવું પડતું હોય છે તેના માટે આ ચોવક છે. ગુજરાતીમાં પણ આપણે કહેતા હોઈએ છીએ કે 'ઓળખીતો હવાલદાર બે ધોકા વધુ મારે.'

કચ્છીમાડુની આવડત માટે એક મઝાની ચોવક છે: 'કચ્છી માડુ ઈંધો, ત ખોટી કોરી કીંધો.' કચ્છીમાડુની આવડત કે હોશિયારી કે ચાલાકી બતાવતાં એ ચોવકનો અર્થ છે: 'કચ્છી માણસ ખોટો રૂપિયો પણ વાપરી બતાવે.' હવે એ માત્ર ચલણના અર્થમાં જ નથી. આપણે કોઈને કહીએ. 'આ સાવ ખોટો સિક્કો છે' એવી વ્યક્તિને પણ જો કચ્છીમાડુ તરાસે તો હોશિયાર થઈ જાય. ચોવકોમાં અર્થબંધન નથી એ સાર્વત્રિક અર્થ ધરાવે છે.

કચ્છી સમાજમાં અવારનવાર વપરાતી એક કહેવત છે: 'ખખી ન ખરચે ખીમજી નેં વા વિસનજીવા' આ ચોવકનો અર્થ જોઈએ તે પહેલાં, શરૂઆતમાં જ મેં એક વાત કરી કે કચ્છી ચોવકોમાં 'પ્રાસ'નાં દર્શન થાય છે. આ ચોવકમાં 'ખ' અને 'વ'નો પ્રયોગ જોઈલો! એવા લોકો માટે આ ચોવક છે કે તેઓ પોતે એક પૈસાનો ખર્ચ ન કરે, ખર્ચ ન કરવાની વૃત્તિ વાળા હોય પણ બીજાની ખુશામત કરી જયાફતનો લાભ લીધે રાખે! ખરેખર કોઈ 'ખીમજી' કે 'વિસનજી' માટે આ કહેવત નથી પણ નામ પ્રાસ મેળવવા પ્રતીકરૂપે રાખવામાં આવ્યાં છે.

ઘણાનો સ્વભાવ હોય, જોક્સ સાંભળીને પણ ન હસે. કચ્છીમાં એને 'શેઠ' માણસ કહેવાય છે. જેના માટે ચોવક છે 'ખિલે જા ૫ પૈસા ગિનણા'. એ હસવાના પણ પૈસા લે!

શખીખોર માણસોને પણ કચ્છી ચોવકે આડેધડ લીધા છે: 'ગાલ્યૂં કરે ગચ, ૫ ડૂઈન ડે હિકડી' કામ કંઈ કરવું નહીં અને માત્ર ગામગપાટા મારવા તેવો આનો અર્થ થાય છે.

હવે જ્યારે 'ગજ જો આંકો અચી રેયો આય' ત્યારે... હા, મારાથી લેખના અંતે કચ્છી ચોવક એ અર્થમાં જ મુકાઈ ગઈ કે હવે આજે આ લેખ અહીં પૂરો થવામાં છે. ચોવકનો અર્થ છે. 'વાતનો અંત'. પણ તે પહેલાં વાચકો માટે એક ચોવક મુખવાસ તરીકે અહીં રાખું છું.

**અર્થ જોઈશું 'જીરા હુંધાસીંત અગલે બુધવારજો! ચોવક આય: 'છઠી જા લેખ તિતે કેર મારે મેખ'.** ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# પરંપરા સમાજમાં નાખે મૂળિયા, જ્યારે પરિવર્તન આપે પાંખ...




**માનવ** સમાજના વિકાસનો ઇતિહાસ જોવામાં આવે તો બે શક્તિ હંમેશાં એક સાથે ચાલતી રહી છે - પરંપરા અને પરિવર્તન. પરંપરા સમાજને મૂળ આપે છે, જ્યારે પરિવર્તન તેને પાંખ આપે છે. પરંપરા વગર સમાજ પોતાની ઓળખ ગુમાવી દે, અને પરિવર્તન વગર સમાજ સ્થગિત બની જાય. આ બંને તત્ત્વના યોગ્ય સમન્વય દ્વારા જ કોઈ પણ સંસ્કૃતિ જીવંત, સજીવ અને સમૃદ્ધ રહે છે.

*** પરંપરાની વ્યાખ્યા :**

પરંપરા એટલે પેઢી દર પેઢી ચાલતી આવતી માન્યતા, વિધિ, રીત-રિવાજો, મૂલ્યો અને અનેકવિધ જીવનશૈલી. પરંપરા માત્ર સાંસ્કૃતિક જ નથી, પરંતુ એ આપણા સામૂહિક જ્ઞાન, અનુભવો, ઇતિહાસ અને માનવીય મૂલ્યોનું પ્રતિબિંબ છે. જેવી કે -

તહેવારોની ઉજવણી, ધાર્મિક અનુષ્ઠાનો, ભાષા અને સાહિત્ય, કળા, નૃત્ય અને સંગીત કુટુંબવ્યવસ્થા, સંસ્કાર અને નિયમો, ગામડાની લોકપ્રણાલીઓ વગેરે.

આવી પરંપરા સમાજને એકતા, સ્થિરતા અને ઓળખ આપે છે. આપણા વર્તનમાં, ભાષામાં અને મૂલ્યોમાં પરંપરાની ઊંડી છાપ જોવા મળે છે.

*** પરિવર્તનનો અર્થ :**

પરિવર્તન એટલે સમય પ્રમાણે થતાં સુધારા, બદલાવ અને નવીનતા. માનવ બુદ્ધિ, વૈજ્ઞાનિક વિચારસરણી, ટેક્નોલોજી અને સામાજિક જરૂરિયાતોની અસર હેઠળ પરિવર્તન થતું રહે છે.

* ઉદાહરણ :

વિજ્ઞાન અને ટેક્નોલોજીની પ્રગતિ, શિક્ષણ પદ્ધતિમાં બદલાવ, કૃષિ, ઉદ્યોગ અને અર્થતંત્રમાં સુધારા, વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને અધિકારો વિશે નવી સમજ, પારિવારિક માળખામાં પરિવર્તન. વૈશ્વિકીકરણ પરિવર્તન સમાજને પ્રગતિ તરફ ધકેલી જાય છે, નવી સમસ્યાઓનો ઉકેલ આપે છે અને જીવનની ગુણવત્તા સુધારે છે.

*** પરંપરા ને પરિવર્તન વચ્ચે સંબંધ:**

આ બન્ને તત્ત્વ એકબીજા વિરુદ્ધ દેખાય છે, પરંતુ વાસ્તવમાં એ પતંગ અને દોર જેવા છે. દોર વગર પતંગ ઊડતો નથી અને પતંગ વગર દોરનો કશો ઉપયોગ નથી.

પરંપરા આપે છે મૂળ - જે સમાજ પોતાની પરંપરાથી ટકે છે, પરંપરા માણસને મૂલ્યો શીખવે છે - જેમ કે વડીલોને માન, અતિથિ દેવો ભવઃ, પ્રકૃતિનું સન્માન, પરિવારની એકતા.

પરિવર્તન આપે છે ઉડાન - સમાજ માત્ર પરંપરા પર ચાલે તો પાછળ રહી જાય. પરિવર્તન એનાથી આગળ વધવા મદદ કરે છે - જેમ કે સ્ત્રીશિક્ષણ, સામાજિક ન્યાય, આરોગ્ય અને ટેક્નોલોજી.

આથી જ પરંપરા અને પરિવર્તન બંનેનું સંતુલન અત્યંત જરૂરી છે.

*** પરંપરા -પરિવર્તન વચ્ચે સંઘર્ષ:**

જૂની માન્યતાઓ આધુનિક વાસ્તવિકતાઓથી અથડાય છે ત્યારે સંઘર્ષ ઊભો થાય છે. આ સંઘર્ષ મુખ્યત્વે આ ક્ષેત્રોમાં જોવા મળે છે:

**(૧) શિક્ષણ ક્ષેત્રે:**

હમણાં નવી શિક્ષણ નીતિઓ બાળકોની સર્જનાત્મકતા અને ટેક્નિકલ કુશળતા પર ભાર રાખે છે, જ્યારે જૂની પદ્ધતિ રટણ અને શિસ્તને મહત્ત્વ આપતી હતી.

આ બંને વચ્ચે સમજ અને સંતુલન સ્થાપિત કરવું જરૂરી છે.

**(૨) પરિવારિક જીવનમાં:**

જૂની સંસ્કૃતિ સંયુક્ત પરિવારને શ્રેષ્ઠ માનતી હતી, હવે નવી પરિસ્થિતિઓને કારણે ન્યુક્લિયર (વિભક્ત) કુટુંબો વધ્યા છે. એક તરફ પરંપરાગત મૂલ્યો, બીજી તરફ સ્વાતંત્ર્ય અને વ્યવહારિકતા.

**(૩) સામાજિક રિવાજોમાં:**

કેટલાક જૂના રિવાજો સમયોચિત નથી, જેમ કે દહેજપ્રથા, અંધશ્રદ્ધા, અસમાનતા. પરિવર્તન આને પડકાર આપે છે અને સુધારાની માગ કરે છે.

**(૪) આર્થિક વ્યવસ્થામાં:**

પરંપરાગત કૃષિ આધારિત અર્થતંત્ર હવે ઔદ્યોગિક અને ડિજિટલ માળખાથી બદલાઈ રહ્યું છે. આ બદલાવ વચ્ચે પરંપરાગત જીવનધોરણ પર અસર પડે છે.

*** પરંપરાના લાભ:**

પરંપરા આપણા સમાજનો આધારસ્તંભ છે. તેના કેટલાંક મહત્ત્વપૂર્ણ લાભ છે, જેવા કે સામાજિક એકતા, તહેવારો, ભાષા, રિવાજો આપણી અસ્મિતા ટકાવી રાખે છે. બાળકોમાં નૈતિકતા, કર્તવ્યભાવ, માન અને મર્યાદા વિકસાવે છે.

*** પરિવર્તનના લાભ**

પરિવર્તન સમાજને નવું જીવન, દિશા અને શક્તિ આપે છે. વિજ્ઞાન, ટેક્નોલોજી અને શિક્ષણ જીવનને સરળ બનાવે છે. જૂની ખોટી પરંપરાઓથી મુક્તિ મળે છે. નવી વિચારસરણી, ઉદ્યોગો અને ટેક્નોલોજી રોજગાર વધારે છે. મનુષ્યને પોતાની ક્ષમતા મુજબ આગળ વધવાની તક મળે છે. વૈશ્વિકીકરણથી જ્ઞાન અને સંસ્કૃતિનું આદાનપ્રદાન થાય છે. ■

### ટૂંકમાં...

*પરંપરા અને પરિવર્તન બંને જીવનની આવશ્યક શક્તિ છે. પરંપરા આપણને ઓળખ આપે છે, સંસ્કાર અને ભરોસો આપે છે. જ્યારે પરિવર્તન આપણને સર્જનાત્મકતા, પ્રગતિ, સ્વાતંત્ર્ય અને વિકાસ આપે છે. જો સમાજ માત્ર પરંપરામાં ગુંથાઈ જાય તો પાછળ રહી જાય, અને જો માત્ર પરિવર્તન અપનાવી લે તો પોતાની ઓળખ ગુમાવી દે.*

*આથી આ બંને તત્ત્વનું સમન્વય જ જીવનને સમૃદ્ધ અને સમાજને પ્રગતિશીલ બનાવી શકે છે.*

# ફ્રાન્સમાં ૧૫ વર્ષથી નાના બાળકો સોશ્યલ મીડિયા નહીં વાપરી શકે

પેરિસ : ફ્રાન્સના સંસદસભ્યોએ ૧૫ વર્ષથી નાની વયના બાળકોનાં સોશ્યલ મીડિયા વાપરવા પર પ્રતિબંધ મૂકતો ખરડો બહાલ કર્યો હતો. આને લીધે આખા યુરોપમાં સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરવાની લઘુતમ વય નક્કી કરવાનો વિચાર ફેલાશે. ફ્રાન્સમાં આ કાયદો સપ્ટેમ્બરથી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી અમલમાં આવી શકે.

હાઈ સ્કૂલમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાનો ખરડો પણ સોમવારે મોડેથી નેશનલ એસેમ્બલીમાં ૧૩૦-૨૧ મતથી પસાર કરવામાં આવ્યો હતો.

ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને વિનંતી કરી હતી કે આ ખરડાને મંજૂર કરવાની પ્રક્રિયા ઝડપી બનાવામાં આવે. આગામી અઠવાડિયામાં સેનેટ એના પર ચર્ચા કરશે.

મેક્રોને મતદાન પછી કહ્યું હતું કે ૧૫ વર્ષથી નાના બાળકો માટે સોશ્યલ મીડિયા પરના પ્રતિબંધની વિજ્ઞાનીઓ હિમાયત કરી રહ્યા છે અને ફ્રાન્સના લોકો પણ ભારે બહુમતથી આની તરફેણ કરી રહ્યા છે. કારણ કે આપણા બાળકોનાં મગજ વેચાણ માટે નથી, પછી એ અમેરિકન પ્લેટફોર્મ હોય કે ચીનનું નેટવર્ક હોય. બાળકના ભાવી પર અલગોરિધમની ઈજારાશાહી ન હોવી ઘટે.

આ ખરડાને રાષ્ટ્રીય એસેમ્બલીમાં પ્રચંડ ટેકો મળ્યો હતો. ડાબેરી લોકોએ આ ખરડાની નાગરિકોની સવતંત્રતા પર તરાપ તરીકે ગણાવ્યો હોવા છતાં આ ખરડાને ભારી બહુમત મળ્યો હતો. ફ્રાન્સમાં સંસદ બરખાસ્ત કર્યા બાદ ત્યાંની હકુમત નબળી પડી છે અને રાજકીય કટોકટી ઊભી થઈ છે.

મેક્રોને આ પ્રતિબંધની તરફેણ કરી છે. મેક્રોન આવતા અઠવાડિયે સત્તા છોડે એ પહેલાં તેમનું આ મોટું કાર્ય હશે.

ફ્રાન્સની સરકારે આ અગાઉ પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોમાં મોબાઈલ પર પ્રતિબંધનો કાયદો ઘડ્યો હતો. (એજન્સી)■



**રિહર્સલ:** બિટિંગ રિટ્રીટ સેરેમની અગાઉ દિલ્હીમાં વિજય ચોક નજીક મંગળવારે ફૂલ ડ્રેસ રિહર્સલ કરવામાં આવ્યું હતું. (એજન્સી)

## ‘ફાઈવ ડેઝ અ વીક’ની માગ સાથે બેંક કર્મચારીઓની હડતાળ: કામકાજ ઠપ

નવી દિલ્હી: અઠવાડિયાના પાંચ દિવસ કામની માગણી સાથે કર્મચારીઓનાં યુનિયનોએ કરેલી દેશવ્યાપી હડતાળની બેંકની કામગીરી પર અસર પડી હતી. અઠવાડિયામાં પાચ દિવસ કામની માગણીનો તાત્કાલિક અસરથી અમલ કરવાની માગણી સાથે યુનાઈટેડ ફોરમ ઑફ બેંક યુનિયન (યુએફબીયુ)ની રાષ્ટ્રવ્યાપી હડતાળને કારણે મંગળવારે ચેક ક્લિયરિંગ, રોકડ જમા કરાવવા કે ઉપાડવા સહિતની કામગીરી ખોરવાઈ ગઈ હતી. ૨૩ જાન્યુઆરીએ ચીફ લેબર કમિશનર સાથેની બેઠકનું હકારાત્મક પરિણામ ન આવ્યા બાદ અધિકારીઓ અને કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતા નવ યુનિયનનું પ્રતિનિધિત્વ કરતા અને પિતૃસંસ્થા લેખાતા યુએફબીયુએ રાષ્ટ્રવ્યાપી હડતાળ પાડી હતી.

યુએફબીયુ દ્વારા હાકલ કરવામાં આવ્યા બાદ જાહેરક્ષેત્રની બેંકોનાં વિવિધ યુનિયનોના આઠ લાખ જેટલા કર્મચારીઓએ હડતાળમાં ભાગ લીધો હતો. એક અંદાજ મુજબ હડતાળને કારણે ચાર લાખ કરોડ રૂપિયાના ચેક ક્લિયરન્સમાં અટકી પડ્યા હતા. કેશ ટ્રાન્ઝેક્શન પણ અટકી ગયા હતા. બિલ ટ્રેડિંગ, બિલ ડિસ્કાઉન્ટિંગ અને ટ્રેડિંગ પર પણ તેની અસર પડી હતી, એમ યુએફબીયુના ઘટક ઑલ ઈન્ડિયા બેંક એમ્પ્લોયિસ અસોસિયેશન (એઆઈબીઈએ)ના જનરલ સેક્રેટરી સી. એચ. વેંકટાચલમે કહ્યું હતું. (એજન્સી)■

## જી રામ જી – ‘સર’ પર સંસદમાં ચર્ચાની વિપક્ષી માગ ફગાવાઈ

નવી દિલ્હી: સરકારે મંગળવારે બુધવારથી શરૂ થઈ રહેલા સંસદના બજેટ સત્રમાં વીબી-જી રામ જી ઍક્ટ તેમજ ‘સર’ પર ચર્ચા કરવાની વિપક્ષની માંગણીઓને નકારી કાઢી હતી, સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું કે બંને મુદ્દાઓ પર બંને ગૃહ દ્વારા પહેલાથી જ ચર્ચા થઈ ચૂકી છે અને અમે પાછા ફરી શકતા નથી.

રિજિજુએ સંસદના બજેટ સત્રની પૂર્વસંધ્યાએ સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષી બેઠક બાદ આ ટિપ્પણી કરી હતી.

બેઠક દરમિયાન, કોંગ્રેસના જયરામ રમેશ અને સીપીઆઈ(એમ)ના જોન બ્રિટાસ સહિત વિપક્ષી સભ્યોએ પણ સત્ર માટે સરકારી કામકાજનું વિતરણ ન કરવા સામે વાંધો ઉઠાવ્યો, જે રિજિજુએ કહ્યું કે યોગ્ય સમયે કરવામાં આવશે. ■

# એસિડ હુમલાના કેસની વિગતો સરકારો પાસેથી સુપ્રીમ કોર્ટે માગી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે એસિડના હુમલાના કેસની ગંભીર નોંધ લઈને મંગળવારે બધા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આવા કેસની વર્ષવાર સંખ્યા, અદાલતમાં કેસની સ્થિતિ અને પીડિતોના પુનર્વસવાટ માટે લેવામાં આવેલા પગલાં સહિતની અનેક વિગતો આપવાનું જણાવ્યું છે. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, જસ્ટિસ આર. માધવન અને જસ્ટિસ જોયમાલા બાગચીની બેન્ચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ટ્રાયલ કોર્ટમાં તહોમતનામું નોંધાવાયું હોય એવી કેસની સંખ્યાની વિગત આપવા જણાવ્યું હતું. રાજ્યોને કેટલા કેસમાં ચુકાદો આવ્યો છે અથવા તો ટ્રાયલ કોર્ટના સ્તરે વિચારાધીન છે એના આંકડા પણ આપવા પડશે.

બેન્ચે વિગતો ચાર અઠવાડિયામાં આપવાનો આદેશ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આપ્યો હતો. કોર્ટે આ સાથે કેટલા કેસમાં ઉપલી અદાલત અથવા હાઈ કોર્ટમાં અપીલ થઈ છે એની જાણકારી આપવા પણ કહ્યું હતું. બેન્ચે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને દરેક પીડિતનો ટૂંકો પરિચય, તેનું ભણતર, રોજગાર અને લગ્નનું સ્ટેટસ, તથા તબીબી સારવાર અને એમાં થયેલા ખર્ચ અથવા તો થનારા ખર્ચની માહિતી આપવા પણ જણાવ્યું છે.

અદાલતે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પીડિતોને એસિડ પીવાની ફરજ પાડવામાં આવી હોય એવા કેટલા કેસ છે એની માહિતી પણ માગી છે. મુખ્ય ન્યાયમૂર્તિએ કેન્દ્ર સરકારને કાયદામાં ફેરફાર કરીને એ તકેદારી લેવાનું કહ્યું હતું કે દોષીને તેજાબ હુમલો કરવા બદલ ‘અસામાન્ય સજા’ મળે.(એજન્સી)■

# લાખો અમેરિકનો પાસે ભયંકર ઠંડીમાં ન વીજળી છે, ન હીટર છે

કેન્નેસો (અમેરિકા) : કાતિલ હિમતાંડવે દક્ષિણ અમેરિકાને પાંગળું બનાવી દીધું છે અને ઈશાન અમેરિકાને બરફથી ઢાંકી દીધું છે ત્યારે સોમવારે આ બરફ પીગળીને સમુદ્રમાં વહી જવાનું શરૂ થતાં ટનલના છેડે પ્રકાશનું પાતળું કિરણ દેખાયું હતું. જોકે બરફના તોફાને જે વિસ્તારોમાં નુકસાન કર્યું છે એ વિસ્તારોમાં લાખો અમેરિકનો હજી વીજળી અને ભયંકર ઠંડીમાં હીટર વિનાના છે અને આ વિસ્તારોમાં મંગળવારે તાપમાન ઠારણબિંદુથી નીચે રહેવાની આગાહી થઈ હતી.

સોમવાર સવાર સુધી વીજળી ખોટકાવાની ૮,૦૦,૦૦૦ ફરિયાદો મળી હતી. આમાંથી ટેનેસીના નાશવિલેમાં દોઢ લાખથી વધારે વીજળી વેરણ બની હોવાની ફરિયાદ મળી હતી. પાવર આઉટરેજ ડોટ કોમના જણાવ્યા પ્રમાણે વાવાઝોડાગ્રસ્ત મિસિસિપીમાં ૧,૪૦,૦૦૦ અને બરફીલા લુઈઝિયાનામાં ૧,૧૫,૦૦૦ આવી ફરિયાદો મળી હતી.

મિસિસિપીના લુકામાં રહેતા એડ્રિયન રોન્કાહોને કહ્યું હતું કે આખી રાત અમારે જાગવું પડ્યું હતું. આખો વિસ્તાર યુદ્ધના ઝોનમાં હોવાનું પ્રતીત થાય છે. દસ સેકન્ડ પણ તોપના ગોળા ફૂટ્યા ન હોય એવી જતા નથી. (એજન્સી)■

# ઈરાનના બેહાલ: એક ડૉલર સામે ૧૫ લાખ રિયાલ

## જનાક્રોશ સામેની કાર્યવાહીનો મરણાંક ૬,૧૨૬ પહોંચ્યો

દુબઈ: ઈરાનમાં અંદાજે ૬,૧૨૬ જણનો ભોગ લેનારી કરવામાં આવેલી લોહિયાળ કાર્યવાહીને પગલે ઈરાનનું ચલણ રિયાલનું મૂલ્ય વિક્રમજનક નીચલી સપાટીએ એટલે કે એક ડૉલર બરાબર ૧૫ લાખ રિયાલ પર પહોંચ્યું છે.

ઈરાનમાં નિર્માણ પામનારી કોઈપણ કટોકટીને પહોંચી વળવા યુએસએસ અબ્રાહમ લિંકન ઍરક્રાફ્ટ કેરિયર અને ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર સહિત અમેરિકાનાં જહાજોનો કાફલો ઈરાન પર ત્રાટકવા અખાતના દેશમાં પહોંચી ગયો છે. અમેરિકાની સેનાના અધિકારીને બાનમાં રાખવામાં આવ્યો હોવા છતાં ઈરાન પરના હુમલાથી દૂર રહેવાના અખાતના દેશોએ સંકેત આપ્યા છે.

શાંતિપૂર્વક પ્રદર્શન કરી રહેલા લોકોની હત્યા કરવાને મામલે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે હુમલો કરવાની ધમકી આપ્યા બાદ ઈરાનનો ટેકો ધરાવતા અખાતના દેશના બે આતંકવાદી જૂથે નવેસરથી હુમલો કરવાની ઈચ્છા દર્શાવી છે. (એજન્સી)■

# ભગવાન રામના પુત્ર લવના લાહોરમાંના મંદિરનો જિર્ણોદ્ધાર

લાહોર: પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ઐતિહાસિક લાહોર કિલ્લા પર સ્થિત ભગવાન રામના પુત્ર લવને સમર્પિત લોહ મંદિરનો સંપૂર્ણ જિર્ણોદ્ધાર કરવામાં આવ્યુ છે અને તેને જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

વોલ સિટી લાહોર ઓથોરિટી (ડબલ્યુસીએલએ)એ મંગળવારે જણાવ્યું હતું કે તેણે આગા ખાન કલ્ચરલ સર્વિસ-પાકિસ્તાનના સહયોગથી લોહ મંદિર અને બે અન્ય સ્મારકો - શીખ યુગના હમ્મામ અને મહારાજા રણજીત શીહના અથદરા પેવેલિયનનું સંરક્ષણ પૂર્ણ કર્યું છે. લોહ મંદિરમાં લાહોર કિલ્લાની અંદર સ્થિત એકબીજા સાથે જોડાયેલા ઓરડાનો સમૂહ છે. લોહ મંદિર એક ઉપરથી ખુલ્લી જગ્યા છે જેમાં એક સ્મારક મંદિર છે.

લોહ અથવા લવ મંદિર ભગવાન રામના પુત્ર લવને સમર્પિત છે. હિન્દુ માન્યતાઓ અનુસાર, લાહોરનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે. ૨૦૧૮માં તેને આંશિક રીતે પુનઃસ્થાપન કરવામાં આવ્યું હતું.

પુનઃસ્થાપન પહેલનો હેતુ લાહોર કિલ્લાના સમૃદ્ધ આંતર-સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરવાનો છે, જે તેના શીખ અને હિન્દુ મંદિરો, મુઘલ મસ્જિદો અને બ્રિટિશ કાળના માળખામાં પ્રતિબિંબિત થાય છે, તેવું ડબલ્યુસીએલએ પ્રવક્તા તાનિયા કુરેશીએ જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે સંરક્ષણ પ્રક્રિયાના ભાગરૂપે વ્યાપક ટેક્નિકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ગયા વર્ષે, એક શીખ સંશોધકે શીખ યુગ (૧૭૯૯-૧૮૪૯) દરમિયાન જાળવવામાં આવેલા લાહોર કિલ્લામાં લગભગ ૧૦૦ સ્મારક ઓળખ્યા હતા, જેમાં તેના ઐતિહાસિક મહત્વની વિગતો આપી હતી. તેમાંથી લગભગ ૩૦ સ્મારક આજે અસ્તિત્વમાં નથી. ■

# વિમાન ઉત્પાદન: અદાણીના એમ્બ્રેયર સાથે કરાર

નવી દિલ્હી: અદાણી ગ્રુપ અને બ્રાઝિલની અગ્રણી કંપની એમ્બ્રેયરે મંગળવારે એક વ્યૂહાત્મક સહયોગની જાહેરાત કરી છે જેનો હેતુ ભારતમાં પ્રાદેશિક વિમાન ઉત્પાદન સુવિધા સ્થાપવાનો છે, જે દેશની સ્વદેશી ઉત્પાદન ક્ષમતાઓને નોંધપાત્ર રીતે પ્રોત્સાહન આપશે. ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા નાગરિક ઉડ્ડયન બજારોમાંનું એક છે અને આ ભાગીદારી ટિયર ટૂ અને થ્રી શહેરો સાથે હવાઈ જોડાણ વધારવામાં મદદ કરશે. અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ અને એમ્બ્રેરના અધિકારીઓએ મંગળવારે ૨ એક કાર્યક્રમમાં ભારતમાં પ્રાદેશિક પરિવહન વિમાનો પર વ્યૂહાત્મક સહયોગ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PRICEY | ચોખલિયું |
| PRICK | ગર્વ |
| PRIDE | પાદરી |
| PRIEST | ભોંકવું |
| PRIM | ખર્ચાળ |

### માતૃભાષાની મહેક

પવન એટલે વાયુ, અનિલ, સમીર. પવન ત્રણ પ્રકારનો હોય છે; શીતળ, મંદ અને સુગંધી. પવન ઉપર ચડવું એટલે ઘેલછા રાખવી, હવાઈ વિચાર કરવા કે બડાઈ મારવી. પવન ફૂંકવો એટલે વાત ફેલાવી. પવન ભરાવો એટલે ગાંડીઘેલી વાતોનો વિચાર કરવો, મગરૂરી કે ગર્વ થવો. પવન લાગવો એટલે ગુણદોષ લાગવો, સોબતની અસર થવી, સારી માઠી વાત ફેલાવવી.

### ગુજરાત મોરી મોરી રે

‘થાળીમાં ગોઠવી ગોઠવીને વાનગી મૂકવી ને કસૂરવારને હેરાન કરવો’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

થેપી ચોરને ને માથે થેપી ભાણાં છાણાં

### ઈર્શાદ

*તમારે મન ફક્ત ગજરો અમારે મ્હેક્તો રેલો,*
*અમારી સાવ જુદી આપથી વિચારસરણી છે. -મનોજ ખંડેરિયા*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | | | ૯ | | | ૧૦ | |
| | | ૧૧ | | ૧૨ | | | ૧૩ | | |
| | ૧૪ | | | | | ૧૫ | | | |
| ૧૬ | | | | | | | | ૧૭ | |
| | | | ૧૮ | | ૧૯ | | ૨૦ | | |
| ૨૧ | | ૨૨ | | | ૨૩ | ૨૪ | | | |
| ૨૫ | ૨૬ | | | ૨૭ | | | | | ૨૮ |
| ૨૯ | | | ૩૦ | | | | | ૩૧ | |
| ૩૨ | | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. સૂર્ય ધનસંક્રાંતીમાં હોય તે મહિનો (૪)
૪. ભર્યુંભાદર્યું, મોટું (૫)
૮. સ્ત્રી (૨)
૯. વિલંબ, ઢીલ (૨)
૧૦. શોક, દુઃખ (૨)
૧૧. ઈર્ષ્યા (૪)
૧૩. ફાળ, ધ્રાસકો (૩)
૧૪. જેનું એક પણ સંતાન મરી ન ગયું હોય તેવી સૌભાગ્યવતી સ્ત્રી (૪)
૧૫. ઓપ (૨)
૧૬. બારણું, દરવાજો (૩)
૨૦. શારીરિક કે માનસિક બગાડવાળું (૩)
૨૨. હજામ (૨)
૨૩. દાનત એવી --- (૪)
૨૫. કપરું, મુશ્કેલ (૩)
૨૭. પ્રપંચ, કાવતરું (૪)
૨૯. ઢગલો, પૂંજ (૨)
૩૦. તેલ જુઓ, તેલની --- જુઓ (૨)
૩૧. પત્ની (૨)
૩૨. સમુદ્રમાં રહેલો અગ્નિ (૫)
૩૩. નસીબને આધીન (૪)

**ઊભી ચાવી**

૧. તવંગર, પૈસાદાર (૩)
૨. તેજ, પ્રકાશ (૨) (જો.છૂ.)
૩. એક પાંડુ પુત્ર (૪)
૪. ભૂંગળ વિનાની --- (૩)
૫. ભય, બીક (૨)
૬. પથ્થર (૩)
૭. બાળકની પ્રિય વસ્તુ (૪)
૧૧. એક સૂકો મેવો (૩)
૧૨. ગુપ્ત, જાહેર નહીં તેવું (૩)
૧૩. મહેનતનાં --- મીઠાં હોય (૨)
૧૪. પારાવાર, ઘણું (૩)
૧૫. ધણી વિનાના --- સૂનાં (૨)
૧૭. કાળજું (૩)
૧૮. ભવિષ્ય, નસીબ (૨)
૧૯. પહેલો મોગલ બાદશાહ (૩)
૨૦. મુશ્કેલ, દુર્ગમ (૩)
૨૧. ઢચુપચુપણું (૪)
૨૨. જમે ઉધારનો હિસાબ (૨)
૨૪. ખેંચતાણ, તકરાર (૪)
૨૬. પગેરું, બાતમી (૩)
૨૭. તરત કે જલદી ઊડી જાય એવું (૩)
૨૮. નાઉમેદ (૩)
૩૦. અનાજ (૨)
૩૧. નવી ગિલ્લી નવો --- (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હે | યા | ૨ ધા | ૩ ર | ણ | | ૪ આ | ડો | ૫ ડા | ૬ ઈ |
| યા | | ૭ ર | સ | | ૮ વે | ગ | | ૯ મ | જા |
| ૧૦ ફૂ | ૧૧ ટ | કે | ળ | | | ગા | | ૧૨ ચિ | ર |
| ૧૩ ડું | કો | | વું | | ૧૪ મા | ડી | ૧૫ જા | યો | |
| | ૧૬ ર | ૧૭ વ | | ૧૮ ના | ગ | | દ | | |
| | | હા | | ૧૯ પા | ણી | | ૨૦ વ | ૨૧ સુ | |
| | ૨૨ ભ | ર | ૨૩ ચ | ક | | ૨૪ ક | | ૨૫ લ | ૨૬ પ |
| ૨૭ ક | ર | | ર | | | ૨૮ સ | ૨૯ ર | ભ | શ |
| ૩૦ લા | વા | | ૩૧ વે | દ | | ૩૨ દા | મ | | જી |
| ૩૩ પ | ડ | છા | યો | | ૩૪ મ | ર | જી | યા | ત |

### ઓળખાણ પડી?



મુખ્યત્વે સ્નો લેપર્ડ, રેડ ફોક્સ તેમજ ઔષધીય વનસ્પતિ માટે પ્રખ્યાત પિન વેલી નેશનલ પાર્ક દેશના કયા રાજ્યમાં સ્થિત છે એ જાણો છો?

અ) ચંદીગઢ બ) મેઘાલય ક) હિમાચલ પ્રદેશ ડ) ઓડિશા

### સુડોકુ-૯૨૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | | ૪ | | | | | ૯ |
| ૪ | ૬ | | ૯ | | | | ૫ | |
| ૮ | ૫ | | | | ૩ | ૪ | | |
| | ૨ | | | | ૪ | | ૯ | |
| | | ૪ | | ૧ | | ૫ | | |
| | ૧ | | ૬ | | | | ૨ | |
| | | ૬ | ૩ | | | | ૭ | ૮ |
| | ૯ | | | | ૮ | | ૩ | ૫ |
| ૩ | | | | | ૬ | | ૪ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૪ |
| ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ |
| ૪ | ૫ | ૯ | ૩ | ૭ | ૨ | ૧ | ૮ | ૬ |
| ૩ | ૯ | ૫ | ૭ | ૨ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૭ | ૮ | ૧ | ૬ | ૪ | ૫ | ૨ | ૯ | ૩ |
| ૨ | ૪ | ૬ | ૧ | ૯ | ૩ | ૮ | ૭ | ૫ |
| ૬ | ૧ | ૨ | ૮ | ૩ | ૯ | ૫ | ૪ | ૭ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૬ | ૭ | ૯ | ૧ | ૮ |
| ૯ | ૭ | ૮ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૨ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PRECARIOUS | અનિશ્ચિત |
| PRECEDE | અગ્રેસર |
| PRECAUTION | સાવચેતી |
| PRECIOUS | મૂલ્યવાન |
| PRECINCT | પરિસર |

**ગુજરાત મોરી મોરી રે:** છતે કાને બહેરા ને છતી આંખે આંધળો

**ઓળખાણ પડી?** જમશેદપુર

**માઈન્ડ ગેમ :** ૧૪

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** તકલીફ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘થોડા દિવસ ખમી જાવ’ વાક્યમાં ખમી શબ્દનો અર્થ શું થાય એ જણાવો.
અ) અટકી જવું બ) સહન કરવું ક) ઉપવાસ કરવો ડ) રાહ જોવી

### માઈન્ડ ગેમ

રાજેશ પાસે ૫૪ મીટર લંબાઈનો અને ૨૬ મીટર પહોળાઇનો પ્લોટ છે, પરેશ પાસે ૩૮ મીટર લંબાઈનો ચોરસ પ્લોટ છે. કયા પ્લોટનો એરિયા વધુ છે?

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) સુભાષ મોમાય (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) હર્ષા મહેતા (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજિતા ખોના (૧૩) કિરીટ છેડા (૧૪) ચેતના છેડા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) ભાવના કર્વે (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મુલરાજ કપૂર (૨૬) ભરત કજરિયા (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) અંજુ ટોલિયા (૩૪) કમલ માતલિયા (૩૫) ડાયના સંતોકે (૩૬) અરવિંદ કામદાર (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) વિજય આસર (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) પ્રવીણ વોરા (૪૩) દીપિકા દોશી (૪૪) નિતીન જયંતિલાલ બજરિયા (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) મહેશ દોશી (૫૦) અલકા વાણી (૫૧) જ્યોત્સના ગાંધી (૫૨) રમેશભાઈ દલાલ ઈનાક્ષીબેન દલાલ (૫૪) હિનાબેન દલાલ

# ભારત-ઇયુ એફટીએઃ મેટલ અને બૅન્ક શૅરોની આગેવાનીએ શૅરબજારમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારોમાં મજબૂત વલણ અને ભારત-ઇયુ એફટીએના આશાવાદ વચ્ચે બેંક અને મેટલ શેરોમાં ભારે લેવાલીને કારણે મંગળવારે ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી ભારે અફડાતફડીને પાર કરીને ઊંચા સ્તરે બંધ થવામાં સફળ રહ્યા હતા. સેન્સેક્સ ૩૧૯.૭૮ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૮૧,૮૫૭.૪૮ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૨,૦૮૪.૯૨ ની ઊંચી સપાટી અને ૮૧,૦૮૮.૫૯ ની નીચી સપાટીને સ્પર્શ્યો હતો. નિફ્ટી ૧૨૬.૭૫ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા વધીને ૨૫,૧૭૫.૪૦ પર બંધ થયો હતો.

ત્રીસ શેરો ધરાવતા સેન્સેકની કંપનીઓમાંથી, અદાણી પોર્ટ્સ, એક્સિસ બેંક, ટાટા સ્ટીલ, ટેક મહિન્દ્રા, એનટીપીસી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ સૌથી વધુ ઊછળ્યા હતા. ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીના ચોખ્ખા નફામાં ચાર ટકાનો વધારો થતાં એક્સિસ બેંકનો નફો રૂ. ૭,૦૧૦.૬૫ કરોડ નોંધાયો હતો. તેનાથી વિપરીત, મહિન્દ્રા અને મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક, એશિયન પેઇન્ટ્સ, ઇટરનલ અને આઇટીસી પાછળ રહ્યા હતા.

ભારતીય શેરબજારોએ માપેલા અને સાવધાનીપૂર્વકના અંડરટોન સાથેનું ટ્રેડિંગ ચાલુ રાખ્યું હતું. યુએસ ટેરિફ પગલાને કારણે વ્યાપક રિસ્ક ઓફ વાતાવરણ વચ્ચે ભારત-યુરોપિયન યુનિયન દ્વિપક્ષીય વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હોવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટને થોડો ટેકો મળ્યો હતો. જોકે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સતત વેચાણ અને ત્રીજા ક્વાર્ટરમાં કોર્પોરેટ કમાણીમાં ઘટાડો થવાથી સ્થાનિક શેરબજારમાં કોઈપણ અર્થપૂર્ણ સુધારો નોંધાઇ શક્યો નહોતો.




ભારત અને યુરોપે મંગળવારે મધર ઓફ ઓલ ડીલ તરીકે ઓળખાવવામાં આવેલા મહત્ત્વાકાંક્ષી મુક્ત વેપાર કરાર પર મહોર મારવાની જાહેરાત કરી છે. વોશિંગ્ટનની વિવાદાસ્પદ ટેરિફ નીતિને કારણે વૈશ્વિક વાતાવરણ અને વેપારમાં જે વિક્ષેપો સર્જાયા છે તેની પૃષ્ઠભૂમિમાં આ કરાર કરવામાં આવ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭ દેશોના બ્લોકના ટોચના નેતાઓ, ઉર્સુલા વોન ડેર લેયન અને એન્ટોનિયો કોસ્ટા સાથે શિખર મંત્રણા કર્યા બાદ જણાવ્યું હતું કે, આજે, ભારતે યુરોપિયન યુનિયન સાથે તેના ઇતિહાસમાં સૌથી મોટો મુક્ત વેપાર કરાર (એફટીએ) પૂર્ણ કર્યો છે. આ કરાર ભારતીય અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલર તરફ લઇ જનારું એક મહત્ત્વનું પગલું હોવાનું જણાવતાં જીજેસીના ચેરમેન રાજેશ રોકડેએ કહ્યું હતું કે, જેમ અન જ્વેલરી સેક્ટર માટે આ કરાર યુરોપ સાથેના વેપાર માટે નવા દ્વાર ખોલશે અને વ્યાપર અવરોદો દૂર થશે તેમ જ જ્વેલર્સ માટે રો મટિરિયલ મેળવવું વધુ સરળ બનશે.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ પાછલા સત્રમાં શુક્રવારે રૂ. ૪,૧૧૩.૩૮ કરોડના ઇક્વિટી શેરનું વેચાણ કર્યું હતું, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૪,૧૦૨.૫૬ કરોડના શેર ખરીદ્યા હતા. પ્રજાસત્તાક દિવસ નિમિત્તે સોમવારે ભારતીય ઇક્વિટી બજારો બંધ રહ્યા હતા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચા મથાળે બંધ રહ્યો હતો. યુરોપના બજારો મિશ્ર નોંધ પર ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો ઊંચા મથાળે બંધ રહ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૧૫ ટકા વધીને ૬૫.૪૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. શુક્રવારે, સેન્સેક્સ ૭૬૯.૬૭ પોઈન્ટ અથવા ૦.૯૪ ટકા ઘટીને ૮૧,૫૩૭.૭૦ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૨૪૧.૨૫ પોઈન્ટ અથવા ૦.૯૫ ટકા ઘટીને ૨૫,૦૪૮.૬૫ પર બંધ થયો હતો.


કોર્પોરેટ પરિણામ મિશ્ર રહ્યા છે. એશિયન પેઇન્ટ્સનો નફ ૪.૮૩ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૭૩.૯૨ કરોડ અને ટીસીપીએલનો નફો ૩૬.૪૦ ટકા વધીને રૂ. ૩૮૪.૫૨ કરોડ નોંધાયો છે. બીપીસીએલએ ત્રીજા ક્વાર્ટરમાં ૬૨ ટકાના વધારા સાથે રૂ. ૭૫૪૫.૨૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બેન્ક ઓફ ઇન્ડિયાના ત્રિમાસિક નફામાં સાત ટકાના વધારો, જ્યારે સિપ્લાના નફામાં ૫૭ ટકા અને અદાણી ગ્રીન એનર્જીના નફામાં ૯૯ ટકાનો કડાકો નોંધાયો હતો.

ઝી એન્ટરટેન્મેન્ટ એન્ટરપ્રાઇસના નફામાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. વારી એનર્જીએ બમણીથી વધુ વૃદ્ધિ, જ્યારે યુનાઇટેડ સ્પિરિટના નફામાં ૨૪.૭૭ ટકાનો વધારો અને શોપર્સ સ્ટોપના નફામાં ૬૯ ટકાનો જોરદાર કડાકો થયો હતો. આ અગાઉ રિઝલ્ટની મોસમની શરૂઆતમાં ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, વિપ્રો, એલટીઆઇ માઇન્ડટ્રીએ રોકાણકારોને નિરાશ કર્યા હતા જોકે, આઇટીસીનો નફો ૯.૬૦ ટકા, એસઆરએફએ નફો ૫૯.૬૦ ટકા, આઇઆરએફસીનો નફો ૧૦.૫૧ ટકા અને પીએનબીનો નફો ૧૩ ટકા વધ્યો હતો.

# ડૉલર સામે રૂપિયામાં ઐતિહાસિક નીચી સપાટીએથી બાવીસ પૈસાનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ભારત-યુરોપિયન યુનિયન (ઈયુ) વચ્ચેનાં મુક્ત વેપાર કરારને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં ઐતિહાસિક ૯૧.૯૦ની નીચી સપાટીએથી બાવીસ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું અને સત્રના અંતે રૂપિયો ૯૧.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૧.૯૦ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૧.૮૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૯૦ અને ઉપરમાં ૯૧.૬૪ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે બાવીસ પૈસાના સુધારા સાથે ૯૧.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત સોમવારે બજાર પ્રજાસત્તાક દિન નિમિત્તે બંધ રહી હતી.

તાજેતરમાં ભારત-ઈયુ વચ્ચે થયેલા મુક્ત વેપાર કરાર અને ડૉલર ઈન્ડેક્સની નરમાઈને ધ્યાનમાં રૂપિયામાં સકારાત્મક વલણ લેતા જોવા મળે તેવી શક્યતા છે. જોકે, હાલના ભૂરાજકીય તણાવને કારણે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રૂપિયામાં સુધારો મર્યાદિત રાખી શકે છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. તાજેતરમાં અમેરિકાએ કેનેડાથી થતી આયાત સામે ૧૦૦ ટકા ટૅરિફ અને દક્ષિણ કોરિયાથી થતી આયાત સામેની ટૅરિફ જે ૧૫ ટકા હતી તે વધારીને ૨૫ ટકા ટૅરિફ લાદવાની ધમકી આપી છે.


દરમિયાન આજે ભારત-ઈયુ વચ્ચેના મુક્ત વેપાર કરારની વાટાઘાટોનો અંત આવ્યો હતો. જેમાં એપરલ, કેમિકલ્સ અને ફૂટવૅરની યુરોપિયન યુનિયન ક્ષેત્રની નિકાસને શૂન્ય ટકા ડ્યૂટી હેઠળ રાખવામાં આવ્યું હોવાથી આ ક્ષેત્રને લાભ થશે, જ્યારે યુરોપિયન યુનિયનને ભારતીય કાર અને વાઈનની બજારમાં રાહતની ડ્યૂટીથી પ્રવેશ મળશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા ઘટીને ૯૭.૦૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૧૯.૭૮ પૉઈન્ટનો અને ૧૨૬.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. જોકે, ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૧૧૩.૩૮ કરોડની ચોખ્ખી વેચવાલી અને આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા વધીને બેરલદીઠ ૬૫.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં વધ્યા મથાળેથી સાધારણ નફારૂપી વેચવાલીનું દબાણ રહ્યું હોવાના નિર્દેશ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની સતત ત્રીજા સત્રમાં આક્રમક લેવાલી રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૧૫૦નો ઉછાળો આવ્યો હતો. તેમ જ આજે ટીનની આગેવાની હેઠળ કોપર વાયરબાર સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ, એલ્યુમિનિયમ અને ઝિન્ક સ્લેબમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો સુધારો આવ્યો હતો. જોકે, આજે માત્ર કોપર વાયરબાર, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ.બેથી ચારનો ઘટાડો આવ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત સોમવારે બજાર પ્રજાસત્તાક દિન નિમિત્તે બંધ રહી હતી.



દરમિયાન આજે સ્થાનિકમાં સતત ત્રીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૦ ઉછળીને રૂ. ૫૨૬૭ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં ત્રણ સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૨૫ની તેજી આવી છે. વધુમાં આજે ટીનની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૧૦૦, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૧૯૬, કોપર કેબલ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૨૦૫, રૂ. ૨૩૫ અને રૂ. ૩૨૫, કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૧૮૩ અને રૂ. ૭૨૮, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૨૫ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૨૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપર વાયરબાર, નિકલ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલી સામે માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૨૭૯, રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૭૧૦ અને અને રૂ. બે ઘટીને રૂ. ૧૯૩ના મથાળે રહ્યા હતા.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે મિશ્ર વલણ

## ફેબ્રુઆરીના મુક્ત વેચાણ માટે ૨૨.૫ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૬૭૦થી ૩૭૧૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં માગ અને માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. દરમિયાન આજે મોડી સાંજે સરકારે આગામી ફેબ્રુઆરી મહિનાના મુક્ત વેચાણ માટે ૨૨.૫ લાખ ટન ખાંડ છૂટી કરી હોવાનું એક યાદીમાં જણાવાયું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૩૧થી ૩૨ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૯થી ૩૦ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પરના પ્રોત્સાહક અહેવાલ છતાં હાજરમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સુધારા સાથે રૂ. ૩૮૨૨થી ૩૮૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૦૨થી ૩૯૫૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૭૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# અંદાજપત્ર પૂર્વે કૃષિ ક્ષેત્રની વેરામાં રાહતની, બાયોફ્યુઅલ અને માળખાકીય પ્રોત્સાહનોની માગ

નવી દિલ્હીઃ દેશનું કૃષિ ક્ષેત્ર આબોહવામાં પરિવર્તનના દબાણનો સામનો કરી રહ્યું છે અને સરકાર ગ્રામીણ આવકમાં વધારો કરવાનું લક્ષ્ય રાખી રહી હોવાથી દેશનાં કૃષિ અને કૃષિ સંલગ્નિત ઉદ્યોગનાં પ્રતિનિધિઓએ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નાં અંદાજપત્રની રજૂઆત પૂર્વે વેરામાં ઘટાડા, બાયોફ્યુઅલ માટે ભંડોળ વધારવા અને ખેડૂતો માટે મજબૂત સમર્થનનો અનુરોધ કર્યો છે.

ભારત વર્ષ ૨૦૩૦ માટેનાં તેના કૃષિ લક્ષ્યાંકોનાં કેન્દ્રની નજીક પહોંચી રહ્યું છે અને વિકસિત ભારત ૨૦૪૭નાં વિઝનનો પાયો નાખે છે તેવા નિર્ણાયક તબક્કે કૃષિ ક્ષેત્ર તરફથી આ અનુરોધ કરવામાં આવ્યો છે. ભારતીય કૃષિને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક વૃદ્ધિ એન્જિન તરીકે સ્થાન આપવા માટે નવીનતા, માળખાગત સુવિધાઓ અને બજાર સુધારાઓમાં સતત રોકાણની આવશ્યકતા પર તમામ કૃષિ ક્ષેત્રના હિસ્સેધારકોએ ભાર મૂક્યો હતો. ખાંડ ક્ષેત્રમાં સુધારાઃ ખાંડ ક્ષેત્રના અગ્રણી સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)એ નાણાં પ્રધાન નિર્મલા સિતારમણને સસ્ટેઈનેબલ એવિએશન ફ્યુઅલ (એસએએફ) અને ગ્રીન હાઈડ્રોજન સહિતનાં એડવાન્સ બાયોફ્યુઅલ માટે રૂ. ૨૫૦૦ કરોડનાં ભંડોળની અને આર્થિક રીતે નબળી પડેલી ખાંડ મિલોને ઉગારીને બાયો એનર્જી હબ બનાવવા માટે રૂ. ૨૫ અબજનાં ભંડોળનો અનુરોધ કર્યો છે.


ભારત અગાઉથી જ વનસ્પતિ તેલની આયાત કરે છે અને આલ્કોહોલ ટુ જેટ ટેક્નોલૉજીમાં ઈથેનોલ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે, એમ આઈસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે એક કિલોગ્રામ હાઈડ્રોજનનું ઉત્પાદન ૭૦ યુનિટ વીજ ખર્ચ કરે છે. આથી જો હાઈડ્રોજન ઉત્પાદન માટે ઈથેનોલનો ઉપયોગ કરવામાં આવે તો માળખાકીય લાભ થશે. દેશમાં ખાસ કરીને મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને પંજાબની સહકારી મિલોમાં ડિસ્ટિલિયરીનો અભાવ છે અને ખેડૂતોને શેરડીની ખરીદી પેટેની ચુકવણી, વેતન અને પગાર સહિત નાણાકીય પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવા તેઓ ખાંડ અને મોલાસીસના વેચાણ પર દારોમદાર રાખે છે. ઈથેનોલના ઉત્પાદન માટે ડિસ્ટિલેશન ક્ષમતા સ્થાપિત કરવા તેઓને નાણાકીય સહાયની આવશ્યકતા છે અને તે મૂલ્ય વર્ધન પણ છે. તેનાથી શેરડીના ખેડૂતોને નફાકારક ભાવ ચુકવવાની તેની ક્ષમતામાં પણ વધારો થશે, એમ એસોસિયેશને ઉમેર્યું હતું.

વધુમાં એસોસિયેશને ફ્લેક્સ ફ્યુઅલ પરનાં જીએસટીના દરમાં ઘટાડો કરવા અને હાઈબ્રિડ વેહિકલ્સ પરનાં જીએસટીના દર જે હાલ ૧૮થી ૪૦ ટકા છે તે ઈલેક્ટ્રિક વાહનોની સમકક્ષ પાંચ ટકા રાખવા, ઈથેનોલનાં પ્રાપ્તિ ભાવમાં લિટરદીઠ રૂ. છથી આઠ નો વધારો કરવાની સાથે ખાંડનાં લઘુતમ વેચાણ ભાવ જે વર્ષ ૨૦૧૯થી કિલોદીઠ રૂ. ૩૧ છે તે વધારીને શેરડીના સામાન્ય વળતરદાયી ભાવ સાથે સંલગ્નિત કરવા અનુરોધ કર્યો છે.

ફર્ટિલાઈઝર ક્ષેત્રે સુધારાઓઃ સોલ્યુબલ ફર્ટિલાઈઝર ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના રાષ્ટ્રીય પ્રમુખ રાજીવ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે આગામી અંદાજપત્રમાં અમે નાણાં પ્રધાન પાસેથી ફર્ટિલાઈઝર કન્ટ્રોલ ઓર્ડરમાં થ્રી ડાયમેન્શન (થ્રીડી)રિફોર્મ્સ (સુધારાઓ)ની અપેક્ષા રાખી રહ્યા છીએ જેમાં ડિજિટાઈઝેશન, ડીક્રિમિનલાઈઝેશન અને ડીરેગ્યુલેશનનો સમાવેશ થાય છે. વધુમાં તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમારી મુખ્ય અપેક્ષાઓમાં અવશેષમુક્ત, પોષકતત્ત્વોથી ભરપૂર ખેતીને એક સંકલિત રાષ્ટ્રીય કૃષિ અને આરોગ્ય નીતિ તરીકે પ્રોત્સાહન અપાવું અને સબસિડી ઘટાડાની સાથે સબસિડી વિનાના દ્રાવ્ય, કાર્બનિક, સૂક્ષ્મ પોષકતત્ત્વો અને ઉત્તેજક ખાતરોને વ્યૂહાત્મક સામગ્રી તરીકે માન્યતા આપવાનો સમાવેશ થાય છે.

વધુમાં મેટિક્સ ફર્ટિલાઈઝર્સ ઍન્ડ કેમિકલ્સનાં નિશાંત કનોડિયાએ જણાવ્યું હતું કે સરકારે આત્મનિર્ભરતા કેળવવા માટે સમયસર ક્ષમતા વિસ્તરણ અને મૈત્રીપૂર્ણ રોકાણલક્ષી નીતિગત સમર્થન આપવાનું જાળવી રાખવું જરૂરી છે.

# મલયેશિયા પાછળ આયાતી સોયા સન તેલમાં આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૦ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના નિરુત્સાહી અહેવાલ હતા. જોકે, આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૩ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા. વધુમાં આજે મથકો પાછળ દેશી તેલમાં ૧૦ કિલોદીઠ સરસવમાં રૂ. ૨૦ અને સિંગતેલ તથા કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. જોકે, સ્થાનિકમાં ગઈકાલની પ્રજાસત્તાક દિનની જાહેર રજા બાદ આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપાર થયાના અહેવાલ હતા.

પ્રાપ્ત અહેવાલ અનુસાર ગુજરાતમાં ગોંડલ અને રાજકોટ એમ પ્રત્યેક મથકે ૪૫,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦થી ૧૭૩૦માં અને રૂ. ૧૫૦૦થી ૧૭૦૦માં થયા હતા. જોકે, આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્ટોકિસ્ટો ઉપરાંત દેશાવરોની આક્રમક લેવાલી રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૩૦ વધીને રૂ. ૨૬૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૬૭૫માં થયા હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, સિંગતેલના રૂ. ૧૬૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સરસવના રૂ. ૧૫૪૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

# બગદાણાના કોળી યુવાન ઉપર હુમલાના પ્રકરણમાં પોલીસ અધિકારીઓ સામે તપાસના આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના બગદાણાના કોળી યુવાન ઉપર થયેલા હુમલાના પ્રકરણમાં એસઆઇટીએ આખરે પુરાવાઓના આધારે જયરાજ આહિરને ધરપકડ કરી લીધી હતી. આ સમગ્ર મામલામાં ડિવાયએસપી અને બે પોલીસ ઇન્સ્પેક્ટરની પ્રથમથી જ ભૂમિકા શંકાના દાયરામાં હોય, ભાવનગર રેન્જ આઇજીએ ત્રણેય અધિકારીઓ સામે એસપીને તપાસ કરવાના આદેશ છોડતા પોલીસ બેડામાં ખડભળાટ મચી ગયો છે. બીજી તરફ ૨૭ દિવસથી ચર્ચાનું કેન્દ્રબિંદુ બનીને રહેલા સમગ્ર મામલે પહેલેથી જ મૌન ધારણ કરીને બેઠેલ જિલ્લા પોલીસ વડા તેમના જ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ વિરુદ્ધ શું રિપોર્ટ આપે છે? તેના ઉપર સૌની મીટ મંડાઈ છે.

૨૭ દિવસ પૂર્વે બગદાણાના કોળી યુવાન નીતિનભાઈ બાલધિયા ઉપર આઠ શખ્સોએ હુમલો કરી મરણતોલ ઈજા પહોંચાડી હતી. આ ચકચારી ઘટનાના ૨૭ દિવસમાં કેટ કેટલા પોલીસ અધિકારીઓએ તપાસનું તરકટ કરી ખાખીને ડાઘ લાગે તેમ ડાયરાના કલાકાર માયાભાઈ આહિરના પુત્ર અને ભાજપના આગેવાન જયરાજ આહિરને છાવરવા શક્ય એટલા ધમપછાડા કર્યા હતા. પરંતુ કોળી સમાજ પણ ન્યાય માટે લડી લેવાના મૂડમાં જ હોય તેમ સતત આંદોલનો ચલાવી સરકાર અને પોલીસ તંત્ર ઉપર સત્યને બહાર લાવવા દબાણ ઊભું કરતા આખરે ન્યાયની જીત થઈ હતી અને પોલીસ અધિકારીઓની મેલીમુરાદ બર આવી શકી ન હતી.

કોળી સમાજના નેતાઓએ મુખ્ય પ્રધાનને રજૂઆત કરવા મળ્યા અને તુરંત એસઆઇટીની રચના કરી દેવાઈ હતી. પ્રારંભમાં એસઆઇટીની તપાસ પણ મંદબંધ ગતિએ શરૂ થઈ પરંતુ ત્યારબાદ જેલમાં રહેલા આઠે આરોપીઓના કબજો મેળવી એસઆઇટી એ ફરી રિમાન્ડ મેળવી સઘન પૂછપરછ હાથ થતા કોળી યુવાન ઉપર હુમલા ના ષડયંત્ર પાછળ અન્ય મોટા માથાઓ પણ સંડોવાયેલા હોવાનું ખુલવા પામ્યું હતું. જેના આધારે એસઆઇટીએ અન્ય પાંચ શખ્સોની પણ ધરપકડ કરી હતી. મહુવા શહેર ભાજપ ઉપપ્રમુખ સહિત બે શખ્સ એસઆઇટીના રડારમાં આવતા બંનેને બોલાવી નિવેદન નોંધવામાં આવ્યા હતા. નવનીતભાઈએ વિશેષ નિવેદનમાં ૧૫ જેટલા સજ્જડ પુરાવા આપ્યા બાદ એસઆઇટીના સકંજામાં જયરાજની ભૂમિકા સામે આવી હતી. જેથી જયરાજને પણ એસઆઇટીનું તેડું આવ્યું હતું અને બીજી વખત સમન્સ પાઠવી આખરે તેની પણ ધરપકડ કરી તેની સામે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રારંભમાં બગદાણાના તાત્કાલીન મહિલા પીઆઇ ડાંગર સામે ફરિયાદીના કહેવા મુજબ ગુનો દાખલ થવામાં ન આવતો હોવાનો આરોપ લાગ્યો હતો. ઘટનાના બીજા ત્રીજા દિવસે મહિલા ડીવાયએસપી ઝાલાએ જયરાજને ક્લીન ચીટ આપી દીધી હતી. મહુવા પીઆઈ પટેલ સામે પણ તપાસમાં બેદરકારી રાખવાનો આક્ષેપ થયો હતો. આ ત્રણેય અધિકારીઓ રડારમાં આવ્યા છે. અને રેન્જ આઈ.જી. ગૌતમ પરમારે ખાતાકીય તપાસ કરવા માટે ભાવનગર એસપી નિતેશ પાંડેયને આદેશ આપી દીધો છે. ■



ખોડીયાર જયંતી નિમિત્તે પ્રખ્યાત રાજપરા ખોડીયાર મંદિરે શ્રદ્ધાળુઓનો મોટો મેળાવડો જોવા મળ્યો હતો. ભારે ભક્તિભાવપૂર્વક માતાજીના પ્રાગટ્ય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. (તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# સમસ્ત કોળી-ઠાકોર સમાજે એક ફેબ્રુઆરીએ ભાવનગરમાં ન્યાય સભા યોજવાની જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બગદાણાના કોળી યુવક નવનીત બાલધિયા પર થયેલા હુમલા પ્રકરણમાં માયા આહીરના પુત્ર જયરાજ આહીર સામે ગુનો નોંધી ધરપકડ કરાયા બાદ પણ શાંત પડવાનું નામ નથી લઈ રહ્યો. જયરાજ આહીર સામેની કાર્યવાહી બાદ પણ સમસ્ત કોળી-ઠાકોર સમાજે એક ફેબ્રુઆરીએ ભાવનગરમાં ન્યાય સભા યોજવાની જાહેરાત કરી હતી. જીતુ વાઘાણીના મત વિસ્તારમાં આયોજિત આ ન્યાય સભા માટે શહેરના અલગ અલગ ૨૦૦ સ્થળે બેનર લગાવવામાં આવ્યાં છે. કોળી સમાજના સાંસદ અને ધારાસભ્યોને પણ ન્યાય સભામાં હાજર રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નવનીત બાલધિયાના સમર્થનમાં આગામી તા.૧ ફેબ્રુઆરીના રોજ કેબિનેટ પ્રધાન જીતુભાઇ વાઘાણીના મત વિસ્તારમાં જે કોળી સમાજ મતદારો મોટી સંખ્યામાં વસવાટ કરે છે તે વિસ્તારમાં કોળી સમાજ દ્વારા જંગી જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે જેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સભા સ્થળ મંડપ નાખવાની કામગીરી ચાલી રહી છે. તદઉપરાંત શહેરમાં જે જે સ્થળોએ કોળી સમાજ વસવાટ કરી રહ્યો છે જેમાં હાદાનગર, મેપાનગર, સત્યનારાયણ સોસાયટી, બોરતળાવ મફતનગર, ગણેશ ગઢ, બાનુબેનની વાડી કુંભારવાડા, નારીગામ, ફુલસર, સતનામ ચોક, રામદેવનગર કુંભારવાડા સહિતના અનેક વિસ્તારોમાં ૨૦૦ થી વધુ સમસ્ત કોળી - ઠાકોર સમાજ ન્યાય સભા આયોજિતના બેનરો લગાવામાં આવ્યાં છે.

આ અંગે કોળી સમાજના યુવા આગેવાને જણાવ્યું હતું કે ન્યાય સભાનું આયોજન છે. જેના અનુસંધાને રોજ રાત્રિના ભાવનગર શહેરના અનેક વિસ્તારોમાં મીટિંગો કરી લોકોને આ ન્યાય સભામાં આવવા આહવાન કર્યું છે. અમારો એક જ ધ્યેય છે કે અમારા સમાજના નવનીતભાઈ સાથે અન્યાય થયો છે એને ન્યાય મળે. આ જાહેરસભામાં શહેર જિલ્લામાંથી બહોળી સંખ્યામાં લોકો આવશે. આ ન્યાય સભામાં બધા ધારાસભ્યો અને સાંસદ સભ્યોને આમંત્રણ પાઠવ્યું છે. વધુમાં જણાવ્યું હતું કે આ બગદાણા પ્રકરણમાં પોલીસનો મુખ્ય રોલ છે, ડી.વી. ડાંગર, ઝાલા સાહેબ, પટેલ સાહેબ, સૌથી મોટી ભૂમિકા તો એમની જ છે એમની ઉપર પગલાં લેવાના છે. ■

# કચ્છના રાપરમાં નજીવી બાબતમાં પેટમાં છરી ઝીંકી યુવકની કરપીણ હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશની સુરક્ષા માટે અત્યંત સંવેદનશીલ એવા કચ્છમાં પણ હવે જાણે યુપી-બિહારની જેમ ગેંગવોર, હુમલા, સરાજાહેર હત્યા જેવા બનાવો બનવા એક આમ બાબત બની ચુકી છે તેવામાં રાપરના નવાપરા વિસ્તારમાં મકાન પાસે પૂરઝડપે કારમાં આંટાફેરાં કરી રહેલા એક યુવકને ઠપકો આપવા બદલ ૨૨ વર્ષના પ્રવીણ જગમાલ ભરવાડ નામના યુવકની છરી મારીને હત્યા કરી દેવાનો વધુ એક બનાવ બહાર આવતાં વાગડ પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

રાપર પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, થોડા દિવસો અગાઉ પ્રવીણ ભરવાડના ઘર પાસે કાર લઈને સતત આંટા મારી રહેલા આરોપી નીમેષ કિરીટભા ગઢવીને થોડા દિવસ અગાઉ પ્રવીણે નીમેષને ફોન કરીને ભૂંડી ગાળો ભાંડીને કરેલા ઝઘડાની અદાવત રાખીને ગત રવિવારે સાંજે સાતેક વાગ્યાના અરસામાં નીમેષે નગરપાલિકાના ડમ્પિંગ ગ્રાઉન્ડ નજીક ઉભેલા પ્રવીણને પેટમાં છરી ભોંકી, નાસી છૂટ્યો હતો. લાંબા સમય સુધી પ્રવીણ ઘરે ન આવતાં તેના પરિવારજનો તેને શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યા હતા. છરીનો ઘા નેનો લાગતો હોઈ પ્રવીણે હોસ્પિટલમાં જઈ સારવાર મેળવવાનો ઈન્કાર કરતાં સ્વજનો તેને ઘરે લઈ ગયા હતા.

દરમ્યાન, સવારે અચાનક પેટમાં અસહ્ય દુઃખાવો ઉપડતાં પરિવારજનો પ્રવીણને રાપરની સરકારી હૉસ્પિટલે લઇ ગયા હતા. સરકારી હૉસ્પિટલે ઈજા ગંભીર હોવાનું જણાવીને તેને ભુજ જી.કે. જનરલ હૉસ્પિટલ રીફર કર્યો ત્યારે સામખિયાળી નજીક રસ્તામાં જ તેણે દમ તોડી દીધો હતો. આ બનાવ અંગે હત્યાની કલમો તળે ગુનો નોંધી, આરોપી યુવકની ધરપકડ કરવા તજવીજ હાથ ધરાઈ છે. ■




પાંચ દિવસના કામકાજની માગણીના ટેકામાં રાજકોટની વિવિધ રાષ્ટ્રિયકૃત બૅન્કોના કર્મચારીઓ હડતાળમાં જોડાયા હતા, બૅન્ક કર્મીઓએ સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ગાંધીધામમાં આધેડને જીવતો સળગાવી દેવાના કેસમાં બે મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ શહેરના રોટરીનગર વિસ્તારમાં પાડોશીઓ દ્વારા એક અપરિણીત આધેડને ડીઝલ છાંટીને જીવતો સળગાવી દેવાના રાષ્ટ્રીય સ્તરે ચકચારી બનેલા પ્રકરણમાં, ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

આ ચકચારી ઘટનાના પગલે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકમાં હીરાભાઇ મહેશ્વરીની ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) સહિતની કલમો હેઠળ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.




(તસ્વીર- ઉત્સવ વૈદ્ય)

આ અંગે પોલીસ ઇન્સ્પેક્ટર એસ.વી. ગોજીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીધામના રોટરીનગર વિસ્તારમાં આવેલા સત્રા ઝૂંપડા વસાહત પાસે માતા સાથે રહેતા અપરિણીત એવા કરસન નામના આધેડને ઘરની બહાર ઓટલા પર બેસવા જેવી સામાન્ય બાબતે પડોશીઓ સાથે ઉગ્ર ઝઘડો થયો હતો. આ વિવાદ એટલો વકર્યો હતો કે આરોપીઓએ કરસનને પકડીને માર માર્યો હતો. જીવ બચાવવા માટે કરસન પોતાના ઘરના બાથરૂમમાં ભરાઈ ગયો હોવા છતાં આરોપીઓએ તેના પર ડીઝલ છાંટીને આગ ચાંપી દીધી હતી. ગંભીર રીતે દાઝી ગયેલા આધેડને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રામબાગ હૉસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નીપજ્યું હતું. મૃતકે તેના મરણોન્મુખ નિવેદનમાં આ સમગ્ર હકીકત જણાવી હતી. આ હત્યાકાંડમાં સંડોવાયેલા ત્રણ મુખ્ય આરોપીઓ બે મલિા અને ચિમનારામ ગોમારામ મારવાડી નામના શખ્સની ધરપકડ કરી લેવામાં આવી છે. ■

# કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાં સીટ બાબતે થયેલા વિવાદમાં ચાર અજ્ઞાત લોકો દ્વારા મુસાફર પર જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશની આર્થિક રાજધાની મુંબઈ અને કચ્છને જોડનારી કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરોની સુરક્ષાનો મુદ્દો ફરી એકવાર ઉઠ્યો છે. વાપી અને સુરત રેલવે સ્ટેશન વચ્ચે આ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક નિર્દોષ મુસાફર પર ચાર અજાણ્યા શખ્સો દ્વારા સીટ પર બેસવાના મુદ્દે સરાજાહેર જીવલેણ હુમલો કરવામાં આવતા સમગ્ર કોચમાં બેઠેલા મુસાફરોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

આ ગંભીર બાબત અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, ટ્રેનમાં બેસવાની સીટ બાબતે સામાન્ય બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. ચાર શખ્સોએ ઉશ્કેરાઈ જઈને એક મુસાફરને નિશાન બનાવી તેના માથાના ભાગે વાર કરીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલા બાદ ઈજાગ્રસ્ત મુસાફર લોહીલુહાણ હાલતમાં જોવા મળ્યો હતો. ટ્રેનમાં બનેલી આ ઘટનાને પગલે અન્ય મુસાફરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને લોકોએ સુરક્ષાના મુદ્દે ભારે હોબાળો મચાવ્યો હતો.કચ્છ એક્સપ્રેસમાં ખાસ કરીને વાપી, વલસાડ અને સુરત વચ્ચે ટિકિટ વગર ચડી જતા અપડાઉનીયા મુસાફરો અને ફેરિયાઓનો આતંક લાંબા સમયથી પ્રશ્ન બની રહ્યો છે.

આ ઘટનાને પગલે કચ્છી સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. સામાજિક અગ્રણીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે રેલવે પોલીસની નિષ્ક્રિયતાને કારણે આ સમસ્યા વિકટ બની છે. મુસાફરોએ માગ કરી હતી કે આ મામલે જવાબદાર હુમલાખોરો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે ટ્રેનમાં પોલીસ સુરક્ષા વધારવામાં આવે. આ મામલે રેલવે પોલીસ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# પ્રશાંત મહાસાગરમાં 'અલ-નિનો' એ ઉત્પન્ન કરેલા ઠંડા પવનો અને 'આર્કિટિક બ્લાસ્ટ'ની અસર હેઠળ કચ્છમાં હાડ થીજવતી ઠંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ, ગુજરાત અને સમગ્ર ઉત્તર ભારતમાં પડી રહેલી કાતિલ ઠંડી હજુ તાત્કાલિક પીછો છોડે તેમ નથી, પરંતુ મહત્વની બાબત એ છે કે, આવું તીવ્ર ઠંડીનું મોજું શા માટે જનજીવનને બેહાલ કરી રહ્યું છે.

મળતી વિગતો મુજબ, પ્રશાંત મહાસાગરમાં 'લા-નીના' ઈફેક્ટના કારણે વૈશ્વિક પવનોની પેટર્ન મજબૂત બનતાં હવાના ઊંચા દબાણ સર્જાયાં છે તેમજ વારંવાર પશ્ચિમી વિક્ષોભ ઊભા થઇ રહ્યા છે જેથી ભૂમધ્ય મહાસાગર પરથી બર્ફીલી હવાનો દૌર સતત વધી રહ્યો છે. આ ઉપરાંત, 'જેટ-સ્ટ્રીમ'ને કારણે બર્ફીલા પવનો આ તરફ પહોંચી રહ્યા છે. ખાસ કરીને કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા અને દેશના પાટનગર દિલ્હીના સપાટ મેદાની વિસ્તારોમાં ઠંડી હવા સ્થાયી થઇ જતી હોવાથી, ઠંડીનું આ મોજું અકળાવનારું બની રહ્યું છે. આવી પરિસ્થિતિને વૈજ્ઞાનિક ભાષામાં 'આર્કિટિક બ્લાસ્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

દરમ્યાન કચ્છમાં ઠંડીનું મોજું જનજીવનને પ્રભાવિત કરી રહ્યું છે અને નલિયા ખાતે લઘુતમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ રહેવા પામ્યું છે, તો ભુજ ખાતે લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સિયસ, બંદરીય કંડલા ખાતે ૧૩ ડિગ્રી સે. નોંધાવા પામ્યું છે. જો કે રાહતની વાત એ છે કે મહત્તમ તાપમાન હવે ધીમે ધીમે વધી રહ્યું હોઈ, અને તે હવે ૨૮ ડિગ્રી સે.થી ૩૦ ડિગ્રી સે.ના ઝોનમાં આવી રહ્યું હોવાથી બપોરના ભાગે એકંદરે ઠંડીમાં રાહત રહેશે. ■

# ભાવનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે ૭૭ મા પ્રજાસતાક દિવસ અંતર્ગત ધ્વજવંદન સમારોહ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ૨૬મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સવારે ૧૦ કલાકે ભાવનગર શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહની અધ્યક્ષતામાં શહેર ભાજપ કાર્યાલય ખાતે પ્રજાસત્તાક દિવસ અંતર્ગત ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું.

ધ્વજરક્ષક ભરતભાઇ મોણપરાએ કુમારભાઈને રાષ્ટ્રધ્વજ સુધી દોર્યા હતાં. રાષ્ટ્રગીત સાથે સૌ ઉપસ્થિતોએ ધ્વજ વંદન કર્યું હતું, અંતે ભારતમાતા કી જય અને વંદે માતરમના નારાઓ ગુંજી ઊઠ્યા હતા. અધ્યક્ષ કુમારભાઈએ ઉપસ્થિત આગેવાનો અને કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, હાલ શહેરમાં ૧૪૦૦ કરોડ કરતા વધુ રકમના કામો શરૂ છે તેમજ પશ્ચિમ વિધાનસભા ક્ષેત્રમાં ઓડિટોરિયમ હોલ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. શહેરમાં ૪૦ જેટલી બસોનું વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીના હસ્તે લોકાર્પણ થશે, આ બસો ૨૮ જેટલા વિસ્તારોને આવરી લેશે તેમજ ૧૭૦ જેટલા સ્થળો પર તેનું સ્ટોપ રહેશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઓવરબ્રિજની નીચે જિમ તેમજ ટેબલ ટેનિસ જેવી ઇન્ડોર રમતો રમી શકાય તેવી વ્યવસ્થા સહિત ઘણા પ્રકલ્પો અંગે લોકોને જણાવ્યું હતું. પ્રમુખના ઉદ્બોધન બાદ બે દાયકાથી ગરીબો માટે અનાજની કિટ વિતરણ કરતા પાર્શ્વભક્તિ ચેરિટેબલ ટ્રસ્ટ. તેમજ અઢાર વર્ષથી વંચિત બાળકોને શિક્ષણ આપતા સ્નેહા ફાઉન્ડેશન તેમજ ૧૫ વર્ષથી ઘાયલ પક્ષીઓની શુશ્રૂષા અને રક્તદાન શિબિર કરતી રાજહંસ નેચર કલબ તેમજ વિધવા બહેનોને કિટ વિતરણ કરતી સંસ્થા સહિત વિવિધ પાંચ સંસ્થાઓનું સ્મૃતિચિન્હ આપીને સન્માન કરાયું હતું. આ ધ્વજવંદન કાર્યક્રમમાં મેયર ભરતભાઇ બારડ સહિત મનપાના પદાધિકારીઓ અને નગરસેવકો, પૂર્વ પ્રમુખો- મહામંત્રીઓ સહિત પૂર્વ હોદ્દેદારો, વરિષ્ઠ આગેવાનો, તમામ સેલ મોરચા અને સમિતિઓના હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. ■

# સુરેન્દ્રનગરના લીંબડી-રાજકોટ હાઈ વે પર ખાનગી બસ પલટી, જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-રાજકોટ હાઈ વે પર એક ખાનગી બસ પલટીન ખાઈ ગઈ હતી. સદ્નસીબે જાનહાનિ ટળી હતી, પરંતુ ૧૦ મુસાફર ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અમદાવાદથી રાજકોટ જઈ રહેલી ખાનગી બસ લીંબડી પહોંચી હતી. ત્યાં ડ્રાઇવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા બસે પલટી મારી હતી અને અકસ્માત સર્જાયો હતો, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. મુસાફરો થોડા સમય માટે હેબતાઈ ગયા હતા અને દોડભાગ મચી હતી. દસ જણને ઈજા થઈ હતી, જેમને સારવાર આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અકસ્માત થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે દોડી આવી હતી. વધુ ઈજા થયેલા મુસાફરોને રાજકોટ સારવાર માટે લઈ જવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે બસ ડ્રાઇવર ભાગી છૂટ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# રાજકોટમાં ચાર જણે આપઘાત કરી જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આપઘાતના કેસમાં ચિંતાજનક વધારો જોવા મળે છે. એકલા રાજકોટ શહેરમાં મંગળવારે ચાર યુવાનવયના લોકોએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

રાજકોટના જગન્નાથ પ્લોટમાં રહેતા ૨૮ વર્ષીય યશ લાખાભાઈ વાળા પોતાના પીજી રૂમમાં એકલો હતો ત્યારે તેણે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. યશ અપરિણીત હતો અને સેલોમાં નોકરી કરતો હતો. પોતે પહેલા કામમાં આગળ વધવા માગતો હતો અને પછી લગ્ન કરવાની વાત કરતો હતો. યશના આપઘાતનું કારણ હજુ જાણવા મળ્યું નથી.

અન્ય એક કેસમાં રાજકોટમાં પારેવડી ચોક પાસે રહેતા મહેન્દ્રભાઈ મકવાણા (૪૪)એ પણ ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બે સંતાનના પિતા મહેન્દ્રભાઈ બીએસએનએલમાં હેલ્પર તરીકે કામ કરતા હતા અને ઘરકંકાસને કારણે આપઘાત કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

અન્ય એક કેસમાં ૨૦ વર્ષીય પાયલ બાંભવા નામની યુવતીએ પણ ઘરે જ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. પાયલના છૂટાછેડા થયા હતા અને અગાઉ પણ તેણે આપઘાતની કોશિશ કરી હતી. પોતે એક ઈમારત પરથી કૂદકો માર્યો હતો અને ઈજાઓને લીધે પરેશાન હતી, તેવી માહિતી મળી હતી.

રાજકોટના મોરબી રોડ પર રાજલક્ષ્મી સોસાયટી ફાટક પાસે અજાણ્યો યુવાન ટ્રેન હેઠળ કપાઇ જતા ૧૦૮ના સ્ટાફે મૃત જાહેર કરી બી ડિવિઝન પોલીસને જાણ કરતા જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી તેની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી. દરમિયાન તેની ઓળખ મળતા તે મુળ ધ્રાંગધ્રાનો વતની અને હાલ રાજકોટમાં ગોંડલ ચોકડી પાસે આવેલી રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં એકલો રહેતો ગૌતમ મગનભાઈ પરમાર (ઉ.વ.૩૮) હોવાનુ જાણવા મળ્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઇ એક બહેનમાં નાનો અને મજૂરી કામ કરતો હોવાનુ સામે આવ્યું છે. તેને સંતાનમાં બે પુત્રો હોવાનુ જાણવા મળ્યુ છે. મૃતકે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધાની શંકાના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■